GJSR010032032018

| | | | | |
|---|---|---|---|---|
| રજૂ તારીખ | : ૧૭.૦૪.૨૦૧૮ | | | |
| દાખલ તારીખ | : ૧૭.૦૪.૨૦૧૮ | | | |
| ફેંસલ તારીખ | : ૧૩.૦૩.૨૦૨૫ | | | |
| અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૬ | ૧૦ | ૨૪ |

**આંક –**

सत्यमेव जयते

**ફોર્મ–'એ'**

**સુરતના મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રીની**
**કોર્ટ સમક્ષ, મુ.સુરત**

[ચૂકાદા તારીખઃ ૧૩.૦૩.૨૦૨૫]

**સેશન્સ કેસ નં.૧૭૯/૨૦૧૮**

(કાપોદ્રા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજિ. નં.૧૩૫/૨૦૧૬)

ફરિયાદીઃ **શ્રી સરકાર.**

**ફરિયાદ પક્ષ તરફે વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસિક્યુટર**
**સુ.શ્રી વી.સી.પંચાલ**

વિરુદ્ધ

આરોપીઃ **પારૂલબેન તે અનુભાઈ રાણીંગાની દીકરી,**
ઉં.૩૨ વર્ષ, ધંધોઃ ઘરકામ,
રહેવાસીઃ સ્વર્ગ રેસીડેન્સી, પુણાગામ, સુરત,
મૂળ રહે. ઘેંટી, તા.પાલીતાણા,
જિ.ભાવનગર.

## આરોપી તરફે વિ.વકીલશ્રી એન.એમ.વઘાસીયા

## ફોર્મ–'બી'

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૨.૧૦.૨૦૧૬ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૨૮.૧૦.૨૦૧૬ |
| ચાર્જશીટ તારીખ | ૦૫.૦૨.૨૦૧૭ |
| તહોમતનામું ઘડ્યા તારીખ | ૧૩.૦૧.૨૦૨૦ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૨૮.૦૨.૨૦૨૦ |
| ચૂકાદા પર રાખ્યા તારીખ | ૧૨.૦૩.૨૦૨૫ |
| ચૂકાદા તારીખ | ૧૩.૦૩.૨૦૨૫ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | ૧૩.૦૩.૨૦૨૫ |

## આરોપીની વિગતો

| આરોપી ક્રમાંક | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર મુક્ત કર્યા તારીખ | આક્ષેપિત ગુના | છોડી મૂકેલ છે કે સજા કરેલ છે | કરવામાં આવેલ સજા | ફો.કા.સં. ની કલમ–૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો **વર્ષ–માસ–દિ.** |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પારૂલબેન તે અનુભાઈ રાણીંગાની દીકરી | ૨૯.૧૦.૨૦૧૬ | ૦૯.૧૧.૨૦૧૬ | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬, ૩૮૩, ૩૮૪ મુજબનો. | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ ના ગુના માટે સજા કરેલ છે, જ્યારે કલમ–૩૮૩, ૩૮૪ મુજબના ગુનામાં છોડી મૂકવામાં આવેલ છે. | આખરી હુકમ મુજબ | ૦–૦–૧૧ |

## ફોર્મ–'સી'

## એ. ફરિયાદ પક્ષ તરફેના શાહેદોનું લીસ્ટઃ–

| શાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| | | **મુખ્ય શાહેદો** | |
| ૫ | ૨૬ | ભાવેશભાઈ મુકેશભાઈ લોઢીયા | ફરિયાદી (મરણ જનાર મુકેશભાઈના મોટા દીકરા) |
| ૬ | ૨૯ | નિલેશભાઈ મુકેશભાઈ લોઢીયા | મરણ જનાર મુકેશભાઈના નાના દીકરા |
| ૮ | ૩૧ | દિનેશભાઈ વજુભાઈ લુંભાણી | મરણ જનારના સંબંધી |
| ૧૦ | ૩૩ | મનોજભાઈ વિનુભાઈ લુંભાણી | મરણ જનારના જમાઈ |
| | | **સ્વતંત્ર શાહેદો** | |
| ૩ | ૨૧ | અશોકભાઈ દેવજીભાઈ લાંગડીયા | સ્વતંત્ર શાહેદ **[વિમુખ]** |
| ૭ | ૩૦ | લક્ષ્મણભાઈ દુદાભાઈ પટેલ | મરણ જનારના પડોશી |
| ૯ | ૩૨ | રણછોડભાઈ જીવરાજભાઈ ભંડેરી | મરણ જનારના મિત્ર |
| ૧૪ | ૫૬ | મૃદુલ ઉપેન્દ્રભાઈ ભટ્ટ | વોડાફોન આઈડિયા લિ. ના નોડલ ઓફિસર |
| | | **તબીબ શાહેદ** | |
| ૪ | ૨૩ | ડૉ.દિપકભાઈ વિનોદભાઈ ગઢીયા | મરણ જનારની લાશનું શબ પરીક્ષણ કરનાર તબીબ |

| | | | |
|---|---|---|---|
| | | **પંચ શાહેદો** | |
| ૧ | ૧૧ | સુરેશભાઈ હંસરાજભાઈ લોઢીયા | મરણોત્તર પંચનામા **(આંક-૧૦)** તથા ગુનાવાળી જગ્યાના પંચનામા **(આંક-૧૨)** ના પંચ શાહેદ |
| ૨ | ૧૩ | પીયુષભાઈ રમણીકભાઈ રાણીંગા | મરણ જનારની સ્યુસાઈડ નોટ તથા તેના કુદરતી લખાણો ધરાવતી નોટબુક કબજે લેવા અંગેના પંચનામા **(આંક-૧૪)** ના પંચ શાહેદ |
| | | **પોલીસ શાહેદો** | |
| ૧૧ | ૩૬ | શંકરભાઈ રણછોડભાઈ પટેલ | અકસ્માત મોત નોંધ નં.૧૮૮/૨૦૧૬ ની તપાસ કરનાર એ.એસ.આઈ. |
| ૧૨ | ૩૯ | શાંતારામ બાજીરાવ પાટીલ | પી.એસ.ઓ. |
| ૧૩ | ૪૩ | વિક્રમસિંહ ભારતસિંહ કોઠીયા | તપાસ કરનાર અધિકારી |

બચાવ પક્ષ તરફે કે કોર્ટ દ્વારા કોઈ શાહેદો તપાસવામાં આવેલ નથી.

## એ. ફરિયાદ પક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટઃ-

| અનુ. નં. | આંક/ શાહેદ નં. | વિગત |
|---|---|---|
| ૧ | ૧૦ | મરણોત્તર પંચનામું<br>(બચાવ પક્ષની સંમતિથી આંકે પાડેલ છે.) |
| ૨ | ૧૨/૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |

| | | |
|---|---|---|
| ૩ | ૧૪/૨ | મરણ જનારની સ્યુસાઈડ નોટ તથા તેના કુદરતી લખાણો ધરાવતી નોટબુક કબજે લેવા અંગેનું પંચનામું |
| ૪ | ૧૫/૨<br>૧૬/૨ | મરણ જનારની સ્યુસાઈડ નોટ |
| ૫ | ૧૭/૨<br>૧૮/૨ | મરણ જનારની સ્યુસાઈડ નોટ સાથે રાખવામાં આવેલ પંચ સ્લીપ |
| ૬ | ૧૯/૨ | મરણ જનારના કુદરતી લખાણ ધરાવતી નોટબુક |
| ૭ | ૨૦/૨ | મરણ જનારના કુદરતી લખાણ ધરાવતી નોટબુક સાથે રાખવામાં આવેલ પંચ સ્લીપ |
| ૮ | ૨૪/૪ | શબ પરીક્ષણ માટેની પોલીસ યાદી |
| ૯ | ૨૫/૪ | શબ પરીક્ષણ અહેવાલ |
| ૧૦ | ૨૭/૫ | ફરિયાદ |
| ૧૧ | ૩૭/૧૧ | એફ.એસ.એલ. ને લખવામાં આવેલ પત્ર અને મુદ્દામાલ રવાનગી નોંધ |
| ૧૨ | ૩૮/૧૧ | એફ.એસ.એલ. ને મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ |
| ૧૩ | ૪૦/૧૨ | સ્ટેશન ડાયરીના ઉતારાની નકલ |
| ૧૪ | ૪૧/૧૨ | અકસ્માત મોત નોંધના ઉતારાની નકલ |
| ૧૫ | ૪૪/૧૩ | મરણ જનારનો ઈ.સી.જી. રીપોર્ટ અને બ્લડ રીપોર્ટ |
| ૧૬ | ૪૫/૧૩ | ફરિયાદી ભાવેશભાઈએ તપાસ કરનાર અધિકારી સમક્ષ રજૂ કરેલ એક ડી.વી.ડી. અને પેન ડ્રાઈવ |
| ૧૭ | ૪૬/૧૩ | એફ.એસ.એલ. ને લખવામાં આવેલ રવાનગી પત્ર |

| | | |
|---|---|---|
| ૧૮ | ૪૭/૧૩ | પોલીસ કમિશ્નરશ્રીને હસ્તાક્ષર નિષ્ણાંતને નમૂના મોકલાવા માટે લખવામાં આવેલ પત્ર |
| ૧૯ | ૪૮/૧૩ | હસ્તાક્ષર નિષ્ણાંતને અભિપ્રાય આપવા બાબતે લખવામાં આવેલ પત્ર |
| ૨૦ | ૪૯/૧૩ | એફ.એસ.એલ. ને મુદ્દામાલ મળ્યાની પહોંચ |
| ૨૧ | ૫૦/૧૩ | એફ.એસ.એલ. નો રવાનગી પત્ર અને અહેવાલ |
| ૨૨ | ૫૧/૧૩ | મોબાઈલ નં.૯૫૭૪૦૪૯૩૪૩, નં.૮૪૬૦૦-૭૧૧૬૨ તથા નં.૯૮૨૪૯-૬૨૦૯૮ ના સી.ડી.આર. મેળવવા માટે લખવામાં આવેલ યાદી |
| ૨૩ | ૫૨/૧૩ | આરોપી તથા મરણ જનારની કોલ ડિટેઈલ |
| ૨૪ | ૬૯ | એફ.એસ.એલ. નો રવાનગી પત્ર અને ઝેરશાસ્ત્ર વિભાગનો પરીક્ષણ અહેવાલ<br>(બચાવ પક્ષની સંમતિથી આંકે પાડેલ છે.) |

**બી.** બચાવ પક્ષ તરફે કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ નથી.

**સી.** કોર્ટ તરફે કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ નથી.

**ગુનોઃ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૬, ૩૮૩, ૩૮૪ મુજબનો.**

## ચૂકા દો

(૧) આ કામના ઉપરોક્ત નામ જણાવેલા આરોપી વિરુદ્ધ **ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૬, ૩૮૩, ૩૮૪** મુજબના ગુના સબબ સુરતના તત્કાલિન વિ.૧૩મા અધિક સત્ર ન્યાયાધીશ દ્વારા **આંક-૫** થી **તારીખઃ ૧૩.૦૧.૨૦૨૦** ના રોજ તહોમતનામું ફરમાવવામાં આવેલ છે.

(૨) ફરિયાદ પક્ષના **કેસની ટૂંકમાં હકીકત** એવી છે કે,

**/એ/** આ કામના ફરિયાદી ભાવેશભાઈ મુકેશભાઈ લોઢીયા તેમના પરીવાર સાથે ૨૩૬, સંતોષ નગર, નવચેતન સ્કૂલની સામે, મારૂતી ચોક, એલ.એચ.રોડ, વરાછા, સુરત ખાતે રહે છે; તેમના પિતા મુકેશભાઈ ધીરૂભાઈ લોઢીયા તેમની સાથે રહેતા હતા, જેઓ તારીખઃ ૧૨.૧૦.૨૦૧૬ ના રોજ અવસાન પામેલ છે; તેમના માતા ફરિયાદ નોંધાવ્યાના ચાર વર્ષ અગાઉ કેન્સરની બિમારીના કારણે અવસાન પામેલ છે; તેમના પિતાજીને કોઈની સાથે આડા સંબંધો ન હતા.

ફરિયાદીએ તેમની ફરિયાદમાં વધુમાં જણાવેલ છે કે, તેમના પિતાજી જીવિત હતા ત્યારે લોકોના સુખ દુઃખમાં સહાય કરતા હતા; ફરિયાદ નોંધાવ્યાના એક વર્ષ અગાઉ તેમના સમાજના પારૂલબેન રાણીંગા (આરોપી) કે જે અપરિણીત છે, તેની અને તેના પરીવારની આર્થિક સ્થિતિ ખરાબ હોઈ, ઘરમાં અનાજ–પાણીથી માંડીને જીવન જરૂરીયાતની વસ્તુઓ તેમજ પૈસા તેમના પિતાજી અવારનવાર તેણીને આપી મદદરૂપ થતા હતા, જે હકીકત તેમના પિતાજીએ તેમને જે તે સમયે જણાવેલ હતી; ફરિયાદ નોંધાવ્યાના એક માસ અગાઉથી તેમના પિતાજી કોઈ માનસિક તાણ હેઠળ જીવતા હોય, તેવું લાગતું હતું; આવું તેમને તેમના વાણી–વર્તન પરથી લાગેલ; જેથી તેમણે તેમના પિતાને 'શું વાત છે? તમે આટલા બધા ટેન્શનમાં કેમ રહો છો?' તેવું પૂછતા, તેમણે ઘરના બધા સભ્યો ભેગા થશે ત્યારે જણાવીશ, તેમ કહેલ. જેથી તેમણે તેમના કુટુંબી ભાઈ સુરેશભાઈ હંસરાજભાઈ લોઢીયા તથા તેમના બનેવી મનોજભાઈ વિનુભાઈ લુંભાણીને તેમના ઘરે બોલાવેલ; આ સમયે તેમના પિતાએ તેઓ બધાને કહેલ કે, "હું

એક વર્ષથી આ પારૂલબેન રાણીંગાને મદદ કરતો આવેલ છું, મારે તેમની સાથે કોઈ આડા સંબંધો નથી, તેમ છતાં પારૂલબેન મને સમાજમાં બેઆબરૂ કરી દઈશ તેવું કહે છે; મેં પારૂલબેનને સહાય કરવાનું બંધ કરી દીધેલ છે"; ત્યાર પછી આ પારૂલબેન તેમના પિતાજીને તેના મોબાઈલ નં.૯૮૨૪૯૬૨૦૯૮ પરથી ફોન કરી, વાતચીત કરી, અવારનવાર માનસિક તાણ આપતા હતા; ત્યારથી તેમના પિતાજી સતત માનસિક તાણમાં જીવતા હતા; ત્યાર બાદ તેમના પિતાજીએ તારીખઃ ૧૨.૧૦.૨૦૧૬ ના રોજ પારૂલબેનના દુષ્પ્રેરણના કારણે માનસિક તાણમાં આવી, ઝેરી દવા પી લીધેલ અને તે ટૂંકી સારવાર દરમ્યાન અવસાન પામેલ છે; ત્યાર પછી તેમને આ પારૂલબેનના બનેવી ભાવેશભાઈ તથા તેમના તેમના ગામના અશોકભાઈ ઘેટીએ તેમના પિતાને પારૂલબેનનો વિડીયો બતાવેલ, તે વિશે તેમને વાત કરેલ; જે વાત તેમને હિતેશભાઈ વજુભાઈ લુંભાણીએ કહેલ અને જણાવેલ કે, "તમારા પિતાએ મને પારૂલબેનનો વિડીયો જોયેલ, તે વિશે પારૂલબેનના ઘરે જઈ, પારૂલબેન તથા તેના ઘરના સભ્યોને આ વિડીયો બાબતે બોલેલ".

ફરિયાદીએ તેમની ફરિયાદમાં વધુમાં જણાવેલ છે કે, અગાઉ તેમના પિતાજી જીવતા હતા ત્યારે તેમના તેમના પિતાજીને ફોન પર પારૂલબેન સાથે વાતચીત કરતા ત્યારે તેમના પિતાજી બોલતા હતા કે, "પારૂલ તું મને હેરાન કરવાનું બંધ કરી દે, મેં તમને મદદ કરી અને તું મને જ બદનામ કરશે, હવે હું તારી વાતોથી કંટાળી ગયેલ છું"; તેમણે તેમના પિતાને આવી વાત કરતા સાંભળેલ અને જોયેલ છે; પારૂલબેન સાથેની ફોન પર આવી વાતચીતના કારણે તેમના પિતાજી હતાશામાં રહેતા હતા અને પારૂલબેને આ રીતે દબાણવાળી વાતચીત કરી, તેમના પિતાને માનસિક તાણમાં લાવી

આપઘાત માટેની દુષ્પ્રેરણા કરતા તેમના પિતાજીએ પારૂલબેનની રહેઠાણવાળી જગ્યાએ જઈ, ઝેરી દવા પી લેતાં, તે સારવાર દરમ્યાન મરણ ગયેલ છે. તેમના ભાઈ નિલેશે તેમના પિતાએ આપેલ સ્યુસાઈડ નોટ તેમને આપતા, તે તેમણે ફરિયાદ સાથે રજૂ કરેલ છે. સદર હકીકતો બાબતે ફરિયાદીએ આરોપી વિરુદ્ધ તારીખઃ ૨૮.૧૦.૨૦૧૬ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર રૂબરૂ ફરિયાદ જાહેર કરેલ.

**ફરિયાદ બાદની તપાસનો ટૂંક સારઃ**

**/બી/** મરણ જનાર મુકેશભાઈએ તારીખઃ ૧૨.૧૦.૨૦૧૬ ના રોજ ઝેરી દવા પી લેતાં સારવાર દરમ્યાન અવસાન પામેલ; આ સંબંધે સૌપ્રથમ **પી.એસ.ઓ. શાંતારામ બાજીરાવ પાટીલ (શાહેદ નં.૧૨, આંક–૩૯)** એ અકસ્માત મોત નોંધ નં.૧૮૮/૨૦૧૬ દાખલ કરેલ, જેની તપાસ **એ.એસ.આઈ. શંકરભાઈ રણછોડભાઈ પટેલ (શાહેદ નં.૧૧, આંક–૩૬)** કરતા હતા, જેમણે પંચોની હાજરીમાં **મરણ જનારની લાશનું મરણોત્તર પંચનામું (આંક–૧૦)** કરેલ અને લાશને શબ પરીક્ષણ માટે મોકલી આપેલ; આ ઉપરાંત તેમણે પંચોની હાજરીમાં **આંક–૧૨ નું ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ**; લાગતા–વળગતા શાહેદોના નિવેદનો નોંધેલ અને કબજે લેવામાં આવેલ મુદ્દામાલને એફ.એસ.એલ. ખાતે પરીક્ષણ અર્થે મોકલી આપેલ. ત્યાર બાદ સદર ગુનો કાપોદ્રા પોલીસ સ્ટેશનની હકૂમતનો હોઈ, **કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોત નોંધ નં.૧૨૨/૨૦૧૬** દાખલ થયેલ. ત્યાર બાદ ફરિયાદીએ હાલના ગુનાની ફરિયાદ નોંધાવતા અને હાલનો ગુનો દાખલ થતાં, તેની તપાસ **પી.એસ.આઈ. વિક્રમસિંહ ભારતસિંહ કોઠીયા (શાહેદ નં.૧૩, આંક–૪૩)** ને સોંપવામાં આવેલ; ફરિયાદીએ ફરિયાદ સાથે રજૂ કરેલ મરણ જનારની સ્યુસાઈડ નોટ તથા

તેમના હસ્તાક્ષરની નોટબુક **આંક–૧૪** ના પંચનામાની વિગતે કબજે લીધેલ. ત્યાર બાદ તેમણે આ સ્યુસાઈડ નોટ અને મરણ જનારના હસ્તાક્ષર ધરાવતી નોટ સરખામણી માટે હસ્તાક્ષર નિષ્ણાંતને મોકલાવેલ; મરણ જનાર અને આરોપીના સી.ડી.આર. મેળવવા જરૂરી કાર્યવાહી કરેલ; લાગતા–વળગતા શાહેદોના નિવેદનો નોંધેલા અને તપાસના અંતે આરોપી વિરુદ્ધ પૂરતા પુરાવા જણાતા **આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬, ૩૮૩, ૩૮૪ મુજબના ગુનાનું ચાર્જશીટ** સુરતના વિ.૫મા એડિશ્નલ સિવિલ જજ અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં દાખલ કરતાં તે **ફોજદારી મુકદ્દમા નં.૪૭૩૭/૨૦૧૭** થી રજિસ્ટરે લેવામાં આવેલ.

## કમિટલ કાર્યવાહીઃ

**/સી/** આરોપી વિરુદ્ધ સુરતના વિ.૫મા એડિશ્નલ સિવિલ જજ અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં ચાર્જશીટ રજૂ થતાં તે ફોજદારી મુકદ્દમા **નં.૪૭૩૭/૨૦૧૭** થી રજિસ્ટરે લીધા બાદ, વિ.મેજિસ્ટ્રેટશ્રીએ આરોપીને તેમના વિરુદ્ધના કેસ કાગળોની નકલો પૂરી પાડેલ. આરોપી વિરુદ્ધના આક્ષેપિત ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ફક્ત સત્ર ન્યાયાલયને હોઈ, સુરતના વિ.૫મા એડિશ્નલ સિવિલ જજ અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીએ આરોપીઓ સામેનો સદર કેસ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૯ અન્વયે તારીખઃ ૦૫.૦૮.૨૦૧૭ ના રોજ સેશન્સ કમિટ કરતાં, તે અત્રેની અદાલતમાં **સેશન્સ કેસ નં.૧૭૯/૨૦૧૮** થી નોંધવામાં આવેલ.

## કેસની પ્રાથમિક કાર્યવાહીઃ

(૩) ઉપરોક્ત સેશન્સ કેસ દાખલ થયા બાદ ન્યાયિક કાર્યવાહી માટે સુરતના વિ.૧૩મા અધિક સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટમાં તબદિલ કરવામાં આવેલ; આરોપી જામીન મુક્ત હોઈ, સુરતના તત્કાલિન વિ.૧૩મા અધિક સત્ર ન્યાયાધીશશ્રીની અદાલત સમક્ષ હાજર થતાં તેમને તેમના વિરુદ્ધના કેસના કાગળોની નકલો મળી ગયાની ખાતરી કરવામાં આવેલ; સદર આરોપી સ્વખર્ચે વકીલ રોકી પોતાનો કાનૂની બચાવ કરવા માંગતા હોવાનું જાહેર કરતાં સુરતના તત્કાલિન વિ.૧૩મા અધિક સત્ર ન્યાયાધીશશ્રીએ આરોપી વિરુદ્ધ **આંક–૫** થી **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬, ૩૮૩, ૩૮૪** મુજબના ગુના સબબ તહોમતનામું ફરમાવેલ; આરોપીને તેમના વિરુદ્ધના ગુના સબબ તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવતા, આરોપીએ તેમના આંક–૬ ના નિવેદનથી સદર ગુનો કર્યાનો ઈન્કાર કરી, કેસ આગળ ચલાવવા માંગણી કરતાં ફરિયાદ પક્ષનો કેસ આગળ ચલાવવામાં આવેલ. ત્યાર બાદ પુરાવો નોંધવાના તબક્કે સદર કેસ અત્રેની કોર્ટમાં તબદિલ થયેલ છે.

**પુરાવો નોંધવાની કાર્યવાહીઃ**

(૪) આરોપી વિરુદ્ધ આંક–૫ થી ફરમાવવામાં આવેલા તહોમતનામાની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફે ઉપરોક્ત **ફોર્મ–'સી'** માં જણાવ્યા મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે.

**આરોપીનું વિશેષ નિવેદનઃ**

(૫) ત્યાર બાદ ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ **આંક–૭૧** થી ફરિયાદ પક્ષનો પુરાવો પૂરો થયાનું જાહેર કરતાં, આરોપીને તેમના વિરુદ્ધ

રજૂ થયેલા પુરાવા અંગે ખુલાસો કરવાની પૂરતી તક મળી રહે, તે હેતુથી **ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩** મુજબ **આરોપીનું વિશેષ નિવેદન** નોંધવામાં આવેલ છે; જેમાં આરોપીએ ફરિયાદ પક્ષના તમામ પુરાવાનો મહદ્ અંશે ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે; તેમણે કહેવાતો કોઈ ગુનો કરેલ નથી; ફરિયાદીએ તદ્દન ખોટી રીતે દ્વેષભાવ રાખીને પાછળથી ઉભા કરેલા ખોટા પુરાવાના આધારે ખોટી ફરિયાદ કરી, તેમને આરોપી તરીકે સંડોવી દીધેલ છે અને ત્યાર બાદ તેમના વિરુદ્ધ ખોટા પુરાવા રજૂ કરી ખોટું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૬) ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલા ઉપરોક્ત તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. પુરાવાના અંતે **ફરિયાદ પક્ષ** તરફે **વિ.એ.પી.પી.સુ. શ્રી વી.સી.પંચાલ**ની તેમજ **આરોપી** તરફે **વિ.વકીલશ્રી એન.એમ.વઘાસીયા**ની સવિસ્તૃત દલીલો સાંભળવામાં આવેલ છે. આરોપી તરફેના વિ.વકીલશ્રીએ આંક–૭૩ થી લેખિત દલીલ પણ રજૂ કરેલ છે, તે વંચાણે લીધી.

(૭.૧) ફરિયાદ પક્ષ તરફે **વિ.એ.પી.પી. સુ. શ્રી વી.સી.પંચાલે** મુખ્યત્વે એવી દલીલ કરેલ છે કે, આરોપી વિરુદ્ધ મરણ જનાર પાસે ખંડણી માંગવાના અને મરણ જનાર મુકેશભાઈને આત્મહત્યામાં મદદગારી–દુષ્પ્રેરણ કરવાના આક્ષેપ છે. જે આક્ષેપ પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ દ્વારા કુલ ૧૪ શાહેદોનો મૌખિક પુરાવો રજૂ કરવામાં આવેલ છે અને તેને સંલગ્ન દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલ છે. તેમણે ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલા તમામ પુરાવાઓ પર આ કોર્ટનું ધ્યાન દોરી રજૂઆત કરેલ છે, જેનો સારાંશ એવો છે કે, આ કામે ફરિયાદ પક્ષે આંક–૧૫ અને ૧૬ થી

મરણ જનારની સ્યુસાઈડ નોટ રજૂ કરેલ છે અને આંક–૧૯ થી મરણ જનારના કુદરતી લખાણ ધરાવતી નોટબુક રજૂ કરેલ છે. સદર બંને દસ્તાવેજી પુરાવાઓ આંક–૧૪ ના પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલ છે, જેને શાહેદ નં.૨ પંચ પીયુષભાઈ રમણીકભાઈ રાણીંગાના મૌખિક પુરાવાથી તેમજ શાહે નં.૧૩ તપાસ કરનાર અધિકારીના મૌખિક પુરાવાથી સમર્થન પ્રાપ્ત થાય છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, આંક–૧૫ અને ૧૬ થી રજૂ કરવામાં આવેલ મરણ જનારની સ્યુસાઈડ નોટ તથા આંક–૧૯ થી રજૂ કરવામાં આવેલ મરણ જનારના કુદરતી લખાણ ધરાવતી નોટબુકનું એફ.એસ.એલ. ના હસ્તાક્ષર નિષ્ણાંત પાસે પરીક્ષણ કરાવવામાં આવેલ છે અને તે સંબંધે આંક–૫૦ થી એફ.એસ.એલ. નો અહેવાલ રજૂ કરેલ છે, જે વંચાણે લેતાં, આંક–૧૫–૧૬ અને આંક–૧૯ ના દસ્તાવેજોમાંના લખાણો એક જ વ્યક્તિના છે. આમ, ઉપરોક્ત મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ આધારે એ હકીકત પુરવાર થાય છે કે, આંક–૧૫ અને ૧૬ ની સ્યુસાઈડ નોટમાંના હસ્તાક્ષર મરણ જનારના હતા.

**(૭.૨) વિ.એ.પી.પી. સુ.શ્રી પંચાલે વધુમાં રજૂઆત કરેલ છે કે,** ફરિયાદ પક્ષના શાહેદ નં.૫ ફરિયાદી ભાવેશભાઈ મુકેશભાઈ લોઢીયા તથા શાહેદ નં.૬ નિલેશભાઈ મુકેશભાઈ લોઢીયાના મૌખિક પુરાવા અનુસાર, મરણ જનાર સમાજના લોકોને આર્થિક સહાય પૂરી પાડતા હતા અને અન્ય રીતે મદદ કરતા હતા અને આ પ્રમાણે તેમણે આરોપીને પણ મદદ કરેલ. મરણ જનારે આરોપીને ₹૨,૭૭,૦૦૦/– ની મદદ કરેલ. ત્યાર બાદ મરણ જનારે આરોપીની વિડીયો ક્લીપ જોતાં, તેમણે આરોપીને સહાય કરવાનું બંધ કરી દીધેલ. જેથી મરણ જનાર પાસેથી નાણાં પડાવવા માટે આરોપીએ તેને હેરાન કરવાનું ચાલું કરી, સમાજમાં બદનામ કરવાની ધમકી આપેલ;

શાહેદ નં.૫ ના મૌખિક પુરાવાથી એવી હકીકત પણ રેકર્ડ પર આવે છે કે, બનાવના આગલા દિવસે પણ આરોપીએ મરણ જનારને ફોન કરી ધમકી આપેલ, જેના કારણે મરણ જનાર રડતા રડતા ઘરની બહાર નીકળી ગયેલ. આમ, આરોપીના સતત ત્રાસ અને સમાજમાં બદનામ કરવાની આપેલ ધમકીના કારણે, દુષ્પ્રેરણના કારણે મરણ જનારે આરોપીના એપાર્ટમેન્ટના પાર્કીંગમાં જઈ ઝેરી દવા પી લીધેલ અને તેનું સારવાર દરમ્યાન મોત નીપજેલ છે. મરણ જનારનું મોત ઝેરી દવા પીવાના કારણે થયેલ છે, તે હકીકત ફરિયાદ પક્ષના શાહેદ નં.૪ ડૉ.દિપકભાઈ વિનોદભાઈ ગઢીયાના મૌખિક પુરાવાથી અને આંક-૬૯ ના એફ.એસ.એલ. ના પરીક્ષણ અહેવાલ પરથી પુરવાર થાય છે. વધુમાં ફરિયાદ પક્ષના શાહેદ નં.૫ અને ૬ નાઓએ આરોપીના દુષ્પ્રેરણ સંબંધે તેમના મૌખિક પુરાવામાં જે વિગતો જણાવેલ છે કે, તેને શાહેદ નં.૭ લક્ષ્મણભાઈ દુદાભાઈ પટેલ, શાહેદ નં.૮ દિનેશભાઈ વજુભાઈ લુંભાણી, શાહેદ નં.૯ રણછોડભાઈ જીવરાજભાઈ ભંડેરી તથા શાહેદ નં.૧૦ મનોજભાઈ વિનુભાઈ લુંભાણીના મૌખિક પુરાવાથી સમર્થન પ્રાપ્ત થાય છે.

(૭.૩) **વિ.વકીલ સુ.શ્રી પંચાલે વધુમાં રજૂઆત કરેલ છે કે,** આ કામે ફરિયાદ પક્ષે આંક-૧૦ થી મરણોત્તર પંચનામું રજૂ કરેલ છે, જેને બચાવ પક્ષે કબૂલ રાખેલ છે. આ ઉપરાંત આંક-૧૨ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું રજૂ કરેલ છે અને તે પંચનામાને ફરિયાદ પક્ષના શાહેદ નં.૧ પંચ સુરેશભાઈ હંસરાજભાઈ લોઢીયાના મૌખિક પુરાવાથી સમર્થન પ્રાપ્ત થાય છે. આ સિવાય ફરિયાદ પક્ષે શાહેદ નં.૧૧ તરીકે અકસ્માત મોતની તપાસ કરનાર એ.એસ.આઈ. શંકરભાઈ રણછોડભાઈ પટેલ, શાહેદ નં.૧૨ તરીકે પી.એસ.ઓ. શાંતારામ બાજીરાવ પાટીલ તથા શાહેદ નં.૧૩ તરીકે તપાસ

કરનાર અધિકારી વિક્રમસિંહ ભારતસિંહ કોઠીયાનો મૌખિક પુરાવો રજૂ કરેલ છે. જેઓના પુરાવા આધારે તેઓ દ્વારા હાલના ગુના અનુસંધાને કરવામાં આવેલ પોલીસ કાર્યવાહીની વિગતો રેકર્ડ પર આવે છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, ફરિયાદ પક્ષ તરફે આંક-પર થી મરણ જનાર અને આરોપીની કોલ ડીટેઈલ રજૂ કરવામાં આવેલ છે, જે આધારે એવી હકીકત રેકર્ડ પર આવે છે કે, આરોપી મરણ જનારને અવારનવાર ફોન કરતા હતા અને બનાવના આગલા દિવસે પણ તેમણે મરણ જનારને ફોન કરેલ હતો. આ બાબત ફરિયાદ પક્ષના શાહેદ નં.પ ફરિયાદીએ જણાવેલ એ હકીકતને સમર્થન કરે છે, બનાવના આગલા દિવસ આરોપીએ મરણ જનારને ફોન કરી ધમકી આપેલ હતી. આમ, ફરિયાદ પક્ષે આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૬, ૩૮૩, ૩૮૪ મુજબનો ગુનો નિઃશંકપણે પુરવાર કરેલ હોઈ, આરોપીને કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા કરવા રજૂઆત કરેલ છે.

(૮.૧) **આરોપી** તરફે **વિ.વકીલશ્રી એન.એમ.વઘાસીયાએ આંક-૭૩** થી **લેખિત દલીલ** રજૂ કરેલ છે તેમજ તેમણે **મૌખિક દલીલ** પણ કરેલ છે; જે બંનેનો સારાંશ એવો છે કે, હાલના કેસમાં આંક-૧૫ અને ૧૬ થી રજૂ કરવામાં આવેલ મરણ જનારની સ્યુસાઈડ નોટ તથા આંક-૧૯ થી રજૂ કરવામાં આવેલ મરણ જનારના કુદરતી લખાણવાળી નોટના પુરાવા પાછળથી ઉભા કરેલ હોવાનું પ્રાથમિક રીતે જણાઈ આવે છે; જો ખરેખર ફરિયાદ મુજબનો ગુનો બનેલ હોત તો ફરિયાદીએ સદર દસ્તાવેજો કહેવાતા બનાવના તુરંત બાદ જ પોલીસ સમક્ષ રજૂ કરી દીધા હોત, પરંતુ ફરિયાદીએ કહેવાતા બનાવના ઘણા લાંબા સમય બાદ ફરિયાદ નોંધાવેલ છે અને લેમીનેશન કરેલ સ્યુસાઈડ નોટ રજૂ કરેલ છે, જે પાછળથી ઉભો કરેલ ખોટો

પુરાવો છે. જ્યારે હસ્તાક્ષર નિષ્ણાંતનો અભિપ્રાય મહત્વપૂર્ણ હોય ત્યારે હસ્તાક્ષર નિષ્ણાંતને ફરજીયાતપણે શાહેદ તરીકે તપાસવા જોઈએ, પરંતુ હાલના કેસમાં ફરિયાદ પક્ષ દ્વારા હસ્તાક્ષર નિષ્ણાંતને શાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી.

(૮.૨) **બચાવ પક્ષ તરફે વિ.વકીલશ્રી વઘાસીયાએ વધુમાં એવી રજૂઆત કરેલ છે કે,** ફરિયાદ પક્ષ તરફે આંક-૫૨ થી કોલ ડીટેઈલ રજૂ કરવામાં આવેલ છે. સદર પુરાવો ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ મુજબ પુરવાર થયેલ નથી કે તે અંગે ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી) મુજબનું કોઈ પ્રમાણપત્ર પણ રજૂ થયેલ નથી, જેથી કાયદેસર રીતે પુરવાર ન થયેલા દસ્તાવેજ પર આધાર રાખી શકાય નહીં. તેમણે વધુમાં જણાવેલ છે કે, આંક-૪૫ થી રજૂ કરવામાં આવેલ ડી.વી.ડી. અને પેન ડ્રાઈવ તપાસ કરનાર અધિકારી દ્વારા પંચો રૂબરૂ પંચનામું કરી, સીલ કરી, કબજે લેવામાં આવેલ ન હોઈ, અને તે કાયદેસર રીતે પુરવાર થયેલ ન હોઈ, તે પુરાવો સ્વીકાર્ય નથી.

(૮.૩) **બચાવ પક્ષ તરફે વિ.વકીલશ્રી વઘાસીયાએ વધુમાં એવી રજૂઆત કરેલ છે કે,** આંક-૧૫ થી ૧૯ તથા આંક-૪૫ વાળા પુરાવાઓ પાછળથી ઉભા કરેલ હોવાનું પ્રાથમિક રીતે જ જણાઈ આવે છે. આ પુરાવાઓ ફરિયાદ પક્ષે કાયદેસર રીતે પુરવાર કરેલ નથી. પરીણામે તેને પુરવાર થયેલા દસ્તાવેજ ગણી શકાય નહીં અને આ દસ્તાવેજ પર આધાર રાખી ન્યાયિક નિર્ણય લઈ શકાય નહીં. તેમણે વધુમાં જણાવેલ છે કે, સદર કામ દલીલના તબક્કે હતું, ત્યાર બાદ ફરિયાદ પક્ષે લાંબા ગાળા પછી કેટલીક રહી ગયેલ ભૂલોને સુધારવા માટે આંક-૨૯ થી એફ.એસ.એલ. નો

અભિપ્રાય રજૂ કરેલ છે. પરંતુ આ પુરાવા આધારે પણ આરોપીએ કોઈ ગુનો આચરેલ હોય અને તેના કારણે મરણ જનારનું મૃત્યુ નીપજેલ હોય, તેવું માની શકાય નહીં.

**(૮.૪) બચાવ પક્ષ તરફે વિ.વકીલશ્રી વઘાસીયાએ વધુમાં એવી રજૂઆત કરેલ છે કે,** આરોપી દ્વારા કોઈ ગુનો આચરવામાં આવેલ નથી. મરણ જનાર તારીખઃ ૧૨.૧૦.૨૦૧૬ ના રોજ અવસાન પામેલ, જે અંગે વરાછા પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોત નં.૧૮૮/૨૦૧૮ દાખલ થયેલ અને ત્યાર બાદ તેની તપાસ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સફર કરવામાં આવતા, તેને અકસ્માત મોત નં.૧૨૨/૨૦૧૬ થી નોંધવામાં આવેલ. સદર બંને નોંધની તપાસના કામે નોંધવામાં આવેલ નિવેદનમાં મરણ જનારના પરીવારની કોઈ પણ વ્યક્તિએ કોઈ પણ વ્યક્તિ વિરુદ્ધ શંકા કે વહેમ હોવાની હકીકત જણાવેલ નથી. પરંતુ ત્યાર બાદ ફરિયાદીએ આરોપી વિરુદ્ધ યેનકેન પ્રકારે દ્વેષભાવ રાખી અથવા કોઈ બદઈરાદો પાર પાડવા માટે હાલના ગુનાની તદ્દન ખોટી અને ઉપજાવી કાઢેલી હકીકતોવાળી ફરિયાદ દાખલ કરેલ છે. સદર ગુનાના અનુસંધાને આરોપી વિરુદ્ધ આધારભુત પુરાવો ન હોવા છતાં ખોટી રીતે તપાસ કરી ખોટું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

**(૮.૫) બચાવ પક્ષ તરફે વિ.વકીલશ્રી વઘાસીયાએ વધુમાં એવી રજૂઆત કરેલ છે કે,** આ કામે તપાસ કરનાર અધિકારી દ્વારા મરણ જનારના સગાંસંબંધીઓના જ નિવેદન નોંધવામાં આવેલ છે, તેઓને બનાવ અંગે કોઈ જાતમાહિતી નથી, તેઓ કોઈ બનાવ નજરે જોયેલ નથી અને તેઓ હિત ધરાવતા શાહેદો છે. વધુમાં, આરોપીના રહેઠાણવાળા એપાર્ટમેન્ટમાં રહેતા અને ખરી હકીકત જાણકાર કોઈ સ્વતંત્ર શાહેદોના નિવેદન નોંધી તેઓને આ

કામે શાહેદ તરીકે તપાસેલ નથી. વધુમાં, ફક્ત હિત ધરાવતા શાહેદોના પુરાવા આધારે આરોપીએ હાલનો ગુનો કરેલ હોવાનું માની શકાય નહીં.

(૮.૬) **બચાવ પક્ષ તરફે વિ.વકીલશ્રી વઘાસીયાએ વધુમાં એવી રજૂઆત કરેલ છે કે,** આ કામે આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ મુજબનો ગુનો સાબિત કરવા માટે કલમ–૧૦૭ આપઘાત માટેનું દુષ્પ્રેરણના આવશ્યક તત્વો પુરવાર કરવા જરૂરી છે. પરંતુ આ કામે આવા કોઈ તત્વો પુરવાર થતા નથી કે તે અંગે કોઈ આધારભુત પુરાવો રેકર્ડ પર રજૂ થયેલ નથી. આરોપી મરણ જનારને કહેવાતા બનાવ પહેલાં મળેલ હોય કે તેમની સાથે કોઈ પણ પ્રકારે વાતચીત કરેલ હોય અને તેના કારણે મરણ જનારને મરવા સિવાય બીજો કોઈ વિકલ્પ જ રહેલ ન હોય, તેવી કોઈ વિગતો ફરિયાદીએ તેમની ફરિયાદમાં જણાવેલ નથી કે તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

(૮.૭) **બચાવ પક્ષ તરફે વિ.વકીલશ્રી વઘાસીયાએ વધુમાં એવી રજૂઆત કરેલ છે કે,** આ કામે ફરિયાદી દ્વારા બનાવના આશરે ૧૬ દિવસ બાદ પોતાનો ગેરકાયદેસર હેતુ પાર પાડવા માટે ફરિયાદ નોંધાવવામાં આવેલ છે. ફરિયાદ દાખલ કરવામાં થયેલ વિલંબ સંબંધે ફરિયાદ પક્ષ દ્વારા કોઈ વાજબી ખુલાસો રજૂ કરવામાં આવેલ નથી, આ બાબત ફરિયાદ પક્ષના કેસ અંગે શંકા ઉપસ્થિત કરે છે.

(૮.૮) **બચાવ પક્ષ તરફે વિ.વકીલશ્રી વઘાસીયાએ વધુમાં એવી રજૂઆત કરેલ છે કે,** સદર કામે કોઈ ગુનાહિત બનાવ બનેલ ન હોવા છતાં તપાસ કરનાર અધિકારી દ્વારા યાંત્રિક અને મનસ્વી રીતે તપાસ કરવામાં

આવેલ છે અને તટસ્થ તપાસ કરવામાં આવેલ નથી. ફરિયાદ પક્ષના શાહેદો દ્વારા જણાવવામાં આવેલ છે કે, આરોપી મરણ જનારને કોઈ ક્લીપ બતાવી બ્લેકમેલ કરતા હતા, પરંતુ આવી કોઈ ક્લીપ ફરિયાદી સહિતના કોઈ પણ શાહેદે રજૂ કરેલ નથી. એટલું જ નહીં, સદર ગુનાની તપાસ દરમ્યાન તપાસ કરનાર અધિકારીને આવી કોઈ ક્લીપ મળી આવેલ નથી. જેથી એવું જણાઈ આવે છે કે, આ હકીકત શાહેદો દ્વારા કોઈ પણ જાતના આધાર-પુરાવા વગર તપાસ કરનાર અધિકારી તથા નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરવા જણાવવામાં આવેલ હોવાનું પ્રાથમિક રીતે જણાઈ આવે છે. આમ, ફરિયાદ પક્ષે પોતાનો કેસ તમામ શંકાઓથી પર રહીને સાબિત કરેલ નથી. આરોપી વિરુદ્ધના આક્ષેપિત ગુના અંગે કોઈ આધારભુત પુરાવો રેકર્ડ પર રજૂ થયેલ નથી. આ સંજોગોમાં આરોપી વિરુદ્ધના આક્ષેપો નિઃશંકપણે પુરવાર થતા ન હોઈ, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા રજૂઆત કરેલ છે.

(૮.૯) આરોપી તરફેના વિ.વકીલશ્રીએ તેમની ઉપરોક્ત દલીલના સમર્થનમાં **આંક-૭૨** ના લીસ્ટથી નીચે જણાવેલા **ચૂકાદાઓ** રજૂ કરેલા છે, તે વંચાણે લીધાઃ-

૧. ભગીરથ વિ. મધ્યપ્રદેશ રાજ્ય
૧૯૭૬ ક્રિમિનલ લો જર્નલ ૭૦૬

૨. ટીકા અને બીજા વિ. ઉત્તર પ્રદેશ રાજ્ય
૧૯૭૪ ક્રિમિનલ લો જર્નલ ૩૦૩

૩. નરેન્દ્રસીંઘ અને બીજા વિ. મધ્ય પ્રદેશ રાજ્ય
૨૦૦૪(૩) આર.સી.આર. (ક્રિમિનલ) ૬૧૩

૪. સુચંદ પાલ વિ. ફની પાલ અને બીજા
૨૦૦૪(૧) આર.સી.આર. (ક્રિમિનલ) ૨૨૧

૫. પર્શનાથ અસ્થાના વિ. ગુજરાત રાજ્ય
૨૦૧૦(૩) જી.એલ.આર. ૨૪૦૨

૬. લલતા પ્રસાદ વિ. રાજ્ય
૨૦૧૬(૩) ક્રાઈમ્સ ૨૬૭

૭. ગુજરાત રાજ્ય વિ. શૈલેષભાઈ મધુભાઈ પટેલ
૨૦૧૬(૦) એઆઈજેઈએલ–એચસી–૨૩૬૫૧૪

૮. એલ.આઈ.સી. ઓફ ઈન્ડિયા વિ. રામ પાલ સીંઘ બીસેન
૨૦૧૦(૦) જીએલએચઈએલ–એસસી–૪૮૦૯૫

૯. ગુજરાત રાજ્ય વિ. દિપક જશવંતલાલ શેઠ
૧૯૯૮(૨) જી.એલ.એચ. ૧૦૪૪

૧૦. મદન મોહન સીંઘ વિ. ગુજરાત રાજ્ય અને બીજા
૨૦૧૧ એ.આઈ.આર. (એસ.સી.) ક્રિમિનલ ૮૦૬

૧૧. સંજુ ઉર્ફે સંજય સીંઘ સેંગર વિ. મધ્ય પ્રદેશ રાજ્ય
૨૦૦૨(૨) આર.સી.આર. (ક્રિમિનલ) ૬૮૭

૧૨. ગંગુલા મોહન રેડ્ડી વિ. આંધ્ર પ્રદેશ રાજ્ય
૨૦૧૦(૧) એસસીસી ૭૫૦

૧૩. એમ.મોહન વિ. રાજ્ય
૨૦૧૧(૩) એસસીસી ૬૨૬

૧૪. શૈખ મુક્તીયાર અને બીજા વિ. આંધ્ર પ્રદેશ રાજ્ય
૨૦૨૧(૧) આંધ્ર એલડી (ક્રિમિનલ) ૮૧૪

૧૫. હસમુખભાઈ ગોકલદાસ શાહ વિ. ગુજરાત રાજ્ય
૨૦૦૯(૧) જી.એલ.એચ. ૫૨૬

૧૬. શરદ બીરીધીચંદ શારદા વિ. મહારાષ્ટ્ર રાજ્ય
૧૯૮૪ એ.આઈ.આર. (સુપ્રિમ કોર્ટ) ૧૬૨૨.

(૯) આ પ્રકરણમાં ફરિયાદ પક્ષે રજૂ કરેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા, ઉભય પક્ષકારોના વિ.વકીલશ્રીઓ દ્ધારા ઉપસ્થિત કરવામાં આવેલ દલીલો, કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાનમાં લેતાં આ કેસના અંતિમ નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છેઃ–

**૧.** શું ફરિયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના મરણ જનાર મુકેશભાઈ ધીરજભાઈ લોઢીયાએ આરોપીને મદદ કરવાનું બંધ કરી દેતાં, મરણ જનાર પાસેથી બળજબરીથી નાણાં પડાવવા માટે આરોપીએ મરણ જનારને હેરાન કરવાનું ચાલું કરી તેમજ વિડીયો ક્લીપ બનાવી સમાજમાં બદનામ કરી નાંખવા બ્લેકમેલીંગ કરવાનું ચાલું કરેલ અને આરોપીની હેરાનગતિ તથા ફોન પર બ્લેકમેલીંગથી કંટાળી જઈ, માનસિક તાણમાં આવી, મરણ જનારે તારીખઃ ૧૨.૧૦.૨૦૧૬ ના રોજ ઝેરી દવા પી આત્મહત્યા કરેલ અને તેમ કરીને આરોપીએ મરણ જનાર મુકેશભાઈને આત્મહત્યા કરવા માટે ઉશ્કેરણી/ચઢવણી કરી, દુષ્પ્રેરણ કરી **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬, ૩૮૩, ૩૮૪** મુજબનો ગુનો કરેલ છે?

**૨.** શું હુકમ?

**(૧૦)** ઉપરોકત મુદ્દાઓની કારણોમાં ચર્ચા કરી છે, તે મુજબ તેના નિર્ણયો નીચે મુજબ છેઃ-

**૧. અંશતઃ હકારમાં.**

**૨. આખરી હુકમ મુજબ.**

## કા ર ણો

**મુદ્દા નં.૧:-**

**(૧૧)** આ કામે ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની તેમજ આરોપી તરફેના વિ.વકીલશ્રીની દલીલો ધ્યાને લેતાં, આ કામના આરોપી વિરુદ્ધ **ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૬, ૩૮૩, ૩૮૪** મુજબના શિક્ષાને પાત્ર ગુના કરેલ હોવા સબબ તહોમતનામું ફરમાવવામાં આવેલ છે, ત્યારે ફરિયાદ પક્ષે આ કામે રજૂ થયેલ પુરાવાઓ આધારે આરોપી વિરુદ્ધનો આક્ષેપિત ગુનો પુરવાર કરેલ છે કે કેમ? તે માટે ફરિયાદ પક્ષ તરફથી રજૂ થયેલા પુરાવાની ચર્ચા કરતા પહેલાં આરોપી વિરુદ્ધના આક્ષેપિત ગુનાની વ્યાખ્યા તથા આવશ્યક તત્વો જોવા જરૂરી છે, જે નીચે મુજબ છેઃ-

**ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૬:**

> **આત્મહત્યામાં મદદગારી**
>
> કોઈ પણ વ્યક્તિ આત્મહત્યા કરે તો તેને તેમ કરવામાં કોઈ વ્યક્તિએ મદદગારી કરી હોય, તેને **દસ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા** કરવામાં આવશે **તથા** તે **દંડ**ને પાત્ર પણ થશે.

**આવશ્યક તત્વોઃ**

૧. કોઈ વ્યક્તિએ આત્મહત્યા કરી;

૨. આવી હત્યામાં આરોપીએ મદદગારી કરી;

૩. આ મદદગારીના અનુસંધાને આત્મહત્યા થવા પામી.

**ભારતીય દંડ સંહિતાની કલમ−૩૮૩ઃ**

**બળજબરીથી પડાવી લેવું.**

કોઈ પણ વ્યક્તિ ઈરાદાપૂર્વક કોઈ અન્ય વ્યક્તિને અથવા બીજાને હાનિ કરવાના ભયમાં મૂકીને એ રીતે ભય પામેલી વ્યક્તિને કોઈ મિલકત અથવા કિંમતી જામીનગીરી અથવા કિંમતી જામીનગીરીમાં ફેરવી શકાય તેવી સહી કે સિક્કો કરેલી કોઈ વસ્તુ કોઈને આપી દેવા માટે અપ્રમાણિકપણે દબાવે, તે બળજબરીથી પડાવી લેવાનો ગુનો કરે છે.

**ભારતીય દંડ સંહિતાની કલમ−૩૮૪ઃ**

**બળજબરીથી પડાવી લેવા માટે સજા.**

કોઈ પણ વ્યક્તિ બળજબરીથી પડાવી લેવાનો ગુનો કરે તેને **ત્રણ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા** કરવામાં આવશે.

**આવશ્યક તત્વોઃ**

૧. આરોપીએ ભોગ બનનાર વ્યક્તિને ઈજાના ભયમાં મૂકી અથવા અન્ય વ્યક્તિને ઈજા કરવાના ભયમાં મૂકી,

૨. આરોપીએ એવું કૃત્ય ઈરાદાપૂર્વક કર્યું,

૩. આરોપીએ આવું કૃત્ય કોઈ મિલકત, કિંમતી જામીનગીરી અથવા કોઈ પણ પદાર્થ કે જેના પર સહી અને મહોર મારવામાં આવી હોય અને તેને કિંમતી જામીનગીરીમાં ફેરવી શકાય તેવી ચીજ આવી દેવા માટે આરોપીએ આવું કૃત્યુ કર્યું હોય.

**(૧૨)** આરોપી વિરુદ્ધના આક્ષેપિત ગુનાની ઉપરોક્ત નિર્દિષ્ઠ વ્યાખ્યા તથા ગુનાના આવશ્યક તત્વો ધ્યાને લઈ, ફરિયાદ પક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે, તે પુરાવાઓનું તેના પ્રકાર અનુસાર નીચે મુજબ નિરૂપણ કરવામાં આવેલ છેઃ-

**ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું વિવરણઃ-**

**મુખ્ય શાહેદોનો પુરાવો**

**(૧૩.૧)** ફરિયાદ પક્ષે **શાહેદ નં.૫** તરીકે **ફરિયાદી - મરણ જનારના મોટા દીકરા ભાવેશભાઈ મુકેશભાઈ લોઢીયા**ને **આંક-૨૬** થી તપાસેલ છે. સદર શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેમના પરીવારમાં તેઓ, તેમના પત્ની મીરા, નાનો ભાઈ નિલેષ, તેના પત્ની નિશાબેન, તેઓ બંને ભાઈઓના બાળકો સંયુક્ત પરીવારમાં રહે છે; તેમના માતા સને ૨૦૧૨ માં અવસાન પામેલ છે; તેમના પિતા તારીખઃ ૧૨.૧૦.૨૦૧૬ ના રોજ અવસાન પામેલ છે; તેઓ સાડી પર જોબવર્ક કરાવવાનું કામ કરે છે; તેમના ધંધાનું ગોડાઉન તેમના ઘરની નીચે ભોંયતળિયે આવેલ છે; તેમનો ભાઈ નિલેશ પણ તેમની સાથે કામ કરે છે;

તેમના પિતા નિવૃત જીવન ગુજારતા હતા; તેમના પિતા તેઓ અવસાન પામ્યા તેના એક વર્ષ પહેલાં આરોપીના સંપર્કમાં આવેલ; આરોપીની આર્થિક સ્થિતિ ખરાબ હતી, તે બતાવવા આરોપીએ તેમના પિતાને તેમના ઘરે બોલાવેલ; આરોપી અપરિણીત હતા અને તેમના માતા–પિતા અને ભાઈ સાથે રહેતા હતા; જેથી તેમના પિતાએ આરોપીને ઘરનું ભાડું ભરવા માટે પૈસા આપેલા તેમજ ઘરની ખાવાપીવાની સાધન સામગ્રી લાવવા માટે પૈસા આપેલ; તેમના પિતા આરોપીને આ રીતે પૈસા આપતા આવેલ; ત્યાર બાદ **ભાવેશભાઈએ તેમના પિતાને વાત કરેલ કે, આરોપી ખરાબ સંગતવાળા છે; તેથી તેમના પિતાએ આરોપીને સહાય કરવાનું બંધ કરી દીધેલ; આરોપીના તેમના પિતા પર અવારનવાર ફોન આવતા હતા; આરોપી કહેતા હતા કે, જો તેઓ તેણીને મદદ નહીં કરે તો, તેણી તેમની આબરૂ બગાડશે અને તેમને સમાજમાં બેઆબરૂ કરશે; આ રીતે આરોપી તેમના પિતાને અવારનવાર ફોન કરી ટોર્ચર કરતા હતા; તારીખઃ ૧૨.૧૦.૨૦૧૬ ના રોજ તેમના પિતા ગુજરી ગયા, તેના એક દિવસ પહેલાં એટલે કે તારીખઃ ૧૧.૧૦.૨૦૧૬ ના રોજ તેમના પિતા જોરજોરથી બોલતા હતા કે, "તું મને હેરાન કરવાનું છોડી દે, મેં તારી મદદ કરી છે, તેનો તું આવો બદલો આપે છે";** જેથી તેમણે તેના પિતાને પૂછેલ કે, "કેમ બૂમો પાડો છો? કોનો ફોન છે?" તો **તેમના પિતાએ આરોપીનો ફોન હોવાનું જણાવેલ; તેમણે તેની સાથે વાત કરવાનું કહેતા, તેમના પિતાએ ના પાડેલ અને તેઓ રડતા રડતા ઘરેથી બહાર નીકળી ગયેલ.**

**(૧૩.૨)** સદર **શાહેદ નં.૫** નાએ તેમના **આંક–૨૬** ના મૌખિક પુરાવામાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ બીજા દિવસે તેમના પિતાએ ટેન્શનમાં આવી આરોપીના ઘરની નીચે દવા પી લીધેલ; આરોપીનું ઘર સ્વર્ગ

રેસીડેન્સી, પુણા ગામ ખાતે આવેલ છે; તેમના પિતાએ જ્યારે ઝેરી દવા પીધેલ, ત્યારે તેઓ તેમના જોબવર્કના કામે બહાર ગયેલ હતા, ત્યારે તેમના ભાઈ નિલેશે તેમને ફોન કરી જણાવેલ કે, "પપ્પાએ કંઈક પીધેલ છે, તું ઘરે આવી જા"; તેમના પિતા આરોપીના ઘર પાસે દવા પી ને તેમના ઘરે આવેલ, ત્યારે નિલેશભાઈ તેના ઘરે જ હતો, તેથી તેને ખબર પડેલ; **તેમના પિતાએ આરોપીના ટોર્ચરથી કંટાળીને ઝેરી દવા પી લીધેલ**; તેમના પિતાના આપઘાતની ફરિયાદ તેમણે તારીખઃ ૨૮.૧૦.૨૦૧૬ ના રોજ આપેલ; તેમના પિતાનો મોબાઈલ નં.૯૮૨૪૯ ૬૨૦૯૮ છે; **તેમના પિતા તેઓ ગુજરી ગયા તેના એક મહીના પહેલાંથી ટેન્શનમાં રહેતા હતા**; તેથી તેમણે તેને પુછેલ કે, "શું થયું છે? તમે કેમ ટેન્શનમાં રહો છો?" ત્યારે તેમના પિતાએ કહેલ કે, ઘરના બધા સભ્યો ભેગા થશે ત્યારે વાત કરશે; તેથી તેમણે તેમના કુંટુંબી ભાઈ સુરેશભાઈ હંસરાજભાઈ લોઢીયા તથા બનેવી મનોજભાઈ વિનુભાઈ લુંભાણી ને તેમના ઘરે બોલાવેલા; આ સમયે તેમણે તેમના પિતાને પૂછતા **તેમના પિતાએ જણાવેલ કે, "હું એક વર્ષથી પારૂલબેન (આરોપી) ને મદદ કરતો આવેલ છું અને મેં તેને મદદ કરવાનું બંધ કરી દીધેલ છે, તેથી પારૂલબેન (આરોપી) મને ફોન કરી ટોર્ચર કરે છે અને મને બેઆબરૂ કરવાની ધમકીઓ આપે છે; મેં તેણીને ₹૨,૭૭,૦૦૦/- આપેલ છે; તે પૈસા તેણીની પાસે પરત માંગવા ગયેલ, તેથી તેણી મને ટોર્ચર કરે છે"**; તેથી તેમના પિતા આરોપીથી કંટાળી ગયા હતા અને તેઓને બીક હતી કે, આરોપી તેમને સમાજમાં બદનામ કરી નાંખશે; તેમના પિતા ગુજરી ગયા પછી તેઓ તેમના પિતાનું ક્રિયાકર્મ કરેલ; તેથી તેમણે બનાવની ફરિયાદ તારીખઃ ૨૮.૧૦.૨૦૧૬ ના રોજ આપેલ; **તેઓ પોલીસમાં ફરિયાદ આપવા ગયા ત્યારે તેમની સાથે તેના પિતાએ લખેલ સ્યુસાઈડ નોટ લઈ ગયેલ**; તેનો ભાઈ નિલેશ જ્યારે તેના પિતાને

હોસ્પિટલમાં લઈ જતો હતો, ત્યારે તેના પિતાએ નિલેશને જણાવેલ કે, "આ થેલીમાં તેમણે લખેલ કાગળ – સ્યુસાઈડ નોટ છે, તે તારો ભાઈ આવે ત્યારે તેને આપજે"; જેથી તેમણે તારીખઃ ૨૮.૧૦.૨૦૧૬ ના રોજ તેમના ઘરે તેમના પિતાના રૂમમાં એક થેલી હતી, તેમાં જોતાં આ સ્યુસાઈડ નોટ મળેલ, જે તેમણે થોડી વાંચીને પોલીસ પાસે લઈ ગયેલ; આ સ્યુસાઈડ નોટ નોટબુકના લીટીવાળા કાગળમાં લખાયેલ હતી અને તેમાં આરોપીના કારણે તેમણે આત્મહત્યા કરેલ હોવાનું લખેલ હતું. સદર શાહેદે **આંક–૨૭** થી **ફરિયાદ** રજૂ કરી, તેમાં તેમણે વાંચીને સહી કરેલ હોવાનું જણાવેલ છે અને તેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે.

**(૧૩.૩)** સદર **શાહેદ નં.૫** નાએ તેમના **આંક–૨૬** ના મૌખિક પુરાવામાં વધુમાં જણાવેલ છે કે, તેમણે પોલીસને સ્યુસાઈડ નોટ આપતા, **પોલીસે તેમને તેમના પિતાના અક્ષરો ધરાવતું બીજું કોઈ લખાણ આપવા જણાવતા, તેમણે તેમના પિતાની મંત્ર અને ભજનો લખેલી એક નોટબુક પોલીસને આપેલ**; પોલીસે આ સ્યુસાઈડ નોટ અને નોટબુક તપાસ અર્થે કબજે લીધેલ. તેમણે વધુમાં જણાવેલ છે કે, આરોપી તેમની જ્ઞાતિના છે અને તેમણે આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. તેમણે વિશેષમાં જણાવેલ છે કે, તેઓ હિતેશભાઈ વજુભાઈ લુંભાણીને ઓળખે છે, તે તેમના સમાજના છે; આ હિતેશભાઈએ તેમના પિતા ગુજરી ગયા ત્યારે તેમને કહેલ કે, *"તારા પિતાએ મને જણાવેલ કે, તારા પિતાએ પારૂલબેનની કોઈ અન્ય માણસ સાથેની વિડીયો ક્લીપ જોયેલ હતી; જે વિડીયો ક્લીપ તારા પિતાને પારૂલબેનના બનેવી ભાવેશભાઈએ તેમની દુકાન પર બોલાવીને બતાવેલ અને કહેલ કે, પારૂલબેન આ પ્રકારના ચારિત્ર્યવાળા છે"*; સદર શાહેદે આંક–૧૫, ૧૬ અને ૧૯ વાળા દસ્તાવેજો જોઈને જણાવેલ છે કે, તે તેમના

પિતાએ લખેલી સ્યુસાઈડ નોટ અને તેમના પિતાની નોટબુક છે. તેમણે ભાવેશભાઈને અગાઉ જોયા નથી.

(૧૩.૪) **બચાવ પક્ષ** તરફે કરવામાં આવેલ **ઊલટતપાસ**માં **સદર શાહેદ નં.૫ નાએ જણાવેલ છે કે,** તેમના પિતાજી તેના અવસાન પહેલાં આશરે સાતેક વર્ષથી નિવૃત્ત જીવન વિતાવતા હતા; તેમના પિતાના અવસાન સમયે તેની ઉંમર આશરે ૪૫ વર્ષ હતી; તેમના પિતા મોટર સાઈકલનું ગેરેજ ધરાવતા હતા અને જાતે જ મોટર સાઈકલ રીપેરીંગનું કામ કરતા હતા; તેમના માતાના અવસાન બાદ તેમના પિતાજી ચિંતામાં રહેતા હતા; તેઓ હોસ્પિટલે પહોંચ્યા ત્યારે તેમના પિતાજી ભાનમાં ન હતા; આ સમયે ત્યાં હોસ્પિટલમાં તેમના સમાજના માણસો જેમ કે તેમના બનેવી મનોજભાઈ, સુરેશભાઈ, હિતેશભાઈ હાજર હતા; તેમને તેઓ તમામ વ્યક્તિઓ સાથે વાતચીત કરવાનું થયેલ; આ વાતચીત દરમ્યાન ત્યાં હાજર ઉપરોક્ત વ્યક્તિઓ પૈકી કોઈએ પણ તેમના પિતા સાથે વાતચીત કરેલ હોવાનું તેમને જાણવા મળેલ નહીં; હોસ્પિટલવાળાએ પોલીસને જાણ કરતા પોલીસ હોસ્પિટલે આવેલ; આ સમયે તેમના પિતાજીનું અવસાન થઈ ગયેલ હતું; બનાવ બાદ અને તેમણે એફ.આઈ.આર. નોંધાવી તે દરમ્યાન તેમને તેમના વકીલશ્રીને મળવાનું થયેલ નહીં; તારીખઃ ૨૮.૧૦.૨૦૧૬ ના રોજ તેઓ સ્વેચ્છાએ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવવા માટે ગયેલ; બનાવ બાદ તેઓ બધા ભેગા મળીને બેસતા, ત્યારે તેઓ બધા વચ્ચે કહેવાતો બનાવનો સમય, સ્થળ, બનાવનું કારણ તથા સંજોગો બાબતે એકબીજા સાથે વાતચીત કરવાનું તથા પૂછપરછ કરવાનું થતું હતું.

(૧૩.૫) **બચાવ પક્ષ** તરફે કરવામાં આવેલ **ઊલટતપાસ**માં **સદર શાહેદ**

**નં.૫ નાએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,** બનાવ પહેલાના એક મહિનાથી તેમના પિતાજી ચિંતામાં રહેતા હતા અને તેઓને ચિંતામાં જોઈને તેઓ બંને ભાઈઓને પણ ખૂબ જ ચિંતા થયેલ અને આરોપી બાબતે શરમજનક બાબત લાગેલ; તેમના પિતાજીએ ચિંતાનું કારણ જણાવ્યા બાદ તેમને તથા તેમના સગાંસંબંધીઓને તેમના પિતાજી કોઈ ગંભીર ગુનાનો ભોગ બનતા હોય, તેવું લાગેલ; તેમના પિતાજીએ ચિંતાનું કારણ જણાવ્યા બાદ તેમને તથા તેમના સગાંસંબંધીઓને તત્કાલ પોલીસ ફરિયાદ કરવી જોઈએ, તેવું લાગેલ, પરંતુ તેઓએ આરોપી કે અન્ય કોઈ વિરુદ્ધ કોઈ પણ પ્રકારની ફરિયાદ કરેલ નથી.

**(૧૩.૬)** **બચાવ પક્ષ** તરફે કરવામાં આવેલ **ઊલટતપાસ**માં **સદર શાહેદ નં.૫ નાએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે,** તેમના માતાના અવસાન બાદ તેમના પિતાજીએ આરોપી સાથે તેમનું અફેર હોવાનું અને તેણી સાથે તેઓ લગ્ન કરવાના હોવાની ખોટી હકીકત તેમના મિત્ર વર્તુળમાં કરવાનું ચાલું કરેલ. સદર શાહેદે તેમની સરતપાસમાં જણાવેલ અમુક વિગતો પોતાની પોલીસ રૂબરૂની ફરિયાદમાં લખાવેલ ન હોવાનો સ્વીકાર કરેલ છે.

**(૧૪.૧)** ફરિયાદ પક્ષે **શાહેદ નં.૬** તરીકે **મરણ જનારના નાના દીકરા નિલેશભાઈ મુકેશભાઈ લોઢીયા**ને **આંક–૨૯** થી તપાસેલ છે. સદર શાહેદે તેમના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, તેમના માતા ગીતાબેન સને ૨૦૧૨ માં કેન્સરની બિમારીના કારણે ગુજરી ગયેલ છે; તેઓ બે ભાઇઓ અને એક બહેન છે; તેમના મોટા ભાઇનુ નામ ભાવેશભાઇ છે અને તેના પછી તેઓ છે અને તેમના પછી તેમની બહેન નિમીષાબેન છે; તેમના અને ભાવેશભાઇના લગ્ન થઇ ગયેલ છે; તેઓ બંને ભાઇઓ સંયુક્ત કુટુંબમાં રહે છે; તેમના

પિતાજી મુકેશભાઇ તારીખઃ ૧૨.૧૦.૨૦૧૬ ના રોજ અવસાન પામેલ છે; તેમના પિતાજી તેમના સમાજના લોકોની સેવાની પ્રવૃત્તિ કરતા હતા; તેમના પિતાજી તેમના સમાજના જે લોકોને આર્થિક સંકડામણ હોય તેવા લોકોને અનાજ, પાણી કે જીવન જરૂરીયાતની વસ્તુઓ પૂરી પાડતા હતા; તેમના પિતાએ પારૂલબેનના ઘરની નીચે ઝેરી દવા પી આત્મહત્યા કરેલ; તેમના પિતા ઝેરી દવા પીધા બાદ તેમના ઘરે આવેલ; તે સમયે તેઓ તેમના ઘરે જ હાજર હતા, કારણ કે, તેઓ તેમનું જોબવર્કનુ કામ તેમના ઘરે જ કરતા હતા; ઘરે આવ્યા બાદ તેમના પિતાએ કહેલ કે, તેમણે ઝેરી દવા પીધેલ છે; તેથી તેમણે તેમના પિતાને હોસ્પિટલે જવા માટે જણાવેલ; ત્યારે તેઓએ પ્રથમ હોસ્પિટલ જવાની ના પાડેલ; તેથી તેમણે તેમના મોટા ભાઈ ભાવેશભાઇને ફોન કરી જણાવેલ કે, પિતાએ ઝેરી દવા પીધેલ છે; ત્યાર બાદ તેઓ જીદ કરીને તેમના પિતાને પી.પી.સવાણી હોસ્પિટલમાં સારવાર માટે લઇ ગયેલ; **તેમના પિતાને હોસ્પિટલ લઈ જતા પહેલાં તેમણે તેને કહેલ કે,"મારી થેલી છે, તેમાં બધી વસ્તુ છે, બધી વસ્તુ ચેક કરી લેજો"**;

**(૧૪.૨) સદર શાહેદ નં.૬ નાએ તેમની આંક–૨૯ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે,** તેઓ તેમના પિતાને બપોરે આશરે એક થી દોઢ વાગ્યાના અરસામાં હોસ્પિટલ લઇ ગયેલ; હોસ્પિટલમાં ડૉક્ટરે તેમના પિતાની સારવાર કરેલ અને તેમના પિતા આશરે ચાર કે સાડા–ચાર વાગ્યાની આસપાસ ગુજરી ગયેલ; ત્યાર બાદ તેમણે તેમના પિતાની અંતિમ વિધિ કરેલ અને બીજા કાર્યો કરેલ; તેમના પિતા અવસાન પામ્યાના આશરે દસ–બાર દિવસ પછી તેના પિતાએ તેમને જે થેલીનું કહેલ, તે થેલી તેમણે તેમના મોટા ભાઇને બતાવેલ; ત્યાર બાદ તેમણે અને પરેશભાઇએ તે થેલીમાંથી જે વસ્તુ કાઢેલી, તેમાંથી તેમના પિતાની સ્યુસાઈડ નોટ વાળી

ચિઠ્ઠી મળી આવેલ; તે સ્યુસાઇડ નોટ હાથ લખાણવાળી હતી અને તે અક્ષરો તેમના પિતાના હતા; સ્યુસાઈડ નોટના કાગળ લીટીવાળા ચોપડાના કાગળ હતા; તે સ્યુસાઇડ નોટ તેમણે તેમના ભાઈને આપેલ; ત્યાર બાદ તેમના ભાઇએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ.

**(૧૪.૩) સદર શાહેદ નં.૬ નાએ તેમની આંક–૨૯ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે,** તેમના પિતાને આરોપીના બ્લેકમેલીંગના અને સમાજમાં બદનામી કરવાના ફોન આવતા હતા, તેને કારણે ટેન્શનમાં આવી આત્મહત્યા કરી લીધેલ; **તેમણે આંક–૧૫, ૧૬ અને ૧૯ જોઈને જણાવેલ છે કે, આ સ્યુસાઈડ નોટ તેમના પિતાની થેલીમાંથી તેમણે અને તેમના ભાઈએ કાઢેલ તે જ છે અને તેમાંના અક્ષરો તેમના પિતાના છે, જે તેમણે ઓળખી બતાવેલ છે.** તેમણે વધુમાં જણાવેલ છે કે, આરોપી તેમના સમાજના છે; તેમના પિતાએ આરોપીને સમાજના હોવાથી આર્થિક સહાય કરેલ, તે રીતે તેઓ આરોપીને ઓળખે છે અને આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

**(૧૪.૪) સદર શાહેદ નં.૬ નાએ તેમની આંક–૨૯ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે,** તેમના પિતા ગુજરી ગયા તેના આશરે દસેક દિવસ પહેલાં તેમના પિતાએ તેમને કહેલ કે, "ભાવેશભાઇ અને અશોકભાઈએ તેમને એક વિડીયો કલીપ બતાવેલ છે"; તે વિડીયો કલીપ જોયા બાદ તેમના પિતાએ પારૂલબેનને સહાય કરવાનું બંધ કરી દીધેલ.

**(૧૪.૫) બચાવ પક્ષ** તરફે કરવામાં આવેલ **ઊલટતપાસ**માં સદર શાહેદે જણાવેલ છે કે, બનાવના આશરે પાંચેક વર્ષ પહેલાંથી તેમના પિતા નિવૃત્ત

હતા; તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેમના માતાના અવસાન બાદ તેમના પિતાજી એકલતા અનુભવતા હતા, તેથી ચિંતામાં રહેતા હતા. તેમણે વધુમાં જણાવેલ છે કે, બનાવના દિવસે તેમના પિતાજી અંદાજે એકથી દોઢ વાગ્યાની વચ્ચે ઘરે આવેલ; આ સમયે ઘરમાં તેઓ, તેમના પત્ની અને તેમના ભાઈના પત્ની એમ ત્રણ વ્યક્તિઓ ઘરે હાજર હતી; તેમના પિતા ઘરે આવ્યા ત્યારે સંપૂર્ણ ભાનમાં હતા; તેમણે તેમની સાથે દસથી પંદર મિનિટ વાતચીત કરેલ; તેઓ હોસ્પિટલે પહોંચ્યા ત્યારે તેમના ઘણા બધા સગાંસંબંધીઓ જેમ કે, દિલીપભાઈ ઈશ્વરભાઈ લોઢીયા, જયસુખભાઈ નરોત્તમભાઈ, કાંતિભાઈ હરિભાઈ, જનકભાઈ ચીમનભાઈ, વિનોદભાઈ ગોવિંદભાઈ વગેરે હોસ્પિટલે આવી ગયેલ; આ બધા સગાંસંબંધીઓએ બનાવ અંગે તેમને કોઈ પૂછપરછ કરેલ નહીં, પરંતુ તેમના ભાઈ ભાવેશભાઈ સાથે બધી વાતચીત કરેલ; બનાવ બાદ તારીખઃ ૧૨.૧૦.૨૦૧૬ ના રોજ પોલીસે તેમની પૂછપરછ કરેલ હોય, તેવું બનેલ નથી. બનાવ બાદ એફ.આઈ.આર. નોંધાઈ, તે સમયગાળા દરમ્યાન તેમને પોલીસને મળવાનું થયેલ નથી કે વકીલશ્રીને મળવાનું થયેલ નહીં.

(૧૪.૬) **બચાવ પક્ષ** તરફે કરવામાં આવેલ **ઊલટતપાસ**માં સદર શાહેદે વધુમાં જણાવેલ છે કે, તેમને બનાવ બાદ તરત જ ફરિયાદ કરવાનું જરૂરી લાગેલ, પરંતુ બધી વિધિઓ પતાવ્યા બાદ આ બધું કરવું જોઈએ, તેવું તેમને લાગેલ; બનાવ બાદ તેમના સગાંસંબંધીઓ બેસવા આવતા હતા, ત્યારે તેમને બનાવ બાબતે કોઈ સાથે વાતચીત થયેલ નહીં તેમજ બનાવ બાબતે કોઈએ તેમની પૂછપરછ કરેલ નહીં. તેમણે વધુમાં જણાવેલ છે કે, બનાવના દસેક વસ પહેલાં એક જ વાર તેમના પિતાજીએ તેમની સાથે ખૂલીને વાત કરેલ; આ સમયે તેમને તેની ચિંતા દૂર કરવા તથા તેની ચિંતા બાબતે

ફરિયાદ કરવાનું જરૂરી લાગેલ, પરંતુ તેમણે આ બાબતે કોઈ ફરિયાદ કરેલ નહીં. **તેમણે સ્વીકારેલ છે કે, બનાવના દસ–બાર દિવસ સુધી તેમના પિતાજીએ જણાવ્યા મુજબની થેલીમાં શું છે, તે જોવાનું તેમને જરૂરી લાગેલ નહીં;** બાકીના સજેશન્સનો શાહેદ દ્વારા મહદ્ અંશે અસ્વીકાર કરવામાં આવેલ છે.

**(૧૫.૧)** ફરિયાદ પક્ષે **શાહેદ નં.૮** તરીકે **મરણ જનારના સંબંધી દિનેશભાઈ વજુભાઈ લુંભાણી**ને **આંક–૩૧** થી તપાસેલ છે. સદર શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ મુકેશભાઇને ઓળખે છે; તેઓ તેમના પત્નીના મામા થતા હતા; મુકેશભાઇ નિવૃત થઇ ગયેલ હતા, પરંતુ તેમના સમાજના માણસોને આર્થિક રીતે મદદ કરતા હતા; મુકેશભાઇએ તેમના સમાજના પારૂલબેન (આરોપી) ને પણ આર્થિક રીતે મદદ કરેલ; પારૂલબેન (આરોપી) તેમના સમાજના હોવાથી તેઓ તેમને ઓળખે છે; પારૂલબેન (આરોપી) મુકેશભાઇ પાસે અવારનવાર આર્થિક સહાય માંગતા હતા, તેને કારણે મુકેશભાઇએ ઝેરી દવા પીને આપઘાત કરેલ; સદર શાહેદે આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

**(૧૫.૨)** **બચાવ પક્ષ** તરફે કરવામાં આવેલ **ઊલટતપાસ**માં સદર શાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આરોપી મરણ જનાર મુકેશભાઈ પાસે આર્થિક સહાય માંગતા હોવાની હકીકત બાબતે તેમને કોઈ જાતમાહિતી નથી.

**(૧૬.૧)** ફરિયાદ પક્ષે **શાહેદ નં.૧૦** તરીકે **મરણ જનારના જમાઈ મનોજભાઈ વિનુભાઈ લુંભાણી**ને **આંક–૩૩** થી તપાસેલ છે. સદર શાહેદે

તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેમના સસરા મુકેશભાઇ ધીરૂભાઇ લોઢીયા હતા અને સાસુ નામે ગીતાબેન આશરે દશેક વર્ષ પહેલાં કેન્સરની બિમારીના કારણે અવસાન પામેલ છે; તેમને બે સાળાઓ છે; તેમના સસરા મુકેશભાઇ તારીખઃ ૧૨.૧૦.૨૦૧૬ ના રોજ અવસાન પામેલ છે; તેમણે આત્મહત્યા કરી લીધેલ; તેમના સમાજના એક પારૂલબેન (આરોપી) નામની વ્યક્તિ છે, તેની અનાજ-પાણીની જરૂરીયાત તેમના સસરા તેના મરણના એક વર્ષથી પૂરી પાડતા હતા; તેમના સસરા નિવૃત્ત હતા અને તેઓ તેમના સમાજના જરૂરીયાતમંદ લોકોને અનાજ પાણીની કીટ આપતા હતા; તેમના સસરાએ જ્યારે ઝેરી દવા પીને આત્મહત્યા કરેલ, તેના એક દિવસ પહેલાં તેમના સાળા ભાવેશભાઇએ તેમને કહેલ કે, "પપ્પા છેલ્લા દશેક દિવસથી ટેન્શનમાં રહે છે, કારણ કે, તેમને કોઇ કલીપ ભાવેશભાઇ અને અશોકભાઇએ બતાવેલ છે અને તે લોકોએ પપ્પાને કહેલ કે, તમે જે પારૂલબેનને મદદ કરો છો, તે પાત્ર યોગ્ય નથી, તમે તેને ઓળખતા નથી, તેથી પપ્પાએ પારૂલબેનને મદદ કરવાનું બંધ કરી દિધેલ છે"; તેમના સાળાએ તેમને એવું પણ કહેલ કે, "ત્યાર પછી પારૂલબેન અવારનવાર પપ્પાને ફોન કરીને ટોર્ચર કરે છે, માનસિક તાણ આપે છે અને હું સમાજમાં તમને બદનામ કરી નાંખીશ, તેવું પપ્પાને કહે છે"; આ વિડિયો કલીપ પારૂલબેન (આરોપી) વિશેની હતી, તેવું ભાવેશભાઇએ તેમને કહેલ.

**(૧૬.૨) સદર શાહેદ નં.૧૦ નાએ તેમની આંક-૩૩ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે,** તેમના સસરા મુકેશભાઇના મરણ અંગેની જાણ તેમને તેમના સાળા નિલેશભાઇ કે નિકુંજભાઇએ કરેલ; તે સમયે તેઓ ઘરે હતા; બનાવની ફરિયાદ તેમના સાળા ભાવેશભાઇએ આપેલ; તેમના સસરાની સ્યુસાઇડ નોટ, તેની વિધિ પૂર્ણ થયા બાદ નિલેશભાઇને તેઓના

ઘરેથી મળી આવવાના કારણે ફરિયાદ આપેલ; નિલેશભાઈએ કહેલ કે, તેઓ પપ્પા સાથે મસ્તી કરતા હતા, ત્યારે પપ્પાએ કહેલ કે, "થેલીમાં મારી વસ્તુઓ છે, તેમાં ચિઠ્ઠી અને ડાયરી છે, તે તમે જોઈ લેજો"; તેમણે સ્યુસાઈડ નોટ પોલીસ સ્ટેશને ગયા બાદ વાંચેલ; સદર શાહેદે આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

**(૧૬.૩)** **બચાવ પક્ષ** તરફે કરવામાં આવેલ **ઊલટતપાસ**માં સદર શાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમણે સૌપ્રથમ વાર સ્યુસાઈડ નોટ પોલીસ સ્ટેશનમાં વાંચેલ; તેમના સસરા બનાવ વખતે નિવૃત્ત હતા; તે પહેલાં તેઓ ટુ વ્હીલર રીપેરીંગનું ગેરેજ ચલાવતા હતા; બનાવના ચારેક વર્ષ અગાઉ તેમણે પોતાનું ગેરેજ બંધ કરી દીધેલ; બનાવના દિવેસ તેમના સાળાનો આશરે દોઢ થી બે વાગ્યે ફોન આવતા, તેઓ તથા તેમના પત્ની સીધા જ હોસ્પિટલે પહોંચેલ; તેઓ હોસ્પિટલે આશરે સવા–બે વાગ્યે પહોંચ્યા ત્યારે તેમના સસરા ભાનમાં હતા, પરંતુ તેમને તેની સાથે વાતચીત કરવાનું બનેલ નથી; હોસ્પિટલમાં અન્ય સગાંસંબંધીઓ ત્યાં આવી ગયેલા હતા; તેમના સસરાના બંને દીકરાઓએ તેમના સસરા સાથે વાતચીત કરેલ; સદર શાહેદે વધુમાં જણાવેલ છે કે, તેઓ પોલીસ સ્ટેશનમાં ત્રણ દિવસ સુધી મૌખિક રજૂઆત તથા અરજ કરવા જતા હતા, પરંતુ તેમની કોઈ ફરિયાદ લેવામાં આવતી ન હતી, તેથી તેઓ સેક્ટર–૧ સી.પી. સાહેબને રૂબરૂ મળવા ગયેલ, જેમણે તેમની ફરિયાદ સાંભળી કાપોદ્રા પોલીસને ફોન કરેલ અને સૂચના આપેલ; ત્યાર બાદ તેઓ કાપોદ્રા પોલીસ સ્ટેશને ગયેલા અને તેઓએ જણાવેલ મૌખિક હકીકત પોલીસે ટાઈપ કરી લીધેલ; તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમના સસરાની અંતિમ ક્રિયા બાદ તેમના સમાજના રીતરિવાજ મુજબ તેમના સસરાના ઘરે રોજ બેસવા જવાનું થતું હતું

અને બનાવ બાબતે વાતચીત કરવાનું પણ થતું હતું; કહેવાતી ક્લીપ અંગે કે આરોપી દ્વારા ટોર્ચર કરવામાં આવતું હોવા અંગે તેમને કોઈ જાતમાહિતી નથી; તેમના સસરા જે સમાજસેવા કરતા હતા, તેની રકમ તેના મોટા દીકરા ભાવેશભાઈ પાસેથી લેતા હતા; તેમના સસરા નિવૃત્ત હોઈ, તેની પાસે સમાજસેવા માટે કોઈ મૂડી ન હતી; તેમના સાળાની બનાવના એક દિવસ પહેલાંની વાત સાંભળીને તેમને આરોપી કે અન્ય કોઈ વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરવાનું જરૂરી લાગેલ નહીં. બાકીના સજેશન્સનો શાહેદ દ્વારા મહદ્ અંશે અસ્વીકાર કરવામાં આવેલ છે.

## સ્વતંત્ર શાહેદોનો પુરાવો

(૧૭) ફરિયાદ પક્ષે **શાહેદ નં.૩** તરીકે **અશોકભાઈ દેવજીભાઈ લાંગડીયા**ને **આંક–૨૧** થી તપાસેલ છે. સદર શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ચાર વર્ષ પહેલાં સી–૭૯, સાગર સોસાયટી, પુણા ગામ ખાતે રહેતા હતા; તેઓ મુકેશભાઈ લોઢીયાને ઓળખતા નથી; તેમને મુકેશભાઈને મળવાનું બનેલ નથી; મુકેશભાઈ તેમની સોસાયટીમાં આવેલ હોય, તેમણે કોઈને પૈસા આપેલ હોય અને તેમની સાથે તેની વાતચીત થયેલ હોય, તેવું બનેલ નથી. તેઓ તેમના ગામના જમાઈ ભાવેશભાઈ નાંઢાને ઓળખે છે; આરોપી તેમના ગામના થતા હોવાથી તેઓ તેમને ઓળખે છે; આરોપીના લગ્ન જુબાની નોંધાયાના સાડા–ત્રણ વર્ષ પહેલાં થયેલ; આરોપીના તે પહેલાં લગ્ન છે. સદર શાહેદે આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

સદર શાહેદ નં.૩ તેમના મૌખિક પુરાવામાં ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતી વિગતો જણાવતા ન હોઈ, **વિ.એ.પી.પી.શ્રીએ** તેમને **વિમુખ** જાહેર કરી ઊલટતપાસ કરેલ છે, પરંતુ તેમાંથી ફરિયાદ પક્ષના કેસને

મદદરૂપ થાય તેવી કોઈ વિગતો રેકર્ડ પર આવતી નથી.

**બચાવ પક્ષ** તરફે કરવામાં આવેલ **ઊલટતપાસ**માં સદર શાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે મુકેશભાઈ લોઢીયા બાબતે પૂછતા તેમણે તેઓને તે બાબતે કોઈ જાણ ન હોવાની હકીકત જણાવેલ.

**(૧૮.૧)** ફરિયાદ પક્ષે **શાહે નં.૭** તરીકે **મરણ જનારના પડોશી લક્ષ્મણભાઈ દુદાભાઈ પટેલ**ને **આંક–૩૦** થી તપાસેલ છે. સદર શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૧૬ માં તેઓ સંતોષી નગરમાં ઘર નં.૨૩૬–૨૩૭ માં તેમના પરીવાર સાથે રહેતા હતા; તેઓ મુકેશભાઇને ઓળખે છે; તે તેમના પડોશી થતા હતા; મુકેશભાઈ પહેલે માળે રહેતા હતા અને તેઓ બીજા માળે રહેતા હતા; મુકેશભાઇ નિવૃત્ત જીવન ગુજારતા હતા; તેમને મુકેશભાઇને અવારનવાર મળવાનું થતું હતું; મુકેશભાઇએ વર્ષ ૨૦૧૬ માં ઝેરી દવા પીને આત્મહત્યા કરેલ; મુકેશભાઇ ઉપર પારૂલબેન (આરોપી) ના ફોન આવતા હતા, તેને કારણે દબાણમાં આવી તેમણે પારૂલબેન (આરોપી) ના ઘરે જઇને ઝેરી દવા પી લીધેલ, તેની તેમને ખબર છે; પારૂલબેન (આરોપી) મુકેશભાઇની જ્ઞાતિના હતા, તેની તેમને ખબર છે; મુકેશભાઇ કામધંધા સિવાય બીજી કોઇ કામગીરી કરતા ન હતા; સદર શાહેદે આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

**(૧૮.૨)** **બચાવ પક્ષ** તરફે કરવામાં આવેલ **ઊલટતપાસ**માં સદર શાહેદ નં.૭ નાએ એ હકીકત જણાવેલ છે કે, મુકેશભાઈને હોસ્પિટલે લઈ ગયા, ત્યારે તેઓ હોસ્પિટલે ગયેલ નહીં; બનાવના દિવસે અને બનાવ બાદના બે–ત્રણ દિવસ સુદી તેમને મુકેશભાઈના ઘરે બેસવા જવાનું થતું હતું; આ દરમ્યાન તેમને મુકેશભાઈના બંને દીકરાઓ તથા ત્યાં આવતા

સગાંસંબંધીઓ સાથે વાતચીત કરવાની થતી હતી. તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, બનાવ અંગે તેમને કોઈ જાતમાહિતી ન હોવા છતાં મુકેશભાઈ તેમના પડોશી થતા હોવાથી, તેમના દીકરાના કહેવાથી તેઓ તેની સાથે પોલીસ સ્ટેશને ગયેલ. પરંતુ તેમણે એ હકીકત સ્વીકારેલ છે કે, આરોપી દ્વારા મુકેશભાઈને કોઈ પણ જાતની હેરાનગતિ હોવા અંગે તેમને કોઈ જાતમાહિતી નથી.

**(૧૯.૧)** ફરિયાદ પક્ષે **શાહેદ નં.૯** તરીકે **મરણ જનારના મિત્ર રણછોડભાઈ જીવરાજભાઈ ભંડેરી**ને **આંક–૩૨** થી તપાસેલ છે. સદર શાહેદે તેમના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, સને ૨૦૧૬ માં તેઓ સાડીનું જોબવર્ક કરતા હતા; તેઓ મરણ જનાર મુકેશભાઇ ધીરૂભાઇને સને ૨૦૧૨ થી ઓળખતા હતા; તેમના પરીવારમાં તેમના બે દીકરાઓ અને એક દીકરી છે; મુકેશભાઇ નિવૃત્ત થઈ ગયેલ હતા અને તેમના દીકરાઓને ત્યાં તેઓ જોબવર્કનું કામ કરતા હતા; મુકેશભાઇને વારંવાર મળવાનું થતું હતું; મુકેશભાઇએ તેમને ઘણી વખત આર્થિક મદદ કરેલ; મુકેશભાઈ તારીખઃ ૧૨.૧૦.૨૦૧૬ ના રોજ અવસાન પામેલ; મુકેશભાઇને કોઇ બ્લેકમેલ કરતું હોવાથી તેમણે આત્મહત્યા કરેલ; મુકેશભાઈએ આત્મહત્યા કરી તેના બે દિવસ પહેલાં તેમને વાત કરેલ કે, પારૂલબેન (આરોપી) જેઓને મુકેશભાઈ આર્થિક મદદ કરતા હતા, તેમને મુકેશભાઈએ મદદ કરવાનું બંધ કરી દેતા પારૂલબેન (આરોપી) એ તેમને બ્લેકમેલ કરવાનું ચાલું કરેલ; તેમને એવું પણ જણાવેલ કે, પારૂલબેન (આરોપી) તેમને વિડીયો ક્લીપથી બ્લેકમેલ કરતા હતા; ત્યાર બાદ બીજા દિવસે મુકેશભાઇએ આત્મહત્યા કરેલ; મુકેશભાઇના દીકરા ભાવેશભાઇએ પોલીસમાં ફરિયાદ આપેલ.

સદર શાહેદના મૌખિક પુરાવાથી ફરિયાદ પક્ષના કેસને પૂર્ણરૂપે સમર્થન પ્રાપ્ત થતું ન હોઈ, **વિ.એ.પી.પી.શ્રી એ તેમને વિમુખ જાહેર કરી ઊલટતપાસ કરેલ છે, જેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એવું બનેલ અને તેમણે તેમના પોલીસ નિવેદનમાં એવું લખાવેલ કે,** *"આજથી એક માસ પહેલાં આ મારા મરણ જનાર મિત્ર મુકેશભાઇ ધીરૂભાઇને પારૂલબેનના બનેવી ભાવેશભાઇ તથા અશોકભાઇ ઘેડીયાએ એક વિડીયો કલીપ બતાવેલી હોય, તે અંગે મુકેશભાઇએ આ વીડીયો કલીપ બાબતે મને બનાવના એક દિવસ પહેલાં વાત કરેલ અને આ વિડીયો કલીપના કારણે આ પારૂલબેન મને સમાજમાં મારી બેઆબરૂ કરી રહેલ હોવાથી મેં પારૂલને મદદ કરવાનુ બંધ કરી દીધેલ અને જેને કારણે પારૂલબેન મને ફોન ઉપર અવારનવાર માનસિક તાણ કરે છે અને સમાજમાં તને બદનામ કરી દઈશ, તેમ જણાવેલ છે અને હવે મારે શુ કરવું, તેના ટેન્શનમાં છુ, તેમ મને જણાવેલ"*; તેમણે વધુમાં સ્વીકારેલ છે કે, એવું બનેલ અને તેમણે તેમના પોલીસ નિવેદનમાં એવું લખાવેલ કે, *"જે પારૂલબેને અતિશય માનસિક તાણ તેમજ આપઘાત કરવા માટેનું દુષ્પ્રેરણ કરેલ, જેના કારણે મુકેશભાઇ ધીરૂભાઇએ ગઈ તારીખઃ ૧૨.૧૦.૨૦૧૬ ના રોજ પારૂલબેનના ઘર પાસે જઈ ઝેરી દવા પી જઈ આત્મહત્યા કરેલ છે, તે સિવાય બીજું કોઇ કારણ નથી".*

**(૧૯.૨)** **બચાવ પક્ષ** તરફે કરવામાં આવેલ **ઊલટતપાસ**માં સદર શાહેદે એવી હકીકત જણાવેલ છે કે, સને ૨૦૧૨ થી તેઓ મુકેશભાઈને ત્યાં સાડીઓનું જોબવર્કનું કામ કરતા હતા; તેમને અને મુકેશભાઈને ઘર જેવા સંબંધો હતા; તેઓ મુકેશભાઈના ઘરે જ્યારે બેસવા ગયેલ, ત્યારે તેના બંને દીકરાઓ તથા તેમના અન્ય સગાંસંબંધીઓ ત્યાં હાજર હતા; આ દરમ્યાન

અને ત્યાર પછી પણ તેમને કોઈની સાથે વાતચીત કરવાનું બનેલ નહીં; તેમને આ અંગેની વાતચીત કરવાનું જરૂરી લાગેલ, પરંતુ તેમણે કરેલ નહીં. તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી દ્વારા કોઈ રકમની માંગણી અંગે કે કોઈ વિડીયો ક્લીપ દ્વારા બ્લેકમેલીંગ કરવા બાબતે તેમને કોઈ જાતમાહિતી નથી. મુકેશભાઈના દીકરાએ બનાવ અંગે ફરિયાદ લખાવેલ, ત્યારે તેઓ તેમની સાથે જ હતા.

**(૨૦)** ફરિયાદ પક્ષે **શાહેદ નં.૧૪** તરીકે **વોડાફોન આઈડીયા લિ. ના નોડલ ઓફિસર મૃદુલ ઉપેન્દ્રભાઈ ભટ્ટ**ને **આંક-૫૬** થી તપાસેલ છે. સદર શાહેદે તેમના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, તેઓ સને ૨૦૨૦ થી વોડાફોન આઈડીયા લિમિટેડમાં અલ્ટરનેટ નોડલ ઓફિસર તરીકે ફરજ બજાવે છે; ડી.ઓ.ટી. ની ગાઈડલાઈન મુજબ, કોઈ પણ મોબાઈલ નંબરના સી.ડી.આર. એક વર્ષ સુધી સાચવી રાખવાના હોય છે અને સને ૨૦૨૧ બાદ આ સમયગાળો બે વર્ષનો કરવામાં આવેલ છે. આ કેસમાં સી.ડી.આર. એક વર્ષના સમયગાળાથી ઉપરના હોઈ, તે મળી શકે તેમ નથી.

## તબીબ શાહેદનો પુરાવો

**(૨૧.૧)** ફરિયાદ પક્ષે **શાહેદ નં.૪** તરીકે **ડૉ.દિપકભાઈ વિનોદભાઈ ગઢીયા**ને **આંક-૨૩** થી તપાસેલ છે. સદર શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખઃ ૧૨.૧૦.૨૦૧૬ ના રોજ તેઓ સ્મીમેર હોસ્પિટલમાં તબીબી અધિકારી તરીકે ફરજ પર હાજર હતા; આ દિવસે વરાછા પોલીસ સ્ટેશન તરફથી અસલ પોલીસ યાદી સાથે પોલીસ કોન્સ્ટેબલ રાજુભાઇ ભીવસનરાવ, મુકેશભાઇ ધીરૂભાઇ લોઢીયાની લાશ, શબ પરિક્ષણ માટે લઈને આવેલ; તેમણે આ લાશનું શબ પરિક્ષણ તારીખઃ

૧૨.૧૦.૨૦૧૬ ના રોજ સાંજે ૦૫:૫૫ કલાકે શરૂ કરી, સાંજે ૭:૦૦ કલાકે પૂર્ણ કરેલ; લાશ ઓળખાયેલ હતી તેમજ ઝેરી દવા પીધાની હિસ્ટ્રી હતી તેમજ પી. પી. સવાણી હોસ્પિટલમાં પહેલાં ટ્રીટમેન્ટ લેવાની હિસ્ટ્રી હતી; બાહ્ય પરીક્ષણ કરતાં લાશ પર સફેદ કફની પાયજામા હતા; જમણા હાથ ઉપર હોસ્પિટલના પાટા હતા; તે સાધારણ બાંધાના હતા; શરીર ઠંડુ હતું; શરીર અકડાઇ જવાની ક્રિયા જોવા મળેલ; પી.એમ. લીવીડીટી શરીરના પાછળના ભાગે દબાણ સીવાયની જગ્યાએ જોવા મળેલ; મોઢું બંધ હતું; જીભ મોઢાની અંદર હતી; બંને આંખો બંધ હતી; બંને હોઠ બ્લુ કલરના હતા; બાહ્ય જનનેન્દ્રિયો પર કોઇ ઈજા ન હતી; લાશ પર કોઈ બાહ્ય ઈજા ન હતી.

**(૨૧.૨)** સદર **શાહેદ નં.૪** નાએ તેમની **આંક–૨૩** ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, આંતરિક ઈજામાં માથાના ભાગે ખોપરીમાં કોઇ ઈજા કે અસ્થીભંગ ન હતા; મગજ કન્જસ્ટેડ હતું; મોઢુ બંધ હતું; જીભ મોઢાની અંદર હતી, ગળાના ભાગે કોઇ ઈજા ન હતી; પાંસળીમાં કોઇ ઈજા ન હતી; બંને ફેફસામાં સોજો હતો; હૃદયનું આવરણ અને સ્નાયુઓ નોર્મલ હતા; કોરોનરી બરાબર હતી; પેટના અંદરના ભાગે કોઇ ઈજા ન હતી; પેટના પોલાણમાં કોઇ પ્રવાહી ન હતું; હોજરી દુર્ગંધ મારતી હતી; હોજરીમાં ૧૭૦ એમ.એલ. અર્ધપચિત ખોરાક હતો, આંતરડામાં ગેસ અને મળ હતા; આ ઉપરાંત લીવર, બરોળ, બંને કીડની કન્જસ્ટેડ હતા; હોસ્પિટલના રેકર્ડ પ્રમાણે દર્દીનુ મૃત્યુ તારીખઃ ૧૨.૧૦.૨૦૧૬ ના રોજ બપોરે ૩:૩૦ કલાકે થયેલ; મૃત્યુનું કારણ કેમીકલ એનાલીસીસ માટે વિશેરાના રીપોર્ટ આવે ત્યાં સુધી પેન્ડીંગ રાખેલ; વિશેરાની ચાર બોટલ સીલબંધ હાલતમાં તેમજ એક કવર સીલબંધ હાલતમાં પોલીસ કોન્સ. પૃથ્વીરાજસિંહને આપેલ; જે બદલની સહી પી.એમ. નોટમાં લીધેલ; તેમણે શબ પરીક્ષણ માટેની પોલીસ

યાદી આંક–૨૪ થી અને શબ પરીક્ષણ અહેવાલ આંક–25 રજૂ કરી તેમાં તેમના હસ્તાક્ષર તથા સહી–સિક્કા હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. વિ.એ.પી.પી. તરફે કરવામાં આવેલ વિશેષ સરતપાસમાં તેમણે જણાવેલ છે કે, આંક–૬૯ ના એફ.એસ.એલ. ના રીપોર્ટ મુજબ, એલ્યુમિનિયમ ફોસ્ફાઈડની હાજરી મળી આવેલ છે, જેથી મરણ જનારનું મૃત્યુ ઉપરોક્ત ઝેરને કારણે થયેલ છે.

## પંચ શાહેદોનો પુરાવો

**(૨૨.૧)** ફરિયાદ પક્ષે **આંક–૧૦** થી **મરણોત્તર પંચનામું** રજૂ કરેલ છે, જેને બચાવ પક્ષે કબૂલ રાખેલ છે. આ ઉપરાંત ફરિયાદ પક્ષે **આંક–૧૨** થી **ગુનાવાળી જગ્યાનું પંચનામું** રજૂ કરેલ છે, જે પંચનામા મુજબ ગુનાવાળી જગ્યા સ્વર્ગ રેસીડન્સીના પાર્કીંગની જગ્યા હતી. સદર બંને પંચનામાઓના પંચ **સુરેશભાઈ હંસરાજભાઈ લોઢીયા**ને ફરિયાદ પક્ષે **શાહેદ નં.૧** તરીકે **આંક–૧૧** થી તપાસેલ છે. તેમણે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખઃ ૧૨.૧૦.૨૦૧૬ ના રોજ વરાછા પોલીસે તેમને ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવા માટે બોલાવેલ; તેમની સાથે બીજા પંચ તરીકે અરવિંદભાઈ હતા; તેઓ પુણા ગામમાં આવેલ સ્વર્ગ રેસીડન્સીમાં ગયેલ; બનાવવાળી જગ્યા એપાર્ટમેન્ટની પાર્કીંગની જગ્યા હતી; આ જગ્યાએ મરણ જનાર મુકેશભાઈએ ઝેરી દવા પીને આત્મહત્યા કરી લીધેલ; તે પંચનામાનું લખાણ પોલીસે જાતે લખેલ; પોલીસ તે લખાણ બોલતી હતી, તે તેઓ સાંભળતા હતા; આ લખાણ પોલીસના માણસો લખતા હતા; પોલીસ તે જગ્યાની દિશાઓ તથા ત્યાં આવેલ તમામ વસ્તુઓનું વર્ણન કહેતી હતી; તે પંચનામું તેમણે વાંચીને તેમાં તેમણે સહી કરેલ; તેમણે આ આંક–૧૨ ના પંચનામામાં પંચ તરીકે તેમની સહી ઓળખી બતાવેલ છે.

**(૨૨.૨) સદર શાહેદ નં.૧ નાએ તેમની આંક–૧૧ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે,** પોલીસે તેમને તારીખઃ ૧૨.૧૦.૨૦૧૬ અને ૧૩.૧૦.૨૦૧૬ ના રોજ બોલાવેલ; તારીખઃ ૧૨.૧૦.૨૦૧૬ ના રોજ તેઓ પી.પી.સવાણી હોસ્પિટલે મરણ જનાર મુકેશભાઈની લાશના પંચનામા માટે ગયેલ; તેમણે મુકેશભાઈની લાશ જોયેલ; તેના શરીર પર કોઈ ઈજાના નિશાન ન હતા; ત્યારે તેમની સાથે બીજા પંચ તરીકે હિતેશભાઈ હતા. તેમણે આંક–૧૦ ના પંચનામામાં તેઓ બંને પંચોની સહી હોવાનું જણાવેલ છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, તારીખઃ ૨૮.૧૦.૨૦૧૬ ના રોજ તેઓ કાપોદ્રા પોલીસ સ્ટેશને ગયેલ ત્યારે તેમણે તેમનું નિવેદન લખાવેલ; મરણ જનાર મુકેશભાઈ તેમના કૌટુંબિક કાકા થાય છે; તેના પરીવારમાં બે દીકરાઓ નામે ભાવેશ અને દિનેશ, તેઓની પત્નીઓ તેમજ તેમની દીકરી ધર્મિષ્ઠાબેન છે, તેણીના લગ્ન થઈ ગયેલ છે અને તે સાસરે રહે છે.

**(૨૨.૩) સદર શાહેદ નં.૧ નાએ તેમની આંક–૧૧ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે,** મુકેશભાઈ સમાજ સેવાનું કામ કરતા હતા, જેમાં કોઈને આર્થિક મદદ કરવી, કોઈને કોઈ કામ હોય, તેમાં મદદ કરતા વગેરે કામ કરતા હતા; આરોપીના બનેવી ભાવેશભાઈએ એક વિડીયો તેમના મોબાઈલમાં મુકેશભાઈને બતાવી કહેલ કે, "તમે પારૂલબેન (આરોપી) ને જે મદદ કરો છો, તે યોગ્ય નથી"; તેથી મુકેશભાઈએ આરોપીને મદદ કરવાનું બંધ કરી દીધેલ; મુકેશભાઈ આરોપીને પૈસા – ઘર જરૂરીયાતની સાધનસામગ્રી બધું પૂરું પાડતા હતા; આરોપી મુકેશભાઈને ફોન કરીને કહેતા હતા કે, તેમને બધી જરૂરીયાતની વસ્તુ જોઈએ છે અને મુકેશભાઈએ મદદ કરવાની ના કહેતા આરોપી મુકેશભાઈને સમાજમાં બદનામ કરી દેવાની

ધમકી આપતા હતા અને ટોર્ચર કરતા હતા; ત્યાર બાદ તારીખઃ ૧૨.૧૦.૨૦૧૬ ના રોજ મુકેશભાઇએ આરોપીના ઘરની નીચે સ્વર્ગ રેસીડન્સીમાં ઝેરી દવા પી લીધેલ; તેમને આ બધી હકીકતો મુકેશભાઈના દીકરા ભાવેશભાઈએ જણાવેલ; તેમને મુકેશભાઈ સાથે વાતચીત થયેલ, ત્યારે મુકેશભાઇએ જણાવેલ કે, આરોપી તેને હેરાન કરે છે.

**(૨૨.૪)** **બચાવ પક્ષ** તરફે કરવામાં આવેલ **ઊલટતપાસ**માં સદર શાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મુકેશભાઈ ધીરૂભાઈ લોઢીયા તેમના કાકા થતા હતા; પોલીસે તેમને મરણ જનારના દીકરા ભાવેશભાઈ મારફત બોલાવેલ; મુકેશભાઈ બનાવ વખતે કોઈ કામધંધો કરતા ન હતા; તેઓ આરોપીને બનાવના આશરે બે વર્ષ અગાઉથી ઓળખે છે; તેઓ આરોપીના ઘરે એક વાર મુકેશભાઈ સાથે ગયેલ; આરોપી, મુકેશભાઈ જે સાડીઓ જોબવર્ક માટે આપતા હતા, તે બનાવવાનું કામ કરતા હતા; તેઓ હોસ્પિટલે પહોંચ્યા ત્યારે ત્યાં હાજર ભાવેશભાઈ, હિતેશભાઈ, નિલેશભાઈ સાથે બનાવ બાબતે વાતચીત કરવાનું થયેલ; તેમને બનાવ પહેલાં મુકેશભાઈને રોજ મળવાનું થતું હતું; તેઓ બનાવના આગલા દિવસે મળેલ.

**(૨૩.૧)** ફરિયાદ પક્ષે **આંક-૧૪** થી **મરણ જનારની સ્યુસાઈડ નોટ તથા તેના કુદરતી લખાણો ધરાવતી નોટબુક કબજે લેવા અંગેનું પંચનામું** રજૂ કરેલ છે. આ પંચનામાની વિગતો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે **શાહેદ નં.૨** તરીકે **પંચ પીયુષભાઈ રમણીકભાઈ રાણીંગા**ને **આંક-૧૩** થી તપાસેલ છે. સદર શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખઃ ૨૮.૧૦.૨૦૧૬ ના રોજ તેમને કાપોદ્રા પોલીસ સ્ટેશને બોલાવવામાં આવેલ; ત્યારે ભાવેશભાઈએ એક સ્યુસાઈડ નોટ રજૂ કરેલ હોવાથી તેમને

સાક્ષી તરીકે બોલાવેલ; ભાવેશભાઇ પાસે સ્યુસાઇડ નોટના બે પાના હતા, તે તેમણે સાહેબને આપેલ; તે પાના લેમીનેશનવાળા હતા; તેમાં એક પાનામાં બંને સાઇડે લખાણ અને બીજા પાનામાં એક સાઈડે લખાણ હતું; તે પાના પોલીસવાળા સાહેબે કબજે લીધેલ તેમજ ભાવેશભાઇએ બીજી એક નોટબુક પોતાની પાસેથી આપેલ, તે નોટબુક પણ પોલીસવાળા સાહેબે કબજે લીધેલ; એ નોટબુક પણ લખાણવાળી હતી; પંચનામુ કર્યું ત્યારે તેમણે સ્યુસાઈડ નોટનું લખાણ વાંચેલ; ત્યાર બાદ પોલીસે પંચનામાનું લખાણ કરેલ; તે તેમણે વાંચેલ; ત્યાર બાદ પોલીસવાળાએ એક કાપલીમાં તેમની સહી લીધેલ અને તે કાપલીને કબજે લીધેલ કાગળોમાં દોરી લગાવી મૂકી દીધેલ. સદર શાહેદે આ પંચનામું આંક–૧૪ થી રજૂ કરી તેમાં પંચ નં.૧ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, પોલીસ સ્ટેશનમાં તે સમયે ભાવેશભાઈ નામની બીજી એક વ્યક્તિ હતી, જે વ્યક્તિ તેમની સાથેના બીજા પંચ હોવાનું પોલીસે જણાવેલ; તેમણે આંક–૧૫ અને ૧૬ થી મરણ જનારની સ્યુસાઈડ નોટના બે કાગળો રજૂ કરેલ છે અને મરણ જનારની સ્યુસાઈડ નોટ સાથે રાખવામાં આવેલ પંચ સ્લીપ આંક–૧૭ અને ૧૮ થી રજૂ કરેલ છે. આ ઉપરાંત તેમણે આંક–૧૯ થી એક પીળા કલરની નોટબુક રજૂ કરેલ છે અને આ નોટબુક તેમની રૂબરૂ કબજે લેવામાં આવેલ તે જ હોવાનું જણાવેલ છે. તેમણે આંક–૧૯ ની નોટબુક સાથે રાખવામાં આવેલ પંચ સ્લીપ આંક–૨૦ થી રજૂ કરી તેમાં પંચ નં.૧ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. આંક–૧૯ ની નોટબુકમાં પંચ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે; આ ઉપરાંત આંક–૧૪ થી ૨૦ ના દસ્તાવેજોમાં તેમની સાથે હાજર બીજા પંચની સહી હોવાનું જણાવેલ છે; તેમણે વધુમાં જણાવેલ છે કે, પંચનામા માટે તેઓ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં રાત્રે ૯.૦૦ વાગ્યે ગયેલ અને

રાત્રે આશરે ૧૧.૦૦ વાગ્યા સુધી કાર્યવાહી ચાલેલ.

**(૨૩.૨)** **બચાવ પક્ષ** તરફે કરેવામાં આવેલ **ઊલટતપાસ**માં સદર શાહેદ નં.૨ નાએ એવી હકીકત જણાવેલ છે કે, ભાવેશભાઈ તેમના બનેવી થાય છે; તેમણે પોલીસને લખાવેલ હોય અને તે પ્રમાણે પોલીસે લખેલ હોય, તેવું બનેલ નથી.

## પોલીસ શાહેદોનો પુરાવો

**(૨૪.૧)** ફરિયાદ પક્ષે **શાહેદ નં.૧૧** તરીકે અકસ્માત મોત નોંધની તપાસ કરનાર **એ.એસ.આઈ. શંકરભાઈ રણછોડભાઈ પટેલ**ને **આંક–૩૬** થી તપાસેલ છે. સદર શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખઃ ૧૨.૧૦.૨૦૧૬ ના રોજ તેઓ વરાછા પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ઇન્વે. ચાર્જમાં હતા, તે દરમ્યાન પી.એસ.ઓ. તરફથી વરાછા પોલીસ સ્ટેશન અક્સમાત મોત નં.૧૮૮/૨૦૧૬, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૭૪ મુજબ દાખલ કરી, આગળની તપાસ તેમને સોંપતા, તેમણે તપાસ સંભાળી, પી.પી.સવાણી હોસ્પિટલે જઇ, મરણ જનાર મુકેશભાઇ ધીરૂભાઇ લાઠીયાએ ઘરની નજીક કોઇ ઝેરી દવા પીધેલ હોઈ, જેને પી.પી.સવાણી હોસ્પિટલમાં આઇ.સી.યુ. વોર્ડમાં દાખલ કરેલ; જે ૧૫.૩૦ કલાકે સારવાર દરમ્યાન અવસાન પામેલ, જેથી તેનું મરણોત્તર પંચનામું કરી પી.એમ. માટે મોકલી આપેલ; ત્યાર બાદ તપાસ દરમ્યાન લાગતા વળગતા શાહેદોના નિવેદન નોંધેલ અને બનાવવાળી જગ્યાનું પંચનામું કરતાં સદર જગ્યા પુણા ગામ અર્જુન નગર, બિલ્ડિંગ નં.ડી ના પાર્કીંગમાં બનેલ; જે જગ્યા કાપોદ્રા પોલીસ સ્ટેશનની હદમાં હોઈ, વધુ તપાસ માટે કરેલ તપાસના કાગળ પોલીસ ઈન્સ્પેક્ટર કાપોદ્રા પોલીસ સ્ટેશન, સુરતને પોલીસ ઈન્સ્પેક્ટર,

વરાછા પોલીસ સ્ટેશન મારફત મોકલી આપેલ; આગળની તપાસ કાપોદ્રા પોલીસ સ્ટેશનના અધિકારીએ કરેલ; તેમણે આંક–૧૦ ના પંચનામામાં તેમની તથા બંને પંચોની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તેમણે આંક–૩૭ થી એફ.એસ.એલ. કચેરી, સુરતને તારીખઃ ૧૪.૧૦.૨૦૧૬ ના રોજ વિશેરાઓનું પૃથક્કરણ કરી યોગ્ય અભિપ્રાય આપવા બાબતે લખેલ પત્ર રજૂ કરી તેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે. આ ઉપરાંત તેમણે આંક–૧૨ ના પંચનામામાં બંને પંચોની અને એ.એસ.આઈ. તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે, વધુમાં તેમણે આંક–૩૮ થી એફ.એસ.એલ., સુરત દ્વારા આપવામાં આવેલ પહોંચ રજૂ કરેલ છે.

**(૨૪.૨)** **બચાવ પક્ષ** તરફે કરવામાં આવેલ **ઊલટતપાસ**માં સદર શાહેદ નં.૧૧ નાએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ હોસ્પિટલે જઈ, મરણ જનારના સગાંસંબંધીઓ, પરીવારજનો તથા મિત્રોની પૂછપરછ કરી બનાવ બનવાનું કારણ જાણવા પ્રયાસ કરેલ; આ દરમ્યાન કોઈએ પણ મરણ જનારનું આત્મહત્યા કરવા પાછળનું કારણ જણાવેલ નહીં કે તે અંગે કોઈ આધાર રજૂ કરવામાં આવેલ નહીં; તેમણે મરણ જનારને કોઈની સાથે દુશ્મની, ઝઘડો કે અન્ય કોઈથી ત્રાસ હતો કે કેમ, તે બાબતે જાણવાનો પ્રયાસ કરેલ, પરંતુ તેમની તપાસ દરમ્યાન તેમને કોઈ વિગતો જાણવા મળેલ નહીં.

**(૨૫.૧)** ફરિયાદ પક્ષે **શાહેદ નં.૧૨** તરીકે **પી.એસ.ઓ. શાંતારામ બાજીરાવ પાટીલ**ને **આંક–૩૯** થી તપાસેલ છે. સદર શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખઃ ૨૧.૧૦.૨૦૧૬ ના રોજ તેઓ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતા;

અકસ્માત મોત નં.૧૧૨/૨૦૧૬ ના કામે મરણ જનાર મુકેશ ધીરૂભાઇ લોઢીયા તારીખઃ ૧૨.૧૦.૨૦૧૬ ના ૧૫.૪૦ કલાકે કોઈ અગમ્ય કારણસર ઝેરી દવા પી જતાં સારવાર માટે તેમના જમાઈ મનોજભાઇ સારવાર માટે લઇ આવેલ અને સારવાર દરમ્યાન મરણ ગયેલ અને તેના શબ પરીક્ષણ માટે જીતુભાઇ કનુસિંહ ચૌધરી હે.કો. લઇ ગયેલ; તેઓ પી.એસ.ઓ. તરીકે હાજર હોઈ, ઉપરોક્ત અકસ્માત મોતની નોંધ સ્ટેશન ડાયરીમાં યુ.ડી/૧૧૨ /૨૦૧૬ નંબરથી કરેલ; જે સંબંધે તેમણે સ્ટેશન ડાયરીના ઉતારાની નકલ આંક–૪૦ થી રજૂ કરી તેમાં પી.એસ.ઓ. તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે, આંક–૪૧ થી અકસ્માત મોત નોંધના ઉતારાની નકલ રજૂ કરી, તેમાં તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

**(૨૫.૨)** બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાં સદર શાહેદ નં.૧૨ નાએ જણાવેલ છે કે, અકસ્માત મોત નોંધ પહેલાં વરાછા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અકસ્માત મોત નં.૧૮૮/૨૦૧૬ ના આધારે કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં કરવામાં આવેલ તપાસ આધારે તેમણે અકસ્માત મોતની નોંધ કરેલ છે.

**(૨૬.૧)** ફરિયાદ પક્ષે **શાહેદ નં.૧૩** તરીકે **તપાસ કરનાર અધિકારી પી.એસ.આઈ. વિક્રમસિંહ ભારતસિંહ કોઠીયા**ને **આંક–૪૩** થી તપાસેલ છે. સદર શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખઃ ૨૮.૧૦.૨૦૧૬ ના રોજ તેઓ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. તરીકે ફરજ પર હાજર હતા, ત્યારે પી.એસ.ઓ. એ હાલનો ગુનો દાખલ કરી, આગળની તપાસ તેમના તરફ મોકલતા, તેમણે ફરિયાદના અનુસંધાને ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ; લાગતા–વળગતા શાહેદોના નિવેદનો

નોંધેલ તેમજ ફરિયાદીએ તેના પિતાએ લખેલ સ્યુસાઇડ નોટ તથા તેમના હસ્તાક્ષરની નોટબુક રજૂ કરતા પંચનામા વિગતે કબજે લેવામાં આવેલ અને એફ.એસ.એલ. ગાંધીનગર તરફ ચકાસણી અર્થે ફોર્મ ભરી મોકલી આપેલ; આ કામે મરણ જનાર તથા આરોપીના મોબાઈલ ફોનની કોલ ડિટેઈલ મેળવવા તજવીજ કરેલ; મરણ જનારે સ્યુસાઇડ નોટ તથા નોટ બુકમાં મોબાઈલ નંબરો લખેલ, તે ઈસમોના નામઠામ મેળવી ગુનાના કામે પૂછપરછ કરી નિવેદનો નોંધવામાં આવેલ; પૂરતા પુરાવા આધારે આરોપીને અટક કરેલ; મરણ જનાર વરાછા પોલીસ સ્ટેશનની હદમાં મરણ ગયેલ, જે અંગે અકસ્માત મોત નોંધ દાખલ થયેલ, જેના કેસ કાગળો મેળવી તપાસના કામે સામેલ રાખેલ; આ કામના ફરિયાદીએ પોલીસ કમિશ્નર, સુરતને કરેલ અરજીની નકલ તપાસના કામે સામેલ રાખેલ; ફરીયાદીએ રજૂ કરેલ સી.ડી. તપાસના કામે સામેલ રાખેલ; આ કામે જરૂરી આધાર પુરાવા આધારે આરોપી વિરુદ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ. તેમણે આંક–૨૭ ની ફરિયાદમાં ફરિયાદીની અને રૂબરૂ તરીકે તેમના પોલીસ સ્ટેશનના પી.આઈ.ની સહી હોવાનું જણાવેલ છે; આંક–૧૪ ના પંચનામામાં બંને પંચોની અને રૂબરૂ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને તેમાં લખેલ હકીકત ખરી હોવાનું જણાવેલ છે; આંક–૧૫ વાળી સ્યુસાઈડ નોટ તેમજ આંક–૧૯ ની બુક, આંક–૧૪ ના પંચનામા અન્વયે કબજે લેવામાં આવેલ, તે જ હોવાનું જણાવેલ છે; તેમણે આંક–૧૭, ૧૮ અને ૨૦ ની પંચ સ્લીપોમાં બંને પંચોની અને રૂબરૂ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. આ ઉપરાંત તેમણે આંક–૧૨ ના પંચનામામાં બંને પંચોની અને રૂબરૂ તરીકે એ.એસ.આઈ. શંકરભાઈની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને તેમાં લખેલ હકીકત ખરી હોવાનું જણાવેલ છે. વધુમાં તેમણે આંક–૪૪ થી મરણ જનારનો ઈ.સી.જી. રીપોર્ટ અને બ્લડ

રીપોર્ટ રજૂ કરેલ છે; આંક–૪૫ થી ફરિયાદી ભાવેશભાઈએ તેમની સમક્ષ રજૂ કરેલ એક ડી.વી.ડી. અને પેન ડ્રાઈવ રજૂ કરી ઓળખી બતાવેલ છે; સદર પેનડ્રાઈવ તથા ડી.વી.ડી. ના કન્ટેન્ટ્સ પુરવાર કરવાની શરતે તથા ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) ની પૂર્તતા કરવાની શરતે તેને આંકે પાડવામાં આવેલ છે. આ ઉપરાંત આંક–૪૧ ના સ્ટેશન ડાયરીનો ઉતારો તેમણે તપાસના કામે કબજે લીધેલ, તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે; આ ઉપરાંત આંક–૩૭ અને ૩૮ થી રજૂ કરવામાં આવેલ રવાનગી નોંધ તથા એફ.એસ.એલ. ની પહોંચ તપાસના કામે કબજે લીધેલ, તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. વિશેષમાં તેમણે આંક–૪૬ થી એફ.એસ.એલ. ને લખવામાં આવેલ રવાનગી પત્ર રજૂ કરી તેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે; આંક–૪૭ થી પોલીસ કમિશ્નરશ્રીને હસ્તાક્ષર નિષ્ણાંતને નમૂના મોકલાવા માટે લખવામાં આવેલ પત્ર રજૂ કરી તેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે; આંક–૪૮ થી હસ્તાક્ષર નિષ્ણાંતને અભિપ્રાય આપવા બાબતે લખવામાં આવેલ પત્ર રજૂ કરી તેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે; આંક–૪૯ થી એફ.એસ.એલ. ને મુદ્દામાલ મળ્યાની પહોંચ રજૂ કરી, ઓળખી બતાવેલ છે; આંક–૫૦ થી એફ.એસ.એલ. નો રવાનગી પત્ર અને અહેવાલ તેમજ આંક–૫૧ થી ત્રણ મોબાઈલ નંબરોના સી.ડી.આર. મેળવવા માટે લખવામાં આવેલ યાદી રજૂ કરેલ છે. વધુમાં તેમણે વિમુખ જાહેર થયેલ શાહેદોની જુબાનીના વિરોધાભાસ પુરવાર કરેલ છે અને આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

**(૨૬.૨) સદર શાહેદ નં.૧૩ નાએ તેમની આંક–૪૩ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે,** તેમણે તપાસના કામે આરોપી તથા મરણ જનારની કોલ ડિટેઈલ મેળવેલ; જે તેમણે આંક–૫૨ થી રજૂ કરેલ છે અને

અનુ. નં.૨ ઉપર આરોપીએ મરણ જનાર સાથે તે દિવસે મોબાઈલ પર વાત કરેલ, તેની વિગત હોવાનું જણાવેલ છે અને બાકીની વિગત પણ આરોપી તથા મરણ જનારની જ હોવાનું જણાવેલ છે.

**(૨૬.૩)** **બચાવ પક્ષ** તરફે કરવામાં આવેલ **ઊલટતપાસ**માં સદર શાહેદે એ હકીકત સ્વીકારેલ છે કે, આંક–પર ની કોલ ડીટેઈલમાં દર્શાવેલ મોબાઈલ નંબર કોની માલિકીના છે અથવા કઈ વ્યક્તિ તે ઉપયોગમાં લેતી હતી, તેના કોઈ નામ કે સરનામા જણાવેલ નથી; આ અંગે કોઈ દસ્તાવેજી પુરાવા તેમણે કબજે લીધેલ નથી; આ કોલ ડીટેઈલ્સની ખરાઈ બાબતે તેમણે કોઈ અધિકારીનું પ્રમાણપત્ર મેળવેલ નથી. તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મરણ જનારના પરીવારજનોએ કે અન્ય કોઈએ કોઈના વિરુદ્ધ શંકા કે વહેમ હોવા અંગેની જાણ કે ફરિયાદ કરેલ હોય, તેવું બનેલ નથી. અકસ્માત મોતની તપાસના કામે પણ મરણ જનારના પરીવારજનોએ કોઈના વિરુદ્ધ શંકા કે વહેમ હોવા અંગેની હકીકત જણાવેલ હોય, તેવું બનેલ નથી; હાલના ગુનાની ફરિયાદ ૧૬ દિવસ મોડી આપવા અંગે ફરિયાદીએ તેમની ફરિયાદમાં કોઈ વાજબી કારણ જણાવેલ નથી કે તેમની તપાસમાં પણ ખૂલેલ નથી. આંક–૧૫ વાળી સ્યુસાઈડ નોટ ફરિયાદીએ લેમીનેશન કરીને રજૂ કરેલ.

**(૨૬.૪)** **બચાવ પક્ષ** તરફે કરવામાં આવેલ **ઊલટતપાસ**માં સદર શાહેદે એ હકીકત સ્વીકારેલ છે કે, તેમણે તપાસના કામે મરણ જનારના કોઈ બેંક એકાઉન્ટ કે અન્ય કોઈ સરકારી કે અર્ધસરકારી ઓફિસમાં કોઈ હસ્તાક્ષરના નમૂના મેળવેલ નથી; મરણ જનારના દીકરાએ રજૂ કરેલ લખાણ ખરેખર મરણ જનારના જ હસ્તાક્ષર છે કે કેમ, તે અંગે તેમણે અન્ય કોઈ તપાસ કરેલ

નથી; તેમણે વધુમાં સ્વીકારેલ છે કે, આ કામે કોઈ ગુનાહિત વિડીયો મળી આવેલ નથી કે કોઈ પણ શાહેદે કોઈ ગુનાહિત વિડીયો કલીપ જોયેલ હોય, તેવું તેમની તપાસમાં ખૂલેલ નહીં; તેમની સમક્ષ રજૂ થયેલ કોઈ પણ સી.ડી. માં કોઈ ગુનાહિત હકીકત જણાઈ આવેલ હોય, તેવું બનેલ નથી.

**(૨૬.૫) કોર્ટ દ્વારા સદર શાહેદ નં.૧૩ તપાસ કરનાર અધિકારીની પૃચ્છા કરવામાં આવેલ કે,** આ કેસમાં શાહેદોએ એવું જણાવેલ કે, આ કેસમાં મરણ જનારને આરોપી બ્લેકમેઈલ કરતા હોય, તેવી કલીપો હતી, તો અંગે તમે શું તપાસ કરેલ અને આવી કોઈ કલીપ તમે આ કામે કબજે કરી રજૂ કેમ ન કરેલ? **જેના જવાબમાં સદર શાહેદે જણાવેલ છે કે,** આ કામે ફરિયાદીએ જણાવેલ શાહેદોના મોબાઈલ નંબરોના આધારે શાહેદોને બોલાવી તેઓની બનાવ સંબંધે પૂછપરછ કરેલ તેમજ તેઓના મોબાઈલ ફોનના ડેટામાં આવી કલીપો બાબતે ચકાસણી કરેલ, પરંતુ આવી કોઈ કલીપો જણાયેલ નથી તેમજ શાહેદોએ આ કલીપ બાબતે વાતોવાતથી હકીકત જાણેલાની વિગત જણાવેલ હતી; આવી કોઈ કલીપ મળી આવેલ નથી; તેથી આ કામે આવો કોઈ પુરાવો રજૂ કરેલ નથી.

**ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલા ઉપરોક્ત મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું મૂલ્યાંકનઃ–**

**(૨૭.૧)** ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલા ઉપરોક્ત મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું મૂલ્યાંકન કરતાં પહેલાં એ હકીકત નોંધનીય છે કે, ફોજદારી કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો ખાસ કરીને જુદી જુદી નામદાર વડી અદાલતો અને નામદાર સર્વોચ્ચ અદાલતના જુદા જુદા ચૂકાદાઓ અન્વયે પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, ફરિયાદ પક્ષે પોતાનો કેસ સંપૂર્ણપણે

એટલે કે નિઃશંકપણે અને સચોટપણે પુરવાર કરવો જોઈએ. નામદાર સર્વોચ્ચ અદાલતના તાજેતરના જુદા જુદા ચૂકાદાઓ મુજબ, અદાલતે ઘઉંમાથી કાંકરા નહીં, પરંતુ કાંકરામાંથી ઘઉં શોધવાના હોય છે; એટલે કે, નામદાર સર્વોચ્ચ અદાલતના ધ્યાન પર આવેલ છે કે, ફરિયાદ પક્ષના કેસમાં ક્યારેક નબળાઈ, ખોટ અથવા તો અધૂરાપણું જણાતું હોય છે, પરંતુ તેને કારણે અથવા તો ફરિયાદ પક્ષના તપાસ કરનાર અધિકારીની બેદરકારીના કારણે ફરિયાદ પક્ષનો કેસ સંપૂર્ણપણે ફેંકી દઈ શકાય નહીં; કારણ કે, સત્ય એ સત્ય જ રહે છે; એટલું જ નહીં પરંતુ ફરિયાદ પક્ષના કેસના તપાસ કરનાર અધિકારીએ ખોટી રીતે તહોમતદારને કોઈ ગુનામાં સંડોવી દીધેલ હોય તો સ્વાભાવિક રીતે અદાલતે સંપૂર્ણ રીતે જાગૃત રહીને નિર્દોષ વ્યક્તિને સજા ન થઈ જાય અને તે જ રીતે તહોમતદાર સજામાંથી કે ગુનામાંથી છટકી ન જાય, તે બાબત પણ નમ્રતાપણે ફોજદારી અદાલતે જોવાની હોય છે. તેવી જ રીતે ફરિયાદ પક્ષના કેસમાં ઘણા બધા સાક્ષીઓને તપાસ્યા છે કે કેમ? એટલે કે, ફરિયાદ પક્ષના સાક્ષીઓનો જથ્થો (quantity) જોવાનો હોતો નથી, પરંતુ ફરિયાદ પક્ષના જે જે સાક્ષીઓની જુબાની થઈ હોય, તેઓના પુરાવાની ગુણવત્તા (quality) જોવાની હોય છે; એટલે કે, પુરાવાનું મૂલ્યાંકન એ રીતે કરવાનું હોય છે કે જેથી કરીને સત્ય હકીકત બહાર આવે અને "વિક્ટીમોલોજી" એટલે કે ભોગ બનનારને સાચો ન્યાય મળી શકે અને ફોજદારી કાયદા અન્વયેના સિદ્ધાંત જળવાઈ રહે તેમજ આરોપીને કોઈ પૂર્વગ્રહ ન થાય, તે તમામ પાસાઓ અદાલતે તપાસવાના હોય છે. નામદાર સર્વોચ્ચ અદાલતના તાજેતરના ચૂકાદાઓ પ્રમાણે માત્ર એક સાક્ષીનો પુરાવો જો કુદરતી, વાસ્તવિક, માનવાલાયક, ભરોસાપાત્ર અને વિશ્વસનીય જણાઈ આવતો હોય તો તેવા એકમાત્ર શાહેદની જુબાની માનીને પણ સજા થઈ શકે. તેવી જ રીતે ફરિયાદ પક્ષે ૪૦–૫૦ શાહેદો તપાસેલા હોય અને તેઓનો

પુરાવો માનવાલાયક, કુદરતી, ભરોસાપાત્ર તેમજ વિશ્વસનીય ન હોય તો તેવા ૪૦–૫૦ શાહેદોની જુબાની પણ ન માનીને તહોમતદારને નિર્દોષ ઠરાવી શકાય છે. ટૂંકમાં દરેક કેસના સંજોગો અને હકીકતો અલગ–અલગ હોય છે. અદાલતે દરેક કેસની હકીકતો, સંજોગો અને રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લઈ કેસનો ગુણદોષ પર નિર્ણય કરવાનો હોય છે.

**(૨૭.૨)** તેવી જ રીતે ન્યાયતંત્રના સ્થાપિત સિદ્ધાંત મુજબ, "**પુરાવાનું મૂલ્યાંકન**" શબ્દને પુરાવાના કાયદામાં ક્યાંય વ્યાખ્યાબદ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનૂન સમર્થિત કોઈ નિયમ નથી; પુરાવાનું મૂલ્યાંકન કેવી રીતે કરવું, તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે. પુરાવાના મૂલ્યાંકનનો આધાર ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩ માં કરવામાં આવેલ સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારીત છે. સાબિત થયેલી હકીકતો કોને કહેવાય, તે જોવામાં આવે તો, અદાલત સમક્ષ રજૂ થયેલી હકીકતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યક્તિ જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

**(૨૭.૩)** ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિદ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે, જ્યારે શાહેદ સોગંદ પર જુબાની આપે છે, ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહિતી મુજબ સાચું જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરુદ્ધની હકીકતો સાબિત કરવામાં આવે; જ્યાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ન આવે કે, શાહેદને ખોટું બોલવા માટે કોઈ કારણ છે, ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. ફોજદારી ન્યાય પ્રક્રિયામાં સત્ય શું છે, તેનો નિર્ણય કરવા માટે ફરિયાદ પક્ષ દ્વારા પ્રસ્તુત

કરવામાં આવેલ પુરાવાની છણાવટ પર આધાર રહેલ છે; પુરાવાની છણાવટ કેવી રીતે કરવી, તે માટેના કોઈ ચોક્કસ નિયમો ઘડવામાં આવેલ નથી, કારણ કે, દરેક કેસની હકીકતો, પુરાવો, આજુબાજુના પરીબળો, તે તમામે તમામ હકીકતો ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે.

**(૨૭.૪)** નામદાર સર્વોચ્ચ અદાલતે **ઉત્તર પ્રદેશ રાજ્ય વિ. ક્રિષ્ના માસ્તર – ૨૦૧૦ ક્રિમિનલ લો જર્નલ પાના નં.૩૮૮૯** ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત મુજબ, જ્યારે કોઈ ફોજદારી કેસમાં કેસની પરિસ્થિતિ, તમામ પરીબળો તેમજ ફરિયાદ પક્ષ તરફથી રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરવાનું હોય ત્યારે તેમાં વિરોધાભાસ, અતિરેકના કારણે ફરિયાદ પક્ષના સમગ્ર કેસને અસર થતી ન હોય તો તેવો પુરાવો સ્વીકારી શકાય છે, કારણ કે, ક્યારેક આવી વિસંગતતા, વિરોધાભાસ અગર તો અતિરેક્તા શાહેદ એવા ભય સાથે ઉત્પન્ન કરતા હોય છે કે, અદાલત તેના પર અવિશ્વાસ કરી ન બેસે તેમજ શાહેદોની દિવસો સુધી લાંબી–લાંબી ઊલટતપાસ કરવામાં આવતી હોય ત્યારે સ્વાભાવિક રીતે જ તેઓના પુરાવામાં વિરોધાભાસ, અતિરેક આવે.

**(૨૭.૫)** નામદાર સર્વોચ્ચ અદાલતે સદર ચૂકાદામાં એવું પણ જણાવેલ છે કે, ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરેલ પુરાવાનું જીવનની વાસ્તવિક્તાને નજર સમક્ષ રાખીને મૂલ્યાંકન કરવું જોઈએ, માત્ર ટેકનીકલ કારણોસર આખોય પુરાવો "ડિસકાર્ડ" કરવો જોઈએ નહીં. શાહેદે જુબાની કઈ પરિસ્થિતિમાં અને કેવા સંજોગોમાં આપેલ છે, કઈ પરિસ્થિતિમાં બનાવ બનેલ છે, બનાવ બન્યા બાદની સ્થિતિ, શાહેદનું જ્ઞાન, બનાવ વખતના પરીબળો વગેરે બાબતોને અનુલક્ષીને જ પુરાવાનું મૂલ્યાંકન કરવું જોઈએ.

## મરણ જનારનું આત્મહત્યાના કારણે મૃત્યુ

**(૨૮.૧)** કાયદાના ઉપરોક્ત પ્રસ્થાપિત સિદ્ધાંતોના પરીપેક્ષમાં આરોપી વિરુદ્ધનું તહોમત જોવામાં આવે તો, આ કામે આરોપી વિરુદ્ધ **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬, ૩૮૩, ૩૮૪** મુજબના ગુનાનો આક્ષેપ મૂકવામાં આવેલ છે. આ કલમ હેઠળ આત્મહત્યામાં મદદગારી કરવામાં આવે, તે કૃત્ય કે કાર્યલોપ ગુનો ગણાય છે અને તેથી મરનારનું મૃત્યુ આત્મહત્યા કરવાના કારણે થયું હતું, તે હકીકત સર્વ પ્રથમ સાબિત કરવી જરૂરી છે. મૃત્યુ કુદરતી કારણસર હોય કે અકુદરતી કારણે પણ થાય. આવું મૃત્યુ અકુદરતી કારણે થાય ત્યારે અકસ્માત પણ હોઈ શકે, જે શક્યતાનો ઈન્કાર થઈ શકે નહીં. માત્ર મૃત્યુ સાબિત થવાથી આ કલમ લાગુ કરી શકાય નહીં, પરંતુ આ **મૃત્યુ આત્મહત્યા છે, તે હકીકત પુરવાર કરવી જોઈએ**. આ મુદ્દા સંબંધે રેકર્ડ પર આવેલ પુરાવો જોવામાં આવે તો, આ કામે **આંક–૧૦** થી **મરણોત્તર પંચનામું** રજૂ કરવામાં આવેલ છે, **જે પંચનામા મુજબ, મરણ જનારની લાશ સુરતની પી.પી.સવાણી હોસ્પિટલના આઈ.સી.યુ. વોર્ડમાં હતી; મરણ જનારના શરીર પર ઈજાના કોઈ નિશાન જણાઈ આવેલ નથી; પંચો તથા પોલીસના મતે મરણ જનારના મોતનું દેખિતું કારણ એ છે કે, મરણ જનારે કોઈ અગમ્ય કારણસર પોતાના ઘરની નજીક રોડ પર કોઈ ઝેરી દવા પી જતાં ૧૪:૫૦ કલાકે સારવાર માટે તેમના જમાઈ મનોજભાઈ હોસ્પિટલે લઈ આવતા, સારવાર દરમ્યાન ૧૫:૩૦ કલાકે મરણ ગયેલ છે, તેમ છતાં તેમના મોતનું ચોક્કસ કારણ જાણવા શબ પરીક્ષણ કરવા અભિપ્રાય આપેલ છે.** સદર પંચનામું બચાવ પક્ષે કબૂલ રાખેલ છે. આમ, **આંક–૧૦ ના પંચનામા આધારે મરણ જનારે ઝેરી દવા પી લેતાં, તેનું સારવાર દરમ્યાન મોત નીપજેલ હોવાનું ફલિત થાય છે.**

**(૨૮.૨)** મરણ જનારની લાશનું શબ પરીક્ષણ કરનાર **ડૉ.દિપકભાઈ વિનોદભાઈ ગઢીયા (શાહેદ નં.૪, આંક–૨૩)** ના મૌખિક પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, તેમના જણાવ્યા મુજબ, મરણ જનારે ઝેરી દવા પીધાની હિસ્ટ્રી હતી; તેના શરીર પર કોઈ બાહ્ય કે આંતરિક ઈજા ન હતી; તેમણે મૃત્યુનું કારણ કેમીકલ એનાલીસીસના રીપોર્ટ માટે પેન્ડીંગ રાખેલ; આ અંગેનો ઉલ્લેખ આંક–૨૫ ના શબ પરીક્ષણ અહેવાલમાં પણ કરવામાં આવલ છે. ત્યાર બાદ **આંક–૬૯ ના એફ.એસ.એલ. ના ઝેરશાસ્ત્ર વિભાગના પરીક્ષણ અહેવાલ આધારે તેમણે જણાવેલ છે કે, મરણ જનારના શરીરમાંથી લેવામાં આવેલ વિશેરામાં એલ્યુમિનિયમ ફોસ્ફાઈડની હાજરી મળી આવેલ છે, જેથી મરણ જનારનું મૃત્યુ ઉપરોક્ત ઝેરને કારણે થયેલ છે**.

**(૨૮.૩)** મરણ જનારે ઝેરી દવા પી લેતાં અને સારવાર દરમ્યાન તેઓ અવસાન પામતા તે અંગે સૌપ્રથમ વરાછા પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોત નોંધ નં.૧૮૮/૨૦૧૬ દાખલ થયેલ. ત્યાર બાદ સદર ગુનો કાપોદ્રા પોલીસ સ્ટેશનની હકૂમતનો હોઈ, કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં **અકસ્માત મોત નોંધ નં.૧૧૨/૨૦૧૬** થી દાખલ કરવામાં આવેલ. ત્યાર બાદ **તારીખઃ ૨૮.૧૦.૨૦૧૬** ના રોજ આ કામના **ફરિયાદી ભાવેશભાઈ મુકેશભાઈ લોઢીયા (શાહેદ નં.૫)** એ મરણ જનારની સ્યુસાઈડ નોટના આધારે હાલના ગુનાની **ફરિયાદ (આંક–૨૭)** નોંધાવેલ.

**(૨૮.૪)** ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓના ઉપરોક્ત મૂલ્યાંકન આધારે **એ હકીકત પુરવાર થાય છે કે, મરણ જનારનું મૃત્યુ ઝેરી દવા પી લેવાના કારણે થયેલ છે, જે એ હકીકતનો નિર્દેશ કરે છે કે, મરણ જનારે આત્મહત્યા કરેલ છે**.

## **આત્મહત્યામાં મદદગારી**

**(૨૯.૧)** તમામ આત્મહત્યામાં મદદગારી હોય છે, તેમ કહી શકાય નહીં. ક્યારેક આત્મહત્યા કરનારની નિર્બળતા, આવેગ, આવેશ, લાગણીશીલતા, ક્રોધ, નિરાશા કે સમજણનો અભાવ પણ વ્યક્તિને આત્મહત્યા કરવા દોરી જાય છે. હાલના કેસમાં મરણ જનારનું મૃત્યુ આત્મહત્યાના કારણે થયેલ છે, તે હકીકત પુરવાર થયા બાદ પ્રશ્ન આવે કે, મરણ જનારે આત્મહત્યા કરી, તેમાં આરોપીઓ દ્વારા મદદગારી કરવામાં આવેલ હતી કે કેમ? કાયદાથી એ હકીકત સ્થાપિત છે કે, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ મુજબનો ગુનો પુરવાર થવા માટે કલમ–૧૦૭ ના તત્વો પુરવાર કરવા અનિવાર્ય છે. કલમ–૩૦૬ ની જોગવાઈને કલમ–૧૦૭ ની જોગવાઈ સાથે કાળજીપૂર્વક વંચાણે લેવામાં આવે તો તેમાં અગત્યની બાબત માનસિક તત્વ છે, જેમાં મરનારને જાણીબુઝીને, ઈરાદાપૂર્વક, સ્વેચ્છાપૂર્વક, તે આત્મહત્યા કરે તેવું દુષ્પ્રેરણ કરવામાં આવેલ હોવાનું પુરવાર થાય તે અનિવાર્ય બને છે. આમાં ચઢવણી, કાવતરામાં સંડોવણી તથા ઈરાદાપૂર્વકની પ્રત્યક્ષ કે પરોક્ષ સહાય, એ ત્રણ તત્વોનો સમાવેશ થાય છે, પરંતુ એ સ્પષ્ટ છે કે, કોઈ પણ વ્યક્તિ આત્મહત્યા કરે તેવી પરિસ્થિતિનું નિર્માણ, જો અન્ય વ્યક્તિ ઈરાદાપૂર્વક કરે અને તેમ કરવામાં તેનું ધ્યેય મરનાર આત્મહત્યા કરે તેવું જ પરીણામ લાવવાનું હોય તો કલમ–૩૦૬ ના તત્વો આકર્ષાય અને જો તે સંબંધે નિઃશંક પુરાવો રજૂ થાય તો તેવા સંજોગોમાં જ આરોપીને તકસીરવાર ઠરાવી શકાય.

(૨૯.૨) **ચઢવણી કરવી** કે **કોઈ વ્યક્તિને ઉશ્કેરવી,** તે એક મનોવૈજ્ઞાનિક બાબત છે અને તે વ્યક્તિની માનસિક પ્રક્રિયાને સીધી અસર

કરે છે. કૃત્ય કરનારને કૃત્ય કરવામાં આ કારણે વેગ મળે છે અને ક્યારેક કૃત્ય કરવા વિચારતી વ્યક્તિ ઉશ્કેરણીના કારણે તે વિચારમાં દ્રઢ બનીને કૃત્ય કરવાનો નિર્ણય પણ કરી બેસે છે. **દ્રઢ મનોબળ ધરાવતી વ્યક્તિ ચઢવણીના કારણે કદાચ ન ઉશ્કેરાય, છતાં સરેરાશ વ્યક્તિનું મનોબળ કેન્દ્ર સ્થાને રાખવામાં આવેલ છે**. ઉપરોક્ત કાયદાકીય પરિસ્થિતિને અનુલક્ષીને રેકર્ડ પર આવેલ પુરાવો ધ્યાને લેવો જરૂરી છે, જેની મુદ્દાસર ચર્ચા નીચે મુજબ કરવામાં આવેલ છેઃ-

**(૩૦)** ફરિયાદ પક્ષે રજૂ કરવામાં આવેલ પુરાવાઓ આધારે નીચે જણાવેલ હકીકતો બંને પક્ષે સ્વીકૃત છે અને આ બાબતે બંને પક્ષે કોઈ તકરાર નથીઃ-

- આ કામના મરણ જનાર મુકેશભાઈ તેમના બે પુત્રો અને પુત્રવધુઓ સાથે રહેતા હતા;
- મરણ જનાર મુકેશભાઈના પત્ની બનાવ અગાઉ અવસાન પામેલ હતા અને બનાવના અરસામાં તેઓ નિવૃત્ત જીવન ગુજારતા હતા;
- બનાવના અરસામાં મરણ જનાર સમાજના જરૂરીયાતમંદ વ્યક્તિઓને આર્થિક રીતે તેમજ અન્ય રીતે મદદ કરતા હતા.

**સ્યુસાઈડ નોટનો પુરાવોઃ**-

**(૩૧.૧)** આ કામે **મરણ જનારની સ્યુસાઈડ નોટ આંક-૧૫ અને ૧૬** થી રજૂ કરવામાં આવેલ છે. આ સ્યુસાઈડ નોટ આ કામના ફરિયાદી ભાવેશભાઈ મુકેશભાઈ લોઢીયા (શાહેદ નં.૫) એ તારીખઃ ૨૮.૧૦.૨૦૧૬ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં હાલના ગુનાની ફરિયાદ નોંધાવી, ત્યારે

પોલીસ સમક્ષ રજૂ કરેલ છે, જે પંચો રૂબરૂ આંક–૧૪ ના પંચનામા અન્વયે કબજે લેવામાં આવેલ છે.

**(૩૧.૨)** ફરિયાદ પક્ષના **શાહેદ નં.૫–ફરિયાદી ભાવેશભાઈ મુકેશભાઈ લોઢીયા**નો **આંક–૨૬** નો મૌખિક પુરાવો ધ્યાને લેવામાં આવે તો, તેમણે પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, **તેમના ભાઈ નિલેશભાઈ તેમના પિતાને હોસ્પિટલે લઈ જતા હતા, ત્યારે તેમના પિતાએ નિલેશને બતાવેલ કે, આ થેલીમાં તેમના લખેલા કાગળ સ્યુસાઈડ નોટ છે, તે તેના ભાઈને આપવા જણાવેલ. આ સ્યુસાઈડ નોટ તેમણે ફરિયાદ દાખલ કરતી વખતે પોલીસને આપેલ**. આ સ્યુસાઈડ નોટ વાંચતા તેમાં લખેલ હતું કે, **"હું પારૂલબેનના કારણે સ્યુસાઈડ કરું છું"**. આ ઉપરાંત **પોલીસના કહેવાથી તેમણે તેમના પિતાએ મંત્ર અને ભજનો લખેલી નોટબુક પણ પોલીસને આપેલ**. બચાવ પક્ષ તરફેની ઊલટતપાસમાં તેમણે સ્વીકારેલ છે કે, **તેમણે ઉપરોક્ત હકીકત તેમની ફરિયાદમાં લખાવેલ નથી**.

**(૩૧.૩)** આ સંદર્ભે ફરિયાદ પક્ષના **શાહેદ નં.૬ નિલેશભાઈ મુકેશભાઈ લોઢીયા**ના **આંક–૨૯** ના મૌખિક પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, તેમણે તેમના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, **તેઓ તેમના પિતાને હોસ્પિટલ લઈ જતા પહેલાં તેમણે તેને કહેલ કે,"મારી થેલી છે, તેમાં બધી વસ્તુ છે, બધી વસ્તુ ચેક કરી લેજો"**. તેમણે વધુમાં જણાવેલ છે કે, **તેમના પિતા અવસાન પામ્યાના આશરે દસ–બાર દિવસ પછી તેના પિતાએ તેમને જે થેલીનું કહેલ, તે થેલી તેમણે તેમના મોટા ભાઈને બતાવેલ; ત્યાર બાદ તેમણે અને પરેશભાઈએ તે થેલીમાંથી જે વસ્તુ કાઢેલી, તેમાંથી તેમના પિતાની સ્યુસાઈડ નોટ વાળી ચિઠ્ઠી મળી આવેલ; તે સ્યુસાઈડ નોટ હાથ લખાણવાળી હતી અને તે અક્ષરો તેમના પિતાના હતા; સ્યુસાઈડ નોટના**

**કાગળ લીટીવાળા ચોપડાના કાગળ હતા; તે સ્યુસાઇડ નોટ તેમણે તેમના ભાઇને આપેલ; ત્યાર બાદ તેમના ભાઇએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ. તેમણે આંક-૧૫, ૧૬ અને ૧૯ જોઈને જણાવેલ છે કે, આ સ્યુસાઈડ નોટ તેમના પિતાની થેલીમાંથી તેમણે અને તેમના ભાઇએ કાઢેલ તે જ છે અને તેમાંના અક્ષરો તેમના પિતાના છે, જે તેમણે ઓળખી બતાવેલ છે.** બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાં તેમણે સ્વીકારેલ છે કે, **બનાવના દસ-બાર દિવસ સુધી તેમના પિતાજીએ જણાવ્યા મુજબની થેલીમાં શું છે, તે જોવાનું તેમને જરૂરી લાગેલ નહીં**.

**(૩૧.૪)** આમ, ઉપરોક્ત શાહેદ નં.૫ અને ૬ ના મૌખિક પુરાવાનું મૂલ્યાંકન કરતા એ હકીકત ફલિત થાય છે કે, મરણ જનારે ઝેરી દવા પી લીધા બાદ તેઓ તેમના ઘરે આવ્યા અને તેમના દીકરા નિલેશભાઈ (શાહેદ નં.૬) તેમને હોસ્પિટલે લઈ જતા હતા, તે સમયગાળા દરમ્યાન મરણ જનારે તેમની એક થેલી હોવાનું અને તેમાં બધા કાગળો હોવાનું જણાવેલ. મરણ જનારની મરણોત્તર વિધિ બાદ મરણ જનારના પુત્રો (શાહેદ નં.૫ અને ૬) નાઓએ મરણ જનારની થેલી ચેક કરતાં તેમાંથી મરણ જનારની સ્યુસાઈડ નોટ મળી આવેલ; આ સ્યુસાઈડ નોટ શાહેદ નં.૬ નાએ શાહેદ નં.૫-ફરિયાદીને આપતા, તેમણે તે સ્યુસાઈડ નોટ ફરિયાદ કરતી વખતે પોલીસ સમક્ષ રજૂ કરેલ, જે **આંક-૧૪** ના પંચનામાની વિગતે પંચો રૂબરૂ કબજે લેવામાં આવેલ છે. આ ઉપરાંત સદર પંચનામા અન્વયે મરણ જનારના કુદરતી લખાણો ધરાવતી એક નોટબુક પણ કબજે લેવામાં આવેલ. સદર પંચનામા સંબંધે ફરિયાદ પક્ષે **શાહેદ નં.૨** તરીકે તપાસેલ **પંચ પીયુષભાઈ રમણીકભાઈ રાણીંગા**એ તેમના આંક-૧૩ ના મૌખિક પુરાવામાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, **ભાવેશભાઈ (ફરિયાદી) પાસે સ્યુસાઇડ નોટના બે પાના હતા, તે તેમણે સાહેબને આપેલ; તે પાના લેમીનેશનવાળા હતા; તેમાં એક**

**પાનામાં બંને સાઈડે લખાણ અને બીજા પાનામાં એક સાઈડે લખાણ હતું; ભાવેશભાઈએ બીજી એક નોટબુક પોતાની પાસેથી આપેલ, તે નોટબુક પણ પોલીસવાળા સાહેબે કબજે લીધેલ; એ નોટબુક પણ લખાણવાળી હતી; પંચનામુ કર્યું ત્યારે તેમણે સ્યુસાઈડ નોટનું લખાણ વાંચેલ; ત્યાર બાદ પોલીસે પંચનામાનું લખાણ કરેલ, તે તેમણે વાંચેલ.** આમ, સદર શાહેદ નં.૨ ના મૌખિક પુરાવાથી તેમજ શાહેદ નં.૧૩ તપાસ કરનાર અધિકારીના મૌખિક પુરાવાથી આંક–૧૪ ના પંચનામાની વિગતોને સમર્થન પ્રાપ્ત થતું હોઈ, ફરિયાદ પક્ષ સદર આંક–૧૪ ના પંચનામાની વિગતો પુરવાર કરવામાં સફળ રહેલ છે.

**(૩૧.૫) બચાવ પક્ષ તરફે એવી રજૂઆત કરવામાં આવેલ છે કે,** ફરિયાદ પક્ષના કેસ મુજબ, મરણ જનારને તારીખઃ ૧૨.૧૦.૨૦૧૬ ના રોજ ઝેરી દવા પી આત્મહત્યા કરેલ અને મરણ જનારે અવસાન પામતા પહેલાં તેમના પુત્ર નિલેશભાઈ (શાહેદ નં.૬) ને તેમની થેલી છે, તેમાં બધી વસ્તુ ચેક કરી લેવા જણાવેલ, ત્યાર બાદ મરણ જનારની સ્યુસાઈડ નોટ આ થેલીમાંથી મળી આવેલ. આમ, મરણ જનારે તેઓ અવસાન પામ્યા અગાઉ તેમની થેલીમાં કાગળો હોવાનું જણાવેલ, તેમ છતાં મરણ જનારના પુત્રો (શાહેદ નં.૫ અને ૬) નાઓએ મરણ જનારના અવસાન બાદ આ થેલીમાં શું છે, તે અંગે તાત્કાલિક કોઈ કાર્યવાહી કરેલ નથી. સામાન્ય સંજોગોમાં કોઈ પણ વ્યક્તિ ઝેરી દવા પી આત્મહત્યા કરે, ત્યારે તેમના નજીકના સગાંસંબંધીઓ આ આત્મહત્યા માટેના કારણ, તે બાબતેના કાગળો–દસ્તાવેજોની તપાસ કરે. પરંતુ હાલના કેસમાં આવું કશું બનવા પામેલ નથી. આ કામના શાહેદ નં.૫ અને ૬ પાસે તારીખઃ ૧૨.૧૦.૨૦૧૬ થી તારીખઃ ૨૮.૧૦.૨૦૧૬ સુધી સ્યુસાઈડ નોટ હતી, આમ છતાં **તેઓએ ૧૬ દિવસ સુધી કોઈ કાર્યવાહી કરેલ નથી** અને ત્યાર બાદ તારીખઃ ૨૮.૧૦.૨૦૧૬ ના

રોજ હાલના ગુનાની ફરિયાદ નોંધાવેલ છે; આ હકીકત ધ્યાને લેતાં, શાહેદ નં.૫ અને ૬ ની વર્તણૂંક અસામાન્ય જણાય છે અને સ્યુસાઈડ નોટની સત્યતા અંગે શંકા ઉપસ્થિત થાય છે. બચાવ પક્ષ તરફે ઉપસ્થિત કરવામાં આવેલ આ બચાવના અનુસંધાને રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, એ હકીકત છે કે, તારીખઃ ૧૨.૧૦.૨૦૧૬ ના રોજ મરણ જનારની આત્મહત્યાનો બનાવ બન્યા બાદ આ કામના ફરિયાદીએ તારીખઃ ૨૮.૧૦.૨૦૧૬ ના રોજ એટલે કે બનાવના ૧૬ દિવસ બાદ હાલના ગુનાની ફરિયાદ નોંધાવેલ છે. આ સંબંધે **આંક–૨૭** થી રજૂ કરવામાં આવેલ **ફરિયાદ** વંચાણે લેવામાં આવે તો, તેમાં ફરિયાદ વિલંબથી દાખલ થવા માટે એવું કારણ જણાવવામાં આવેલ છે કે, "**આ કામે વરાછા પોલીસ સ્ટેશન અકસ્માત મોત નં.૧૮૮/૨૦૧૬, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૭૪, તારીખઃ ૧૨.૧૦.૨૦૧૬ મુજબના કામની તપાસ દરમ્યાન આગળની તપાસ અત્રેના (કાપોદ્રા) પોલીસ સ્ટેશનમાં મળતા અત્રેના પોલીસ સ્ટેશને અકસ્માત મોત નં.૧૧૨/૨૦૧૬, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૭૪ મુજબની તપાસમાં હકીકત રજૂઆત આધારે ફરિયાદ નોંધવામાં આવેલ છે**". આમ, સદર આંક–૨૭ ની ફરિયાદની વિગતો મુજબ, અકસ્માત મોતની તપાસ દરમ્યાન જણાઈ આવેલ હકીકતો આધારે હાલના ગુનાની ફરિયાદ નોંધવામાં આવેલ છે. આ સંદર્ભે **શાહેદ નં.૫ ફરિયાદી ભાવેશભાઈ મુકેશભાઈ લોઢીયા**એ તેમના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, **તેમના પિતા અવસાન પામ્યા પછી તેઓ તેમના પિતાનું ક્રિયાકર્મ કરવા માંગતા હોઈ, તેમણે બનાવની ફરિયાદ તારીખઃ ૨૮.૧૦.૨૦૧૬ ના રોજ આપેલ**. **શાહેદ નં.૬ નિલેશભાઈ મુકેશભાઈ લોઢીયા**એ તેમના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, **તેમના પિતાની અંતિમ વિધિ અને બીજા કાર્યો કર્યા બાદ, આશરે દસ–બાર દિવસ પછી તેમના પિતાએ જે થેલીનું કહેલ, તે થેલી તેમણે તેમના મોટા ભાઈ (શાહેદ નં.૫ ફરિયાદી) ને બતાવેલ; ત્યાર બાદ તેમણે અને**

**પરેશભાઈએ થેલીમાંથી વસ્તુઓ કાઢેલી, જેમાંથી તેમના પિતાની સ્યુસાઈડ નોટ વાળી ચિઠ્ઠી મળી આવેલ**. બચાવ પક્ષ તરફેની ઊલટતપાસમાં તેમણે જણાવેલ છે કે, તેમના પિતાની બધી વિધિઓ પતાવ્યા બાદ ફરિયાદ કરવાનું તેમને યોગ્ય લાગેલ. બનાવના દસ–બાર દિવસ સુધી તેમના પિતાજીએ જણાવ્યા મુજબની થેલીમાં શું છે, તે જોવાનું તેમને જરૂરી લાગેલ નહીં.

આમ, ઉપરોક્ત પુરાવાઓ પરથી એ હકીકત ફલિત થાય છે કે, હાલના ગુનાની ફરિયાદ બનાવના ૧૬ દિવસ બાદ નોંધાવવામાં આવેલ છે. પરંતુ શાહેદ નં.પ અને ૬ ના ઉપરોક્ત મૌખિક પુરાવા મુજબ, તેમના પિતાની મરણોત્તર વિધિ પત્યા બાદ તેઓએ ફરિયાદ કરવાનું જરૂરી માનેલ. સદર શાહેદોની બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાંથી એવી હકીકત રેકર્ડ પર આવે છે કે, બનાવ બાદ મરણ જનારના સગાંસંબંધીઓ મરણ જનારના ઘરે બેસવા માટે આવતા હતા અને શાહેદ નં.પ અને ૬ નાઓને તેઓ સાથે વાતચીત કરવાના પ્રસંગ બનેલા. વધુમાં સદર બંને શાહેદોએ બચાવ પક્ષ તરફેની ઊલટતપાસમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ઉપરોક્ત સમયગાળા દરમ્યાન તેઓને વકીલશ્રીને મળવાનું થયેલ નહીં. આ ઉપરાંત ઉપરોક્ત બનાવ બાદ દાખલ થયેલ અકસ્માત મોત નોંધના કામે તેઓને પોલીસ સમક્ષ નિવેદન આપવાના પ્રસંગ ઉપસ્થિત થયેલા હતા. પરંતુ આ કારણે ફરિયાદીએ સમજી–વિચારીને પૂર્વઆયોજનપૂર્વક ફરિયાદ કરેલ હોવાનું માની શકાય નહીં. વધુમાં ફરિયાદીને આરોપી સાથે કોઈ વેરભાવ, દુશ્મની કે તકરાર હોય અને તે કારણે તેમણે આરોપી વિરુદ્ધ ખોટી ફરિયાદ આપેલ હોય, તેવી કોઈ વિગત રેકર્ડ પર આવતી નથી; એટલું જ નહીં, ફરિયાદીને આરોપી વિરુદ્ધ ખોટી ફરિયાદ કરવાનું કોઈ કારણ હોવાની હકીકત પણ રેકર્ડ પર આવતી નથી. આમ, પોતાના પિતાનું આકસ્મિક અવસાન થયેલ હોય અને તેઓ તેની અંતિમ વિધિમાં રોકાયેલ હોય,

તાત્કાલિક ફરિયાદ ન કરી શક્યા હોય, તે સ્વીકારી શકાય તેવી બાબત છે. વધુમાં **શાહેદ નં.૧૦ મનોજભાઈ વિનુભાઈ લુંભાણી**એ તેમના મૌખિક પુરાવામાં બચાવ પક્ષ તરફેની ઊલટતપાસમાં જણાવેલ છે કે, **તેઓ પોલીસ સ્ટેશનમાં ત્રણ દિવસ સુધી મૌખિક રજૂઆત તથા અરજ કરવા જતા હતા, પરંતુ તેમની કોઈ ફરિયાદ લેવામાં આવતી ન હતી, તેથી તેઓ સેક્ટર-૧ સી.પી. સાહેબને રૂબરૂ મળવા ગયેલ, જેમણે તેમની ફરિયાદ સાંભળી કાપોદ્રા પોલીસને ફોન કરેલ અને સૂચના આપેલ; ત્યાર બાદ તેઓ કાપોદ્રા પોલીસ સ્ટેશને ગયેલા અને તેઓએ જણાવેલ મૌખિક હકીકત પોલીસે ટાઈપ કરી લીધેલ.** આથી ઉપરોક્ત તમામ સંજોગો ધ્યાને લેતાં, **ફરિયાદી દ્વારા બનાવના ૧૬ દિવસ બાદ ફરિયાદ કરવામાં આવેલ છે તથા મરણ જનારની સ્યુસાઈડ નોટ બાબતે શાહેદ નં.૫ અને ૬ નાઓએ તાત્કાલિક કોઈ કાર્યવાહી કરેલ નથી, તે બાબત ફરિયાદ પક્ષના કેસ માટે ઘાતક બનતી નથી.**

**(૩૧.૬)** પોલીસને મરણ જનારની સ્યુસાઈડ નોટ મળ્યા બાદ તેમાંના હસ્તાક્ષરો મરણ જનારના જ છે કે કેમ, તેની ખાતરી કરવા માટે તપાસ કરનાર અધિકારીએ મરણ જનારના કુદરતી લખાણો રજૂ કરવા માટે ફરિયાદીને જણાવતા, ફરિયાદીએ મરણ જનારે પોતાના હસ્તાક્ષરમાં લખેલ મંત્ર તથા ભજનની એક નોટબુક પોલીસ સમક્ષ રજૂ કરેલ, જે **આંક-૧૪** ના પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલ.

**(૩૧.૭)** આંક-૧૫ અને ૧૬ થી રજૂ કરવામાં આવેલ સ્યુસાઈડ નોટમાંના હસ્તાક્ષરો મરણ જનાર મુકેશભાઈના જ છે, તે હકીકત પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ દ્વારા હસ્તાક્ષર નિષ્ણાંતનો પુરાવો રજૂ કરવામાં આવેલ છે. પરંતુ તે પુરાવાની ચર્ચા કરતા અગાઉ ફરિયાદ પક્ષના અન્ય

શાહેદોનો મૌખિક પુરાવો ધ્યાને લેવામાં આવે તો, **શાહેદ નં.પ–ફરિયાદી ભાવેશભાઈ મુકેશભાઈ લોઢીયા** કે જે મરણ જનારના મોટા પુત્ર છે તેમણે તેમજ **શાહેદ નં.૬ નિલેશભાઈ મુકેશભાઈ લોઢીયા** કે જે મરણ જનારના નાના પુત્ર છે અને જેમને મરણ જનાર આત્મહત્યા કરતા અગાઉ પોતાની થેલીમાં કાગળો હોવાનું જણાવેલ, તેઓએ તેમના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, **આંક–૧૫, ૧૬ અને ૧૯ ના દસ્તાવેજોનું લખાણ તેમના પિતાએ લખેલ છે; તેમાંના અક્ષરો તેમના પિતા એટલે કે મરણ જનારના છે**. આમ, **ઉપરોક્ત શાહેદ નં.પ અને ૬ ના મૌખિક પુરાવા પરથી આંક–૧૫ અને ૧૬ ની સ્યુસાઈડ નોટ તથા આંક–૧૯ મરણ જનારના કુદરતી લખાણો ધરાવતી નોટબુક માંના હસ્તાક્ષરો મરણ જનાર મુકેશભાઈના હોવાનું ફલિત થાય છે**.

**(૩૧.૮)** **આંક–૧૫ અને ૧૬** ની સ્યુસાઈડ નોટમાંના હસ્તાક્ષરો મરણ જનાર મુકેશભાઈના જ હતા કે કેમ, તેની ખાતરી કરવા માટે સદર સ્યુસાઈડ નોટ **(આંક–૧૫ અને ૧૬)** અને મરણ જનારના કુદરતી લખાણ ધરાવતી નોટબુક **(આંક–૧૯)** હસ્તાક્ષર નિષ્ણાંતને મોકલવામાં આવેલ છે. આ સંબંધે ફરિયાદ પક્ષે **આંક–૪૮** થી હસ્તાક્ષર નિષ્ણાંતને અભિપ્રાય આપવા બાબતે લખવામાં આવેલ પત્ર, **આંક–૪૯** થી એફ.એસ.એલ. ને મુદ્દામાલ મળ્યાની પહોંચ અને **આંક–૫૦** થી એફ.એસ.એલ. નો રવાનગી પત્ર અને અહેવાલ રજૂ કરેલ છે. ફરિયાદ પક્ષ દ્ધારા **આંક–૫૦** થી રજૂ કરવામાં આવેલ એફ.એસ.એલ. અભિપ્રાય વંચાણે લેવામાં આવે તો, તેમાં એવી હકીકત જણાવવામાં આવેલ છે કે, મરણ જનારની સ્યુસાઈડ નોટને માર્ક–'D1, D2, D1/1' આપવામાં આવેલ; જ્યારે મરણ જનારના કુદરતી લખાણો ધરાવતી નોટબુકના પાનાને માર્ક–'N1 to N5, N3/1' આપવામાં આવેલ. સદર દસ્તાવેજોના પરીક્ષણના અંતે એફ.એસ.એલ. દ્ધારા નીચે મુજબ અભિપ્રાય આપવામાં આવેલ છેઃ–

O P I N I O N

The person who wrote the natural writing marked N1 to N5, N3/1 also wrote the disputed writings and signature marked D1, D2, D1/1.

**ઉપરોક્ત અભિપ્રાય અનુસાર આંક–૧૫ અને ૧૬ વાળી સ્યુસાઈડ નોટ અને આંક–૧૯ ની નોટબુક માંના હસ્તાક્ષર એક જ વ્યક્તિના છે. જેથી ઉપરોક્ત દસ્તાવેજી પુરાવાઓ આધારે એ હકીકત ફલિત થાય છે કે, આંક–૧૫ અને ૧૬ ની સ્યુસાઈડ નોટમાંના હસ્તાક્ષર મરણ જનારના જ છે.**

**(૩૧.૯) બચાવ પક્ષ તરફે એવી રજૂઆત કરવામાં આવેલ છે કે, ફરિયાદ પક્ષ દ્વારા એફ.એસ.એલ. ના હસ્તાક્ષર નિષ્ણાંતને તપાસેલ નથી. આથી દસ્તાવેજી પુરાવો રજૂ કરવા માત્રથી તેની વિગતો માની શકાય નહીં.** તેમણે તેમની આ રજૂઆતના સમર્થનમાં (1) પર્શનાથ અસ્થાના વિ. ગુજરાત રાજ્ય (સુપ્રા) તથા (2) **લલતા પ્રસાદ વિ. રાજ્ય (સુપ્રા)** ના ચૂકાદાઓ રજૂ કરેલ છે, જેમાં ઠરાવવામાં આવેલ છે કે, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–293 માં હસ્તાક્ષર નિષ્ણાંતનો સમાવેશ થતો નથી. હસ્તાક્ષર નિષ્ણાંતનો અભિપ્રાય સુસંગત છે; પરંતુ આ અભિપ્રાય રેકર્ડ પર લાવવા માટે ફરિયાદ પક્ષ દ્વારા હસ્તાક્ષર નિષ્ણાંતને શાહેદ તરીકે તપાસવા આવશ્યક છે, જો હસ્તાક્ષર નિષ્ણાંતને શાહેદ તરીકે તપાસવામાં આવેલ ન હોય તો આરોપીને શંકાનો લાભ મળવાપાત્ર છે. ઉપરોક્ત ચૂકાદાઓમાં ઠરાવવામાં આવેલ સિદ્ધાંત સાથે આ અદાલત સંપૂર્ણ સહમત છે. સદર ચૂકાદાઓના અનુસંધાને હાથ પરના કેસની વિગતો ધ્યાને લેવામાં આવે તો,

એ હકીકત સ્વીકૃત છે કે, આ કામે ફરિયાદ પક્ષ દ્વારા હસ્તાક્ષર નિષ્ણાંતને શાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી. પરંતુ શાહેદ નં.૧૩ તપાસ કરનાર અધિકારીના મૌખિક પુરાવા દરમ્યાન આંક–૫૦ થી જે એફ.એસ.એલ. ના હસ્તાક્ષર નિષ્ણાંતનો અભિપ્રાય રજૂ થયેલ છે, તેને આંકે પાડવા સામે બચાવ પક્ષ દ્વારા કોઈ વાંધો–વિરોધ ઉપસ્થિત કરવામાં આવેલ નથી. એટલું જ નહીં, સદર શાહેદની ઊલટતપાસમાં પણ આ સંબંધે કોઈ વિગતો રેકર્ડ પર લાવવામાં આવેલ નથી. આ સંજોગોમાં બચાવ પક્ષની સ્વીકૃતિને આધીન હસ્તાક્ષર નિષ્ણાંતના અભિપ્રાયને આંકે પાડી પુરાવામાં વંચાણે લેવામાં આવેલ હોઈ, બચાવ પક્ષની ઉપરોક્ત રજૂઆત ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી અને ઉપરોક્ત ચૂકાદાઓ હાલના કેસની વિગતોથી ભિન્ન હોઈ, બચાવ પક્ષને મદદરૂપ બની શકે તેમ ન હોવાનું આ અદાલતનું માનવું છે.


**(૩૧.૧૦) બચાવ પક્ષ તરફે એવો બચાવ ઉપસ્થિત કરવામાં આવેલ છે કે, આંક–૧૫ અને ૧૬ ની સ્યુસાઈડ નોટ તથા આંક–૧૯ ની નોટબુકના હસ્તાક્ષર–લખાણ મરણ જનારના જ છે, તેવું આધારભુત પુરાવાની ગેરહાજરીમાં માની શકાય નહીં**. બચાવ પક્ષ તરફેની આ રજૂઆતના અનુસંધાને રેકર્ડ પર રજૂ થયેલ પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આંક–૧૫ અને ૧૬ ની સ્યુસાઈડ નોટ તથા આંક–૧૯ ની નોટબુક આ કામના ફરિયાદી કે જે મરણ જનારના પુત્ર છે, તેમના દ્વારા રજૂ કરવામાં આવેલ છે, જે આંક–૧૪ ના પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલ છે અને આ પંચનામાની વિગતોને શાહેદ નં.૨ પંચ પીયુષભાઈ રમણીકભાઈ રાણીંગા તથા શાહેદ નં.૧૩ તપાસ કરનાર અધિકારીના મૌખિક પુરાવાથી સમર્થન પ્રાપ્ત થાય છે. એટલું જ નહીં, શાહેદ નં.૫ અને ૬ કે જે મરણ જનારના સગા દીકરાઓ છે, તેઓએ તેમના મૌખિક પુરાવામાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, આંક–૧૫, ૧૬ અને ૧૯ ના દસ્તાવેજોમાં જે લખાણ છે, તે તેમના પિતા

દ્વારા લખવામાં આવેલ છે; એટલે કે તેમાંના હસ્તાક્ષરો તેમના પિતા એટલે કે મરણ જનારના છે. બચાવ પક્ષ તરફે સદર બંને શાહેદોની લંબાણપૂર્વક ઊલટતપાસ કરવામાં આવેલ છે, પરંતુ આ લખાણ તેમના મરણ જનાર પિતાજીએ લખેલ નથી, તેવી કોઈ વિગતો રેકર્ડ પર આવતી નથી. આમ, ફરિયાદ પક્ષના પુરાવામાંથી એવી વિગતો ફલિત થતી હોય કે, આંક–૧૫, ૧૬ અને ૧૯ ના દસ્તાવેજોમાં હસ્તાક્ષર મરણ જનારના છે અને જો બચાવ પક્ષ એવી રજૂઆત કરતા હોય કે, આ દસ્તાવેજોમાં હસ્તાક્ષર મરણ જનારના નથી, તો તે બાબતે ખંડનાત્મક પુરાવો રજૂ કરવાની જવાબદારી બચાવ પક્ષ પર શીફ્ટ થાય છે. પરંતુ બચાવ પક્ષ દ્વારા આ સંબંધે કોઈ ખંડનાત્મક પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. આ સંજોગોમાં માત્ર મૌખિક રજૂઆત કરવાથી, રેકર્ડ પર રજૂ થયેલ ઉપરોક્ત દસ્તાવેજી પુરાવા કે જે યોગ્ય કસ્ટડીમાંથી રજૂ થયેલ છે, તેને પંચ શાહેદ તથા તપાસ કરનાર અધિકારીના મૌખિક પુરાવાનું સમર્થન પ્રાપ્ત થયેલ છે, તેને અવગણીને તે દસ્તાવેજોમાંના હસ્તાક્ષર મરણ જનારના નથી, તેવું માની શકાય નહીં. આ સંજોગોમાં બચાવ પક્ષની ઉપરોક્ત રજૂઆત ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**(૩૧.૧૧)** આમ, ફરિયાદ પક્ષ તરફે રજૂ કરવામાં આવેલ ઉપરોક્ત મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ પરથી **એ હકીકત પુરવાર થાય છે કે, આંક–૧૫ અને ૧૬ થી રજૂ થયેલ સ્યુસાઈડ નોટમાંના હસ્તાક્ષર મરણ જનારના જ છે અને તે બાબતે કોઈ શંકા રહેતી નથી**.

**(૩૨.૧)** **આંક–૧૫ અને ૧૬** ની **સ્યુસાઈડ નોટ**માંના હસ્તાક્ષર મરણ જનારના જ હોવાનું પુરવાર થયા બાદ, સદર સ્યુસાઈડ નોટમાં શું વિગતો લખેલ છે, તે ચકાસવી જરૂરી છે. સદર આંક–૧૫ અને ૧૬ ની સ્યુસાઈડ નોટની ઈમેજ નીચે પ્રમાણે છેઃ–

## Mark–D1




તા ૧૨-૯-૨૦૧૬
રવિવાર

Date માર્ક D1

હું મુકેશભાઈ હરજીભાઈ લોઢીયા
પાડોશી રાજુભાઈ [illegible] ને ત્યાં શ્રાવણ
[illegible] વર્ષ પહેલાં
મને [illegible] તેના કુટુંબની
વાત કરી એટલે હું તેમને મદદ કરવાની
ના પાડી તેમના [illegible] ને રૂપિયા
મેં આપેલા કુલ રૂપિયા તેમનો [illegible]
[illegible] હું કરતો હતો કુલ રૂપિયા
૨,૧૧,૦૦૦ નો હિસાબ છે અને હવે
ધમકી મારે છે અને આબરૂ ની બદનામી
કરી નાંખી મારી [illegible]
મને ખબર પડી અને [illegible]
[illegible]
તેમના [illegible] તેમને ખબર પડી
અને [illegible] તેમના [illegible]
ખબર છે હું નોકરી કરું છું અને
સમાજ માં ખોટા પાડે છે હું [illegible]
માં [illegible]
અને મને તેમની આબરૂ [illegible]
મને સમાજ માં ખોટા પાડે છે
મારા છોકરાં [illegible] છે
અને માફ કરશો [illegible]

**Mark–D2**




D-૨

Date માર્ક D-૨

પારૂલ [illegible] લેવાપાં
મે પોતે તેમના સગાં સબંધીઓ
પાસે જોયું હતો કે તે સાડીનો
ધંધો કરે છે પણ સાચું કહું પણ
નથી તેમાં થી જ [illegible] લેવાપા
હતો તે તેમના પાડોશી ને ખબર
છે જેમના રૂપીયા મે તેમને
રોકડાં આપેલ છે
અને મારી પાસે તે નિશાની છે
તે [illegible] ફોન મારીને બંધ
કરેલ છે
લી. [illegible]

## Mark-D1/1



સરળતા ખાતર ઉપરોક્ત સ્યુસાઈડ નોટની શબ્દસઃ વિગતો નીચે વર્ણવેલ છેઃ-

**Mark-D1**

"તા.૧૨.૦૯.૨૦૧૬

બુધવાર

હું મુકેશભાઈ ધીરજલાલ લોઢીયા પારૂલ અનુભાઈ રાણીંગાને ગયા શ્રાવણ મહિનાથી એટલ એક વર્ષ થઈ ગયું મને ઘરે બોલાવીને તેમણ તેનાં દુખની વાત કરી એટલ હું તેમને મદદ કરવાની હાં પાડી. તેમના મકાન માલિકને રૂપિયા મેં આપેલ કુલ રૂપિયા તેમનો ઘર ખર્ચ હું કરતો હતો. કુલ રૂપિયા ૨,૭૭,૦૦૦ નો હિસાબ છે. મને હવે ધમકી મારે છે અને અબરૂની લલામી કરી નાંખી મારી જેવા ત્રણ વેક્તીની મને ખબર પડી એક ઘેટીવાળા અશોકભાઈ કે જણે હોટલમાં લઈને તેમનો વીડીયો બનાવો તેમને ખબર પડી અને ભાવેશભાઈ તેમના બનેવીને ખબર છે, હું નીરદોસ શું. મને જમાજમાં ખોટો પાડે છે. તું કોઈને મોં બતાવાને લાઈક રહો નથી અને મને તેમની આબરૂ બચાવા મને જમાજમાં ખોટો પાડે છે. મારા છોકરાં અમાં નીરદોશ છે. મને માફ કરશો. બીજું કે ..."

**Mark-D2**

"પારૂલ રાણીંગાની આબરૂ બચાવા મેં પોતે તેમના સગાંસંબંધીઓ પાસે ખોટું બલો કે તે સાડીનો ધંધો કરે છે. પણ આવું કઈ પણ નથી. ત્રણ થી ૪ લોન લંબાયા હતો, તે તેમના પાડોશીને ખબર છે, જેમના રૂપીયા મેં તેમને રોકડાં આપેલ છે અને મારી પાસે તે લખાણ છે, તે બુક

*પીન મારીને બંધ કરેલ છે.*

*લી. મુકેશ."*

**Mark–D1/1**

*"હવે મારી જરૂર નથી.*

*અને તેની માસીનાં દીકરાં સાથે લગ્ન કરવાના છે, તે હવે ખર્ચ અને તેમનું ધાન રાખવાનો મળી ગયો, એટલે હવે મને આવી રીતે હેરાન કરે છે. હું બાઈ માણ થી કે કાઈદાથી હું હારી ગયો શું.*

*હું મજબુર છું, મને માફ કરશો.*
*ભાવેશભાઈ મને માફ કરજે.*

*લી.તારો બાપ મુકેશ*

*તેમના ફોન પારૂલનો જુનો નંબર આ પરમાણે છે, તેમાં બધી વીગત છે.*

*૯૭૩૭૬૮૨૫૧૧*

*નવો નંબર ૯૫૭૪૦૪૯૩૪૩ – તેમાં બધી વીગત હશે?*

*રસીકભાઈ વાવડીવાળાના પૈસા બાકી છે, તે બધી પારૂલને ખબર છે. તેની સાથે પણ આવું કરૂ હશે. મારી જેવા ઘણા ફશાઈ ગયા હશે તો સાહેબ પુરૂશ હરહંમેશ નબળો પડે છે, પણ હું નબળો નથી.*

*લી. મુકેશભાઈ.*

***મારા મોતનું કારણ મેં બતાવું છું, તેમને માફ નહીં કરતા.***
***પારૂલ સોની રાણીંગા"***

**(૩૨.૨)** મરણ જનારની ઉપરોક્ત સ્યુસાઈડ નોટ કાળજીપૂર્વક વંચાણે લેતાં, મરણ જનારે સ્યુસાઈડ નોટની **આખરી લાઈનમાં તેમના મોતનું કારણ આ કામના આરોપી હોવાનું અને તેમને માફ ન કરવાનું જણાવેલ છે.** આમ, મરણ જનારે આત્મહત્યા કરવા માટે મુખ્યત્વે આ કામના આરોપી જવાબદાર હોવાનો સ્યુસાઈડ નોટમાં સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે.

**(૩૨.૩)** મરણ જનારે **આંક–૧૫ અને ૧૬** ની **સ્યુસાઈડ નોટમાં** આત્મહત્યા કરવા માટે **નીચે મુજબના કારણો** જણાવેલ છેઃ–

- તેઓ આરોપીને આર્થિક રીતે મદદ કરતા હતા; તેનો ઘર ખર્ચ ઉઠાવતા હતા;
- તેમણે આરોપીના મકાન માલિકને નાણાં આપેલ;
- આરોપીના ઘર ખર્ચ માટે તેમણે ખર્ચેલ ₹૨,૭૭,૦૦૦/– નો તેમની પાસે હિસાબ છે;
- આરોપી તેમને બેઆબરૂ કરવાની ધમકી આપતા હતા;
- આરોપીએ હોટલમાં જઈને વિડીયો બનાવેલ હતો;
- આરોપી તેમને સમાજમાં ખોટા પાડે છે અને તેઓ કોઈને મોઢું બતાવવાને લાયક રહેલ નથી;
- આરોપી તેમની આબરૂ બચાવવા માટે મરણ જનારને સમાજમાં ખોટા પાડે છે;
- આરોપીની આબરૂ બચાવવા માટે આરોપી સાડીનો ધંધો કરતા હોવાની ખોટી વાત મરણ જનારે આરોપીના

સગાંસંબંધીઓને કરેલ;

- આરોપીની ત્રણ થી ચાર લોન બાકી હતી; જેની આરોપીના પડોશીને ખબર છે અને મરણ જનારે તેના રૂપિયા રોકડા આપેલ;
- આરોપી અન્ય વ્યક્તિ સાથે લગ્ન કરવાના હોવાથી તેમને હેરાન કરે છે;
- તેમણે આરોપીના જૂના તથા નવા મોબાઈલ નંબર જણાવેલ છે;
- રસીકભાઈ વાવડીવાળાના પૈસા પણ બાકી છે; આરોપી તેની સાથે પણ આવું કર્યું હશે;
- મરણ જનાર જેવા ઘણા ફસાઈ ગયા હશે;
- તેઓ બાઈ માણસથી અને કાયદાથી હારી ગયા છે, પુરુષ હંમેશા નબળો પડે છે, પરંતુ તે નબળા નથી.
- તેમના મોતનું કારણ આ કામના આરોપી છે અને તેને માફ ન કરવા જણાવેલ છે.

**(૩૨.૪) આરોપી વિરુદ્ધ મરણ જનારને આત્મહત્યા માટે કરવામાં આવેલ મદદગારી/ઉશ્કેરણી સંબંધે ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાઓ ધ્યાને લેવામાં આવે, મરણ જનારના મોટા દીકરા – ફરિયાદી– શાહેદ નં.૫ ભાવેશભાઈ મુકેશભાઈ લોઢીયા**એ તેમના આંક–૨૬ ના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, **તેમના પિતા તેઓ અવસાન પામ્યા તેના એક વર્ષ પહેલાં આરોપીના સંપર્કમાં આવેલ; આરોપીની આર્થિક સ્થિતિ ખરાબ હતી, તે બતાવવા આરોપીએ તેમના પિતાને તેમના ઘરે બોલાવેલ; આરોપી અપરિણીત હતા અને તેમના માતા–પિતા અને ભાઈ સાથે રહેતા હતા; જેથી**

**તેમના પિતાએ આરોપીને ઘરનું ભાડું ભરવા માટે પૈસા આપેલા તેમજ ઘરની ખાવાપીવાની સાધન સામગ્રી લાવવા માટે પૈસા આપેલ; તેમના પિતા આરોપીને આ રીતે પૈસા આપતા આવેલ; ત્યાર બાદ ભાવેશભાઈએ તેમના પિતાને વાત કરેલ કે, આરોપી ખરાબ સંગતવાળા છે; તેથી તેમના પિતાએ આરોપીને સહાય કરવાનું બંધ કરી દીધેલ; આરોપીના તેમના પિતા પર અવારનવાર ફોન આવતા હતા; આરોપી કહેતા હતા કે, જો તેઓ તેણીને મદદ નહીં કરે તો, તેણી તેમની આબરૂ બગાડશે અને તેમને સમાજમાં બેઆબરૂ કરશે; આ રીતે આરોપી તેમના પિતાને અવારનવાર ફોન કરી ટોર્ચર કરતા હતા; તારીખઃ ૧૨.૧૦.૨૦૧૬ ના રોજ તેમના પિતા ગુજરી ગયા, તેના એક દિવસ પહેલાં એટલે કે તારીખઃ ૧૧.૧૦.૨૦૧૬ ના રોજ તેમના પિતા જોરજોરથી બોલતા હતા કે, "તું મને હેરાન કરવાનું છોડી દે, મેં તારી મદદ કરી છે, તેનો તું આવો બદલો આપે છે";** જેથી તેમણે તેના પિતાને પૂછેલ કે, "કેમ બૂમો પાડો છો? કોનો ફોન છે?" તો **તેમના પિતાએ આરોપીનો ફોન હોવાનું જણાવેલ; તેમણે તેની સાથે વાત કરવાનું કહેતા, તેમના પિતાએ ના પાડેલ અને તેઓ રડતા રડતા ઘરેથી બહાર નીકળી ગયેલ.** તેમણે વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ બીજા દિવસે તેમના પિતાએ ટેન્શનમાં આવી આરોપીના ઘરની નીચે દવા પી લીધેલ; **તેમના પિતાએ આરોપીના ટોર્ચરથી કંટાળીને ઝેરી દવા પી લીધેલ; તેમના પિતા તેઓ ગુજરી ગયા તેના એક મહીના પહેલાંથી ટેન્શનમાં રહેતા હતા;** તેથી તેમણે તેને પુછેલ કે, "શું થયું છે? તમે કેમ ટેન્શનમાં રહો છો?" ત્યારે તેમના પિતાએ કહેલ કે, ઘરના બધા સભ્યો ભેગા થશે ત્યારે વાત કરશે; તેથી તેમણે તેમના કુંટુંબી ભાઈ સુરેશભાઈ હંસરાજભાઈ લોઢીયા તથા બનેવી મનોજભાઈ વિનુભાઈ લુંભાણી ને તેમના ઘરે બોલાવેલા; આ સમયે તેમણે તેમના પિતાને પૂછતા **તેમના પિતાએ જણાવેલ કે, "હું એક વર્ષથી**

**પારૂલબેન (આરોપી) ને મદદ કરતો આવેલ છું અને મેં તેને મદદ કરવાનું બંધ કરી દીધેલ છે, તેથી પારૂલબેન (આરોપી) મને ફોન કરી ટોર્ચર કરે છે અને મને બેઆબરૂ કરવાની ધમકીઓ આપે છે; મેં તેણીને ₹૨,૭૭,૦૦૦/- આપેલ છે; તે પૈસા તેણીની પાસે પરત માંગવા ગયેલ, તેથી તેણી મને ટોર્ચર કરે છે"**; તેથી તેમના પિતા આરોપીથી કંટાળી ગયા હતા અને તેઓને બીક હતી કે, આરોપી તેમને સમાજમાં બદનામ કરી નાંખશે. તેમણે વિશેષમાં જણાવેલ છે કે, તેઓ હિતેશભાઈ વજુભાઈ લુંભાણીને ઓળખે છે, તે તેમના સમાજના છે; આ **હિતેશભાઈએ તેમના પિતા ગુજરી ગયા ત્યારે તેમને કહેલ કે,** ***"તારા પિતાએ મને જણાવેલ કે, તારા પિતાએ પારૂલબેનની કોઈ અન્ય માણસ સાથેની વિડીયો ક્લીપ જોયેલ હતી; જે વિડીયો ક્લીપ તારા પિતાને પારૂલબેનના બનેવી ભાવેશભાઈએ તેમની દુકાન પર બોલાવીને બતાવેલ અને કહેલ કે, પારૂલબેન આ પ્રકારના ચારિત્ર્યવાળા છે".***

**બચાવ પક્ષ** તરફે કરવામાં આવેલ **ઊલટતપાસ**માં **સદર શાહેદ નં.૫ નાએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,** બનાવ પહેલાના એક મહિનાથી તેમના પિતાજી ચિંતામાં રહેતા હતા અને તેઓને ચિંતામાં જોઈને તેઓ બંને ભાઈઓને પણ ખૂબ જ ચિંતા થયેલ અને આરોપી બાબતે શરમજનક બાબત લાગેલ; **તેમના પિતાજીએ ચિંતાનું કારણ જણાવ્યા બાદ તેમને તથા તેમના સગાંસંબંધીઓને તેમના પિતાજી કોઈ ગંભીર ગુનાનો ભોગ બનતા હોય, તેવું લાગેલ**; તેમના પિતાજીએ ચિંતાનું કારણ જણાવ્યા બાદ તેમને તથા તેમના સગાંસંબંધીઓને તત્કાલ પોલીસ ફરિયાદ કરવી જોઈએ, તેવું લાગેલ, પરંતુ તેઓએ આરોપી કે અન્ય કોઈ વિરુદ્ધ કોઈ પણ પ્રકારની ફરિયાદ કરેલ નથી. **તેમણે બચાવ પક્ષના એ સૂચનનો ઈન્કાર કરેલ**

**છે કે, તેમના માતાના અવસાન બાદ તેમના પિતાજીએ આરોપી સાથે તેમનું અફેર હોવાનું અને તેણી સાથે તેઓ લગ્ન કરવાના હોવાની ખોટી હકીકત તેમના મિત્ર વર્તુળમાં કરવાનું ચાલું કરેલ.**

(૩૨.૫) ફરિયાદ પક્ષના **શાહેદ નં.૬ મરણ જનારના નાના દીકરા નિલેશભાઈ મુકેશભાઈ લોઢીયા**ના **આંક-૨૯** નો મૌખિક પુરાવો ધ્યાને લેવામાં આવે તો, તેમાં તેમણે જણાવેલ છે કે, તેમના પિતાજી તેમના સમાજના લોકોની સેવાની પ્રવૃત્તિ કરતા હતા; તેમના પિતાજી તેમના સમાજના જે લોકોને આર્થિક સંકડામણ હોય તેવા લોકોને અનાજ, પાણી કે જીવન જરૂરીયાતની વસ્તુઓ પૂરી પાડતા હતા; તેમના પિતાએ પારૂલબેનના ઘરની નીચે ઝેરી દવા પી આત્મહત્યા કરેલ. તેમણે વધુમાં જણાવેલ છે કે, **તેમના પિતાને આરોપીના બ્લેકમેલીંગના અને સમાજમાં બદનામી કરવાના ફોન આવતા હતા, તેને કારણે ટેન્શનમાં આવી આત્મહત્યા કરી લીધેલ; આરોપી તેમના સમાજના છે; તેમના પિતાએ આરોપીને સમાજના હોવાથી આર્થિક સહાય કરેલ.** તેમણે વધુમાં જણાવેલ છે કે, **તેમના પિતા ગુજરી ગયા તેના આશરે દસેક દિવસ પહેલાં તેમના પિતાએ તેમને કહેલ કે, "ભાવેશભાઇ અને અશોકભાઇએ તેમને એક વિડીયો ક્લીપ બતાવેલ છે"; તે વિડીયો ક્લીપ જોયા બાદ તેમના પિતાએ પારૂલબેનને સહાય કરવાનું બંધ કરી દીધેલ.**

**બચાવ પક્ષ** તરફે કરવામાં આવેલ **ઊલટતપાસ**માં સદર શાહેદે જણાવેલ છે કે, **બનાવના દસેક દિવસ પહેલાં એક જ વાર તેમના પિતાજીએ તેમની સાથે ખૂલીને વાત કરેલ; આ સમયે તેમને તેની ચિંતા દૂર કરવા તથા તેની ચિંતા બાબતે ફરિયાદ કરવાનું જરૂરી લાગેલ, પરંતુ તેમણે આ બાબતે કોઈ ફરિયાદ કરેલ નહીં.**

(૩૨.૬) ફરિયાદ પક્ષના શાહેદ નં.૮ **મરણ જનારના સંબંધી દિનેશભાઈ વજુભાઈ લુંભાણી**નો આંક–૩૧ નો મૌખિક પુરાવો ધ્યાને લેવામાં આવે તો, તેમના જણાવ્યા મુજબ, મરણ જનાર મુકેશભાઈ તેમના પત્નીના મામા થતા હતા; મુકેશભાઇ નિવૃત થઇ ગયેલ હતા, પરંતુ **તેમના સમાજના માણસોને આર્થિક રીતે મદદ કરતા હતા; મુકેશભાઇએ તેમના સમાજના પારૂલબેન (આરોપી) ને પણ આર્થિક રીતે મદદ કરેલ; પારૂલબેન (આરોપી) મુકેશભાઇ પાસે અવારનવાર આર્થિક સહાય માંગતા હતા, તેને કારણે મુકેશભાઇએ ઝેરી દવા પીને આપઘાત કરેલ**.

**બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાં સદર શાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આરોપી મરણ જનાર મુકેશભાઈ પાસે આર્થિક સહાય માંગતા હોવાની હકીકત બાબતે તેમને કોઈ જાતમાહિતી નથી.**

(૩૨.૭) ફરિયાદ પક્ષના **શાહેદ નં.૧૦ મરણ જનારના જમાઈ મનોજભાઈ વિનુભાઈ લુંભાણી**નો **આંક–૩૩** નો મૌખિક પુરાવો ધ્યાને લેવામાં આવે તો, તેમના જણાવ્યા મુજબ, તેમના સસરાએ આત્મહત્યા કરી લીધેલ; **તેમના સમાજના એક પારૂલબેન (આરોપી) નામની વ્યક્તિ છે, તેની અનાજ–પાણીની જરૂરીયાત તેમના સસરા તેના મરણના એક વર્ષથી પૂરી પાડતા હતા; તેમના સસરા નિવૃત્ત હતા અને તેઓ તેમના સમાજના જરૂરીયાતમંદ લોકોને અનાજ પાણીની કીટ આપતા હતા; તેમના સસરાએ જ્યારે ઝેરી દવા પીને આત્મહત્યા કરેલ, તેના એક દિવસ પહેલાં તેમના સાળા ભાવેશભાઇએ તેમને કહેલ કે, "પપ્પા છેલ્લા દશેક દિવસથી ટેન્શનમાં રહે છે, કારણ કે, તેમને કોઇ કલીપ ભાવેશભાઇ અને અશોકભાઇએ**

**બતાવેલ છે અને તે લોકોએ પપ્પાને કહેલ કે, તમે જે પારૂલબેનને મદદ કરો છો, તે પાત્ર યોગ્ય નથી, તમે તેને ઓળખતા નથી, તેથી પપ્પાએ પારૂલબેનને મદદ કરવાનું બંધ કરી દિધેલ છે"; તેમના સાળાએ તેમને એવું પણ કહેલ કે, "ત્યાર પછી પારૂલબેન અવારનવાર પપ્પાને ફોન કરીને ટોર્ચર કરે છે, માનસિક તાણ આપે છે અને હું સમાજમાં તમને બદનામ કરી નાંખીશ, તેવું પપ્પાને કહે છે"; આ વિડિયો ક્લીપ પારૂલબેન (આરોપી) વિશેની હતી, તેવું ભાવેશભાઈએ તેમને કહેલ.**

**બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાં તેમણે સ્વીકારેલ છે કે, કહેવાતી ક્લીપ અંગે કે આરોપી દ્વારા ટોર્ચર કરવામાં આવતું હોવા અંગે તેમને કોઈ જાતમાહિતી નથી; તેમના સસરા જે સમાજસેવા કરતા હતા, તેની રકમ તેના મોટા દીકરા ભાવેશભાઈ પાસેથી લેતા હતા; તેમના સસરા નિવૃત્ત હોઈ, તેની પાસે સમાજસેવા માટે કોઈ મૂડી ન હતી.**

**(૩૨.૮)** ફરિયાદ પક્ષે તપાસેલ **સ્વતંત્ર શાહેદ**નો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, **શાહેદ નં.૭ મરણ જનારના પડોશી લક્ષ્મણભાઈ દુદાભાઈ પટેલે** તેમના **આંક–૩૦** ના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, મુકેશભાઇ નિવૃત્ત જીવન ગુજારતા હતા; તેમને મુકેશભાઇને અવારનવાર મળવાનું થતું હતું; મુકેશભાઇએ વર્ષ ૨૦૧૬ માં ઝેરી દવા પીને આત્મહત્યા કરેલ; **મુકેશભાઇ ઉપર પારૂલબેન (આરોપી) ના ફોન આવતા હતા, તેને કારણે દબાણમાં આવી તેમણે પારૂલબેન (આરોપી) ના ઘરે જઇને ઝેરી દવા પી લીધેલ, તેની તેમને ખબર છે.**

**બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાં સદર શાહેદ નં.૭ નાએ સ્વીકારેલ છે કે, આરોપી દ્વારા મુકેશભાઈને કોઈ પણ જાતની હેરાનગતિ હોવા અંગે તેમને કોઈ જાતમાહિતી નથી.**

(૩૨.૯) ફરિયાદ પક્ષના **શાહેદ નં.૯ મરણ જનારના મિત્ર રણછોડભાઈ જીવરાજભાઈ ભંડેરી**ના **આંક–૩૨** ના મૌખિક પુરાવા અનુસાર, તેઓ મરણ જનાર મુકેશભાઈ ધીરૂભાઈને સને ૨૦૧૨ થી ઓળખતા હતા; મુકેશભાઈને વારંવાર મળવાનું થતું હતું; **મુકેશભાઈએ તેમને ઘણી વખત આર્થિક મદદ કરેલ; મુકેશભાઈને કોઈ બ્લેકમેલ કરતું હોવાથી તેમણે આત્મહત્યા કરેલ; મુકેશભાઈએ આત્મહત્યા કરી તેના બે દિવસ પહેલાં તેમને વાત કરેલ કે, પારૂલબેન (આરોપી) જેઓને મુકેશભાઈ આર્થિક મદદ કરતા હતા, તેમને મુકેશભાઈએ મદદ કરવાનું બંધ કરી દેતા પારૂલબેન (આરોપી) એ તેમને બ્લેકમેલ કરવાનું ચાલું કરેલ; તેમને એવું પણ જણાવેલ કે, પારૂલબેન (આરોપી) તેમને વિડીયો ક્લીપથી બ્લેકમેલ કરતા હતા; ત્યાર બાદ બીજા દિવસે મુકેશભાઈએ આત્મહત્યા કરેલ**. તેમણે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઊલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એવું બનેલ અને તેમણે તેમના પોલીસ નિવેદનમાં એવું લખાવેલ કે, ***"આજથી એક માસ પહેલાં આ મારા મરણ જનાર મિત્ર મુકેશભાઈ ધીરૂભાઈને પારૂલબેનના બનેવી ભાવેશભાઈ તથા અશોકભાઈ ઘેડીયાએ એક વિડીયો ક્લીપ બતાવેલી હોય, તે અંગે મુકેશભાઈએ આ વીડીયો ક્લીપ બાબતે મને બનાવના એક દિવસ પહેલાં વાત કરેલ અને આ વિડીયો ક્લીપના કારણે આ પારૂલબેન મને સમાજમાં મારી બેઆબરૂ કરી રહેલ હોવાથી મેં પારૂલને મદદ કરવાનુ બંધ કરી દીધેલ અને જેને કારણે પારૂલબેન મને ફોન ઉપર અવારનવાર માનસિક તાણ કરે છે અને સમાજમાં તને બદનામ કરી દઈશ, તેમ જણાવેલ છે અને હવે મારે શુ કરવું, તેના ટેન્શનમાં છુ, તેમ મને જણાવેલ"***; તેમણે વધુમાં સ્વીકારેલ છે કે, એવું બનેલ અને તેમણે તેમના પોલીસ નિવેદનમાં એવું લખાવેલ કે, ***"જે પારૂલબેને અતિશય માનસિક તાણ તેમજ આપઘાત કરવા માટેનું દુષ્પ્રેરણ કરેલ, જેના કારણે મુકેશભાઈ***

*ધીરૂભાઈએ ગઈ તારીખઃ ૧૨.૧૦.૨૦૧૬ ના રોજ પારૂલબેનના ઘર પાસે જઈ ઝેરી દવા પી જઈ આત્મહત્યા કરેલ છે, તે સિવાય બીજું કોઈ કારણ નથી".*

**બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાં સદર શાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી દ્વારા કોઈ રકમની માંગણી અંગે કે કોઈ વિડીયો ક્લીપ દ્વારા બ્લેકમેલીંગ કરવા બાબતે તેમને કોઈ જાતમાહિતી નથી.**

**(૩૨.૧૦)** ફરિયાદ પક્ષના **શાહેદ નં.૧ પંચ સુરેશભાઈ હંસરાજભાઈ લોઢીયા**એ તેમના **આંક–૧૧** ના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, **મુકેશભાઈ સમાજ સેવાનું કામ કરતા હતા, જેમાં કોઈને આર્થિક મદદ કરવી, કોઈને કોઈ કામ હોય, તેમાં મદદ કરતા વગેરે કામ કરતા હતા; આરોપીના બનેવી ભાવેશભાઈએ એક વિડીયો તેમના મોબાઈલમાં મુકેશભાઈને બતાવી કહેલ કે, "તમે પારૂલબેન (આરોપી) ને જે મદદ કરો છો, તે યોગ્ય નથી"; તેથી મુકેશભાઈએ આરોપીને મદદ કરવાનું બંધ કરી દીધેલ; મુકેશભાઈ આરોપીને પૈસા – ઘર જરૂરીયાતની સાધનસામગ્રી બધું પૂરું પાડતા હતા; આરોપી મુકેશભાઈને ફોન કરીને કહેતા હતા કે, તેમને બધી જરૂરીયાતની વસ્તુ જોઈએ છે અને મુકેશભાઈએ મદદ કરવાની ના કહેતા આરોપી મુકેશભાઈને સમાજમાં બદનામ કરી દેવાની ધમકી આપતા હતા અને ટોર્ચર કરતા હતા; ત્યાર બાદ તારીખઃ ૧૨.૧૦.૨૦૧૬ ના રોજ મુકેશભાઈએ આરોપીના ઘરની નીચે સ્વર્ગ રેસીડન્સીમાં ઝેરી દવા પી લીધેલ; તેમને આ બધી હકીકતો મુકેશભાઈના દીકરા ભાવેશભાઈએ જણાવેલ; તેમને મુકેશભાઈ સાથે વાતચીત થયેલ, ત્યારે મુકેશભાઈએ જણાવેલ કે, આરોપી તેને હેરાન કરે છે.**

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાં સદર શાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મુકેશભાઈ ધીરૂભાઈ લોઢીયા તેમના કાકા થતા હતા; તેઓ આરોપીને બનાવના આશરે બે વર્ષ અગાઉથી ઓળખે છે; તેઓ આરોપીના ઘરે એક વાર મુકેશભાઈ સાથે ગયેલ; આરોપી, મુકેશભાઈ જે સાડીઓ જોબવર્ક માટે આપતા હતા, તે બનાવવાનું કામ કરતા હતા; તેમને બનાવ પહેલાં મુકેશભાઈને રોજ મળવાનું થતું હતું; તેઓ બનાવના આગલા દિવસે મુકેશભાઈને મળેલ.

(૩૨.૧૧) આમ, ઉપરોક્ત તમામ શાહેદોના મૌખિક પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, એ હકીકત ફલિત થાય છે કે, મરણ જનાર મુકેશભાઈ સમાજના જરૂરીયાતમંદ લોકોને સહાય કરતા હતા અને તે અનુસાર તેઓ આ કામના આરોપીને આર્થિક સહાય કરતા હતા; ત્યાર બાદ મરણ જનારે આરોપીની વિડીયો ક્લીપ જોઈ, મરણ જનારે આરોપીને આર્થિક સહાય કરવાનું બંધ કરી દીધેલ, જેના કારણે આરોપી મરણ જનારને સમાજમાં બદનામ કરવાની સતત ધમકીઓ આપતા હતા અને બનાવના આગલા દિવસે પણ આરોપીએ મરણ જનારને ફોન કરી માનસિક રીતે ટોર્ચર કરેલ છે. શાહેદ નં.૫ ના મૌખિક પુરાવાથી એવી હકીકત પણ રેકર્ડ પર આવેલ છે કે, બનાવના આગલા દિવસે મરણ જનારે આરોપી સાથે ફોન પર વાતચીત કર્યા બાદ મરણ જનાર રડતા રડતા ઘરમાંથી બહાર નીકળી ગયેલ. આમ, આરોપીથી કંટાળી જઈ, મરણ જનારે આરોપીના એપાર્ટમેન્ટના પાર્કીંગમાં ઝેરી દવા પી લીધેલ અને સારવાર દરમ્યાન તેમનું મોત નીપજેલ છે. મરણ જનારે પોતાની સ્યુસાઈડ નોટમાં તેમના મોત માટે એકમાત્ર આ કામના આરોપી જ જવાબદાર હોવાનું જણાવેલ છે.

**અન્ય આનુષાંગિક પુરાવાઓઃ**

(૩૩) ફરિયાદ પક્ષના શાહેદ નં.૧૩ તપાસ કરનાર અધિકારી વિક્રમસિંહ ભારતસિંહ કોઠીયાએ તેમના આંક-૪૩ ના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદી ભાવેશભાઈ મુકેશભાઈએ તેમની સમક્ષ એક **ડી.વી.ડી. અને પેન ડ્રાઈવ** રજૂ કરેલ, જે તેમણે હાલના કામે **આંક-૪૫** થી રજૂ કરેલ છે. **સદર ડી.વી.ડી. અને પેન ડ્રાઈવના કન્ટેન્ટ અને ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી) ની જોગવાઈનું પાલન કરવાની શરતે તેને આંક આપવામાં આવેલ છે. પરંતુ ફરિયાદ પક્ષ દ્વારા સદર ડી.વી.ડી. અને પેન ડ્રાઈવના કન્ટેન્ટ સંબંધીત શાહેદના પુરાવાથી પુરવાર કરવામાં આવેલ નથી. આ ઉપરાંત આ પુરાવા સંબંધે ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી) મુજબનું કોઈ પ્રમાણપત્ર પણ રજૂ કરવામાં આવેલ નથી, એટલું જ નહીં, આ પુરાવાની એફ.એસ.એલ. મારફત ચકાસણી પણ કરાવવામાં આવેલ નથી. આ સંજોગોમાં સદર પુરાવો આરોપી વિરુદ્ધના આક્ષેપિત ગુના સંબંધે ધ્યાને લઈ શકાય તેમ નથી.**

(૩૪) આ કામે ફરિયાદ પક્ષના શાહેદ નં.૧૩ તપાસ કરનાર અધિકારી વિક્રમસિંહ ભારતસિંહ કોઠીયાએ તેમના આંક-૪૩ ના મૌખિક પુરાવા દરમ્યાન **આંક-૫૨** થી **આરોપી તથા મરણ જનારની કોલ ડીટેઈલ** રજૂ કરેલ છે. **સદર કોલ ડીટેઈલ વંચાણે લેતાં, તેમાં જણાવવામાં મોબાઈલ નંબર કઈ વ્યક્તિના નામે રજિસ્ટર્ડ હતો, કોણ તેનો ઉપયોગ કરતું હતું, તેવી કોઈ વિગતો તેમાંથી જણાઈ આવતી નથી. તપાસ કરનાર અધિકારીએ પણ આ સંબંધે કોઈ વિગતો તેમના મૌખિક પુરાવામાં જણાવેલ નથી, એટલું જ નહીં, ફરિયાદ પક્ષ દ્વારા સદર આંક-૫૨ ની કોલ ડીટેઈલ પુરવાર કરવા માટે**

**સંબંધિત સર્વિસ પ્રોવાઈડરના નોડલ ઓફિસરને પણ શાહેદ તરીકે તપાસેલ નથી તેમજ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) મુજબનું પણ કોઈ પ્રમાણપત્ર રજૂ કરવામાં આવેલ નથી. આ સંજોગોમાં સદર આંક–૫ર ની કોલ ડીટેઈલ આરોપી વિરુદ્ધના આક્ષેપિત ગુના અંગે ધ્યાને લઈ શકાય તેમ નથી.**

**(૩૫.૧) બચાવ પક્ષ તરફે એવી રજૂઆત કરવામાં આવેલ છે કે,** ફરિયાદ પક્ષના કેસ મુજબ તેમજ ફરિયાદ પક્ષના શાહેદોના મૌખિક પુરાવા દરમ્યાન રેકર્ડ પર આવેલ વિગતો મુજબ, **આરોપી વિડીયો કલીપ બનાવી મરણ જનારને બ્લેકમેલ કરતા હતા અને સમાજમાં બદનામ કરવાની ધમકી આપતા હતા, પરંતુ આવી કોઈ વિડીયો કલીપ આ કામે રેકર્ડ પર રજૂ કરવામાં આવેલ નથી તેમજ ફરિયાદ પક્ષના કોઈ પણ શાહેદે પોતે આ વિડીયો કલીપ જોઈ હોય, તેવી કોઈ વિગતો રેકર્ડ પર આવતી નથી. આ સંજોગોમાં ફરિયાદ પક્ષે આ વિડીયો કલીપની હકીકત તદ્દન ખોટી રીતે ઉપજાવી કાઢેલ છે.** બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ સદર રજૂઆતના સંદર્ભે ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવો ધ્યાને લેવામાં આવે તો, એ હકીકત સ્વીકૃત છે કે, ફરિયાદ પક્ષ દ્વારા આવી કોઈ વિડીયો કલીપ આ કામે રેકર્ડ પર રજૂ કરવામાં આવેલ નથી. આ તબક્કે ફરિયાદ પક્ષના શાહેદ નં.૧૩ તપાસ કરનાર અધિકારી વિક્રમસિંહ ભારતસિંહ કોઠીયાનો મૌખિક પુરાવો ધ્યાને લેવામાં આવે તો, તેમણે કોર્ટ દ્વારા પૂછવામાં આવેલ પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે, સદર ગુનાની તપાસ દરમ્યાન શાહેદોના મોબાઈલમાંથી આવી કોઈ કલીપ મળી આવેલ નથી. આમ, આવી કોઈ વિડીયો કલીપ રેકર્ડ પર આવેલ નથી. પરંતુ શું તે કારણે આરોપીએ ગુનો કરેલ નથી, તેવું માની શકાય? એવું બની શકે કે, મરણ જનારે આત્મહત્યા

કરતા જેના મોબાઈલ ફોનમાં આ વિડીયો કલીપ હોય, તેણે તે કલીપ ડીલીટ કરી નાંખેલ હોય. વધુમાં, આરોપી વિરુદ્ધના આક્ષેપો પુરવાર કરવા માટે વિડીયો કલીપ અનિવાર્ય નથી, પરંતુ આરોપી દ્વારા મરણ જનારને દુષ્પ્રેરણ કરવામાં આવતું હતું કે કેમ, તે બાબત જરૂરી છે. ફરિયાદ પક્ષના મુખ્ય શાહેદોના પુરાવાની ઉપરોક્ત વિગતે કરેલ ચર્ચા અને મૂલ્યાંકન મુજબ, આ કામના આરોપીએ મરણ જનારને સતત માનસિક ત્રાસ આપેલ છે, સમાજમાં બદનામ કરવાની ધમકી આપેલ છે અને બનાવના આગલા દિવસે પણ મરણ જનારને ફોન કરી ધમકી આપેલ છે. **આ સંજોગોમાં આ કામે વિડીયો કલીપ રજૂ થવા ન માત્રથી આરોપીએ મરણ જનારને આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણ કરેલ નથી, તેવું કોઈ પણ સંજોગોમાં કહી શકાય તેમ નથી; પરીણામે બચાવ પક્ષની આ રજૂઆત ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.**

**(૩૫.૨)** બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ રજૂઆત મુજબ, સદર બનાવના અનુસંધાને **સ્વતંત્ર શાહેદો મળી શકે તેમ હોવા છતાં ફરિયાદ પક્ષ દ્વારા કોઈ સ્વતંત્ર શાહેદોનો પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. ફરિયાદ પક્ષ દ્વારા જે મુખ્ય શાહેદોનો પુરાવો રજૂ કરવામાં આવેલ તે તમામ રસ ધરાવતા શાહેદો છે, આથી રસ ધરાવતા શાહેદોના પુરાવા આધારે આરોપીએ આક્ષેપિત ગુનો કરેલ હોવાનું માની શકાય નહીં. એ સ્વીકૃત છે કે, આ કામે ફરિયાદ પક્ષ દ્વારા જે મુખ્ય શાહેદોનો પુરાવો રજૂ કરવામાં આવેલ છે, તે મરણ જનારના નજીકના સગાંસંબંધીઓ છે, પરંતુ માત્ર આ જ કારણે તેઓનો પુરાવો ન માનવો જોઈએ, તેવું કહી શકાય નહીં. વધુમાં મરણ જનારને જે માનસિક ત્રાસ અને હેરાનગતિ હોય, તે મરણ જનારના નજીકના સંબંધીઓ અને મિત્રોને જ ખબર હોય અને સામાન્ય રીતે આવી બાબત કોઈ ત્રાહિત વ્યક્તિને જણાવે નહીં. વધુમાં ફરિયાદ પક્ષ દ્વારા જે મુખ્ય શાહેદોનો**

**પુરાવો રજૂ કરવામાં આવેલ છે, તે સાચો અને ભરોસાપાત્ર જણાય છે.** આ સંજોગોમાં બચાવ પક્ષ તરફેની ઉપરોક્ત રજૂઆત ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**(૩૬)** અત્રે એ હકીકત નોંધનીય છે કે, કોઈ પણ વ્યક્તિ આત્મહત્યા કરી પોતાનું જીવન ટૂંકાવતી હોય ત્યારે તે ખોટું બોલીને કોઈ નિર્દોષ વ્યક્તિને પોતાની આત્મહત્યા માટે જવાબદાર ગણાવે, તેવું માની શકાય નહીં. મરણ જનાર કે જે ૪૫ વર્ષના હતા, પરંતુ આરોપીના સતત ત્રાસ અને હેરાનગતિ કારણે તેમણે આત્મહત્યા કરવાનું પસંદ કરેલ છે.

**(૩૭)** એ હકીકત સ્વીકૃત છે કે, પ્રત્યેક વ્યક્તિ અલગ-અલગ સ્વભાવ ધરાવતી હોય છે તથા કોઈ પણ બનાવ સંદર્ભે અલગ-અલગ સંવેદના પ્રગટ કરે છે. આથી કોઈ બાબતે કોઈ વ્યક્તિનો પ્રતિભાવ સાવ હળવો હોય અથવા તો તે વ્યક્તિ તેવી બાબતને બહુ મહત્વ ન આપે કે તેવી બાબતથી તેને બહુ પીડા ન અનુભવાય, એવું બને. જ્યારે તેવી જ બાબતે અત્યંત સંવેદનશીલતા ધરાવનાર વ્યક્તિનો પ્રતિભાવ તદ્દન અલગ જ હોય અને તે આવી ઘટનાને વધુ પડતું મહત્વ આપે અને તે નાની લાગતી ઘટનાથી પણ વધારે પીડા અનુભવે તેવું પણ બને. સ્થાપિત રીતે આ બાબત દરેક વ્યક્તિની વ્યક્તિગત સંવેદનશીલતા તથા માન્યતાઓ પર નિર્ભર હોય છે. આ બાબતને કેન્દ્ર સ્થાને રાખી, રેકર્ડ પર આવેલ સ્વીકૃત બાબતોને લક્ષમાં લેવામાં આવે તો એવું માની શકાય તેમ છે કે, આરોપી દ્વારા આપવામાં આવેલ સતત ત્રાસ અને હેરાનગતિ, તેમને સમાજમાં બદનામ કરવાની આપવાતી સતત ધમકી વગેરે બાબતો એક સામાન્ય સમજ ધરાવતી આબરૂદાર વ્યક્તિ સહન ન કરી શકે.

(૩૮) આમ હોવા છતાં શું તે બાબત ભારતીય દંડ સંહિતાના પરીપ્રેક્ષ્યમાં આવે તે રીતે આ કામના આરોપીનું ગુનાહિતપણું સૂચવે છે? તે સંદર્ભે સમગ્રપણે વિચાર કરતાં આ પ્રશ્નનો જવાબ હકારાત્મક આપી શકાય તેવો પુરાવો રેકર્ડ પર છે. એ નોંધપાત્ર છે કે, મરનાર આત્મહત્યા કરે તેવું પરીણામ લાવવા, મરનાર આત્મહત્યા કરે તેના તરત પહેલાં, આ કામના આરોપીએ ઈરાદાપૂર્વક અને સ્વેચ્છાપૂર્વક એવું કોઈ કૃત્ય કરેલ હોય કે જે કારણે મરનાર માટે આત્મહત્યા કર્યા સિવાય અન્ય કોઈ વિકલ્પ ન રહે, તેવું પુરવાર કરવું ફરિયાદ પક્ષ માટે અનિવાર્ય છે. કોઈ પણ વ્યક્તિને કલમ–૩૦૬ મુજબના અન્ય વ્યક્તિને આત્મહત્યા કરવામાં મદદગારી કર્યાના ગુનામાં તકસીરવાર ઠરાવવા માટે ફરિયાદ પક્ષે અત્યંત આધારભૂત, ભરોસાપાત્ર અને ખાતરી આપે તેવા પુરાવા વડે સાબિત કરવું પડે કે, આરોપીનો ઈરાદો સામેની વ્યક્તિ આત્મહત્યા કરે તેવું પરીણામ લાવવાનો હતો અને તે માટે ભારતીય દંડ સંહિતાની કલમ–૧૦૭ ની જોગવાઈ મુજબ દુષ્પ્રેરણ કરેલ હોવાનું સાબિત કરવું પડે. આ બાબત આ કેસના નિર્ણય માટે અત્યંત નિર્ણાયક બને છે.

(૩૯) આત્મહત્યાનું કારણ માનસિક અસમતુલા છે. સતત ત્રાસ કે હેરાનગતિના કારણે કોઈ વ્યક્તિ આત્મહત્યા કરે, ત્યારે તમામ સંજોગો લક્ષ પર લેવા આવશ્યક છે. સતત ત્રાસ એવા પ્રકારનો હોય કે વ્યક્તિને ભાવિ જીવનમાં કોઈ આશા ન રહે, સતત ભય રહેતો હોય અને જીવન જીવવું કપરૂં બની જાય ત્યારે વ્યક્તિ આત્મહત્યા કરવા પ્રેરાય. આવેશ, ઉશ્કેરાટ, લાગણી નહીં, પરંતુ મહત્વની બાબત ઉભા કરવામાં આવેલા સંજોગો છે. વધુમાં મદદગારીના કિસ્સામાં ગુનો બને તે પહેલાં મદદગારની સક્રિય મદદગારી હોવી આવશ્યક છે.

**(૪૦)** ઉપર જણાવ્યા મુજબ, આરોપી મરણ જનારને સતત માનસિક ત્રાસ આપતા હતા, તેમને આર્થિક સહાય આપવાનું બંધ કરતા આરોપીએ મરણ જનારને સમાજમાં બદનામ કરવાની ધમકી આપતા હતા અને બનાવના આગલા દિવસે પણ આરોપીએ મરણ જનારને ફોન કરી ધમકી આપેલ હતી અને તે કારણે તેઓ રડતા રડતા ઘરની બહાર નીકળી ગયેલ. આમ, બનાવ અગાઉ આરોપી દ્વારા આપવામાં આવેલ સતત ત્રાસ અને હેરાનગતિના કારણે જ મરણ જનારે આત્મહત્યા કરેલ છે. આ હકીકત ભારતીય દંડ સંહિતાની કલમ–૧૦૭ માં દર્શાવ્યા મુજબ, ચઢવણી (instigation) ના આવશ્યક તત્વો પુરવાર કરે છે. ફરિયાદ પક્ષે રજૂ કરેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ અને ઉપરોક્ત ચર્ચા કરી તે પરથી એવી કોઈ હકીકત ફલિત થતી નથી કે, મરણ જનારે પોતાની નિર્બળતા, આવેગ, આવેશ, લાગણીશીલતા, ક્રોધ, નિરાશા કે સમજણના અભાવે આત્મહત્યા કરેલ છે. આથી **એ હકીકત પુરવાર થાય છે કે, આરોપી દ્વારા કરવામાં આવેલ મદદગારી (ચઢવણી –** instigation) **ના કારણે જ મરણ જનારે આત્મહત્યા કરેલ છે**.

**(૪૧.૧)** બચાવ પક્ષ તરફેના વિ.વકીલશ્રીએ (૧) **ભગીરથ વિ. મધ્યપ્રદેશ રાજ્ય (સુપ્રા)**, (૨) **ટીકા અને બીજા વિ. ઉત્તર પ્રદેશ રાજ્ય (સુપ્રા)**, (૩) **નરેન્દ્રસીંઘ અને બીજા વિ. મધ્ય પ્રદેશ રાજ્ય (સુપ્રા)** તથા (૪) **સુચંદ પાલ વિ. ફની પાલ અને બીજા**ના ચૂકાદાઓ રજૂ કરેલ છે, જેમાં ઠરાવવામાં આવેલ છે કે, ફરિયાદ પક્ષે પોતાનો કેસ પોતાના પુરાવાથી પુરવાર કરવો જોઈએ અને બચાવ પક્ષની નબળાઈ પર આધાર રાખી ફરિયાદ પક્ષનો કેસ સાબિત થયેલ માની શકાય નહીં; જ્યારે ફરિયાદ પક્ષના પુરાવામાંથી શંકા ઉપસ્થિત થતી હોય તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર

છે; વધુમાં શંકા ગમે તેટલી મજબૂત હોય, તે પુરાવાનું સ્થાન લઈ શકે નહીં; જ્યારે ફરિયાદ પક્ષના પુરાવામાંથી બે વિકલ્પો ઉપસ્થિત થતા હોય, જેમાંથી એક વિકલ્પ આરોપીના દોષિતપણા તરફ દોરી જતો હોય અને બીજો વિકલ્પ આરોપી નિર્દોષ હોવાનું સૂચવતો હોય, તો જે વિકલ્પ આરોપીની તરફેણમાં હોય, તેને ધ્યાને લેવાનો રહે છે. ઉપરોક્ત ચૂકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંત સાથે આ અદાલત સંપૂર્ણ સહમત છે અને આ કેસના નિર્ણય સમયે આ તમામ બાબતો ધ્યાને લેવામાં આવેલ છે.

(૪૧.૨) બચાવ પક્ષ તરફે **<u>ગુજરાત રાજ્ય વિ. શૈલેષભાઈ મધુભાઈ પટેલ (સુપ્રા)</u>** નો ચૂકાદો રજૂ કરવામાં આવેલ છે, જે કેસમાં વિડીયો કેસેટ પંચોની હાજરીમાં પંચનામું કરી કબજે લેવામાં આવેલ નહીં, સીલ કરવામાં આવેલ નહીં અને ખરાઈ કરવા માટે એફ.એસ.એલ. ને મોકલવામાં આવેલ નહીં. જેથી ઠરાવવામાં આવેલ કે, આવો પુરાવો ગ્રાહ્ય રાખી શકાય નહીં. હાલના કેસમાં પણ આંક–૪૫ થી જે ડી.વી.ડી. અને પેનડ્રાઈવ રજૂ કરેલ છે, તે પંચનામું કરી કબજે લેવામાં આવેલ નથી. આ ઉપરાંત તેની સત્યતા બાબતે એફ.એસ.એલ. ખાતે પરીક્ષણ કરાવવામાં આવેલ નથી. જેથી સદર પુરાવો આરોપી વિરુદ્ધના આક્ષેપોના સમર્થન માટે ધ્યાને લેવામાં આવેલ નથી.

(૪૧.૩) બચાવ પક્ષ તરફે **<u>એલ.આઈ.સી. ઓફ ઈન્ડિયા વિ. રામ પાલ સીંઘ બીસેન (સુપ્રા)</u>** નો ચૂકાદો રજૂ કરવામાં આવેલ છે. સદર ચૂકાદામાં ઠરાવવામાં આવેલ છે કે, મુખ્ય અથવા આનુષાંગિક પુરાવાથી પુરાવો પુરવાર કરવો જરૂરી છે. પુરાવો ફક્ત કોર્ટમાં રજૂ કરવાથી તેની વિગતો પુરવાર થતી નથી. સદર ચૂકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંત સાથે આ અદાલત સહમત છે અને હાલના કામે રજૂ થયેલા પુરાવાના મૂલ્યાંકન સમયે આ

બાબત ધ્યાને લેવામાં આવેલ છે.

(૪૧.૪) બચાવ પક્ષ તરફે **ગુજરાત રાજ્ય વિ. દિપક જશવંતલાલ શેઠ (સુપ્રા)** નો ચૂકાદો રજૂ કરવામાં આવેલ છે, જેમાં ઠરાવવામાં આવેલ છે કે, તપાસ કરનાર અધિકારીએ તપાસ દરમ્યાન જણાઈ આવેલ તમામ બાબતોની તપાસ કરવી જોઈએ. આરોપી દ્વારા જો કોઈ બચાવ રજૂ કરવામાં આવે તો તપાસ કરનાર અધિકારીએ તેને અવગણવો જોઈએ નહીં. હાલના કેસમાં આરોપી દ્વારા કોઈ બચાવ ઉપસ્થિત કરવામાં આવેલ હોય અને તેને તપાસ કરનાર અધિકારીએ ધ્યાને લીધેલ ન હોય, તેવી કોઈ વિગતો રેકર્ડ પર આવતી નથી. જેથી સદર ચૂકાદો બચાવ પક્ષને મદદરૂપ બની શકે તેમ નથી.

(૪૧.૫) બચાવ પક્ષ તરફે **મદન મોહન સીંઘ વિ. ગુજરાત રાજ્ય અને બીજા (સુપ્રા)** નો ચૂકાદો રજૂ કરવામાં આવેલ છે. સદર ચૂકાદાની હકીકત મુજબ, મરણ જનાર ડ્રાઈવર તરીકે કામ કરતા હતા, જેમણે આત્મહત્યા કરેલ, જેમણે ૧૫ પાનાની સ્યુસાઈડ નોટ લખેલ, જેમાં જણાવવામાં આવેલ કે, તેના બોસ ઉગ્ર સ્વભાવના છે અને સ્ટાફની હાજરીમાં તેનું અનેકવાર અપમાન કરેલ છે, જેના કારણે તે નિરાશ થઈ ગયેલ છે અને આત્મહત્યા કરેલ છે. પરંતુ આ બાબત આત્મહત્યા માટેનું દુષ્પ્રેરણ કહી શકાય તેમ નથી. આમ, તે ચૂકાદાની વિગતો અને હાલના કેસની વિગતો તદ્દન ભિન્ન છે. આ સંજોગો સદર ચૂકાદો હાલના કેસને લાગુ પાડી શકાય તેમ નથી.

(૪૧.૬) બચાવ પક્ષ તરફે **સંજુ ઉર્ફે સંજય સીંઘ સેંગર વિ. મધ્ય પ્રદેશ રાજ્ય (સુપ્રા)** નો ચૂકાદો રજૂ કરવામાં આવેલ છે, જેમાં ઠરાવવામાં આવેલ કે, આરોપીએ મરણ જનારને જા અને મરી જા, એવું કહેલ. મરણ જનારે ઝઘડાના ત્રીજા દિવસે આત્મહત્યા કરેલ, જેથી ઝઘડાના કારણે આત્મહત્યા

કરેલ, તેવું કહી શકાય નહીં. મરણ જનાર પાસે વિચાર કરવા અને પ્રતિભાવ આપવા માટે પૂરતો સમય હતો, જેથી આ બાબતને આત્મહત્યા માટેનું દુષ્પ્રેરણ કહી શકાય નહીં. સદર ચૂકાદાના અનુસંધાને હાથ પરના કેસની વિગતો ધ્યાને લેવામાં આવે તો, આરોપી મરણ જનારને બનાવ અગાઉના એક માસથી સતત ફોન કરી ત્રાસ આપતા હતા, આરોપીએ બનાવના આગલા દિવસે પણ ફોન કરી ત્રાસ આપેલ હતો, જેથી સમાજમાં બદનામીના ડરથી કંટાળીને મરણ જનારે આત્મહત્યા કરેલ છે. આ સંજોગોમાં સદર ચૂકાદાની હકીકત હાલના કેસથી ભિન્ન હોઈ, સદર ચૂકાદો બચાવ પક્ષને મદદરૂપ બની શકે તેમ નથી.

**(૪૧.૭)** બચાવ પક્ષ તરફે **ગંગુલા મોહન રેડ્ડી વિ. આંધ્ર પ્રદેશ રાજ્ય (સુપ્રા)** નો ચૂકાદો રજૂ કરવામાં આવેલ છે. જે કેસની વિગતો એવી છે કે, આરોપીએ તેના નોકર સામે ચોરીનો આક્ષેપ મૂકેલ, નોકરે આત્મહત્યા કરેલ, મરણ જનાર સામાન્ય માણસ કરતા વધુ હાઈપર સેન્સીટીવ હતા, જેથી ઠરાવવામાં આવેલ કે, આ બાબત આત્મહત્યા માટેનું દુષ્પ્રેરણ કહી શકાય નહીં. સદર ચૂકાદાની વિગતો હાલના કેસની વિગતો કરતા અલગ છે. વધુમાં હાલના કામે મરણ જનાર મુકેશભાઈ હાઈપર સેન્સીટીવ હતા, તેવી કોઈ વિગતો રેકર્ડ પર આવેલ નથી, બલ્કે તેમણે તેમની સ્યુસાઈડ નોટમાં લખેલ છે કે, પુરુષ હંમેશા નબળો પડે છે, પરંતુ તે નબળા નથી. આ હકીકત ધ્યાને લેતાં, સદર ચૂકાદો બચાવ પક્ષને મદદરૂપ બની શકે તેમ નથી.

**(૪૧.૮)** બચાવ પક્ષ તરફે (1) **એમ.મોહન વિ. રાજ્ય (સુપ્રા)** તથા **(2) હસમુખભાઈ ગોકલદાસ શાહ વિ. ગુજરાત રાજ્ય (સુપ્રા)** ના ચૂકાદાઓ રજૂ કરવામાં આવેલ છે. જેમાં ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ ના ગુના માટે કલમ–૧૦૭ માં દર્શાવ્યા મુજબ દુષ્પ્રેરણ સાબિત કરવું જરૂરી હોવાનું

ઠરાવવામાં આવેલ છે. હાલના કેસમાં આરોપી દ્વારા મરણ જનારને સતત ત્રાસ આપવામાં આવતો હતો અને સમાજમાં બદનામ કરવાની ધમકી આપવામાં આવતી હતી, બનાવના આગલા દિવસે પણ આરોપીએ મરણ જનારને ફોન કરી, ધમકી આપી, દુષ્પ્રેરણ કરેલ હતું. આ સંજોગોમાં હાલના કામે કલમ-૧૦૭ મુજબના તત્વો સંતોષાતા હોવાનું આ અદાલતનું માનવું છે.

**(૪૧.૯)** બચાવ પક્ષ તરફે (1) **શૈખ મુક્તીયાર અને બીજા વિ. આંધ્ર પ્રદેશ રાજ્ય (સુપ્રા)** નો ચૂકાદો રજૂ કરવામાં આવેલ છે. જેમાં ઠરાવવામાં આવેલ છે કે, હેરાનગતિના કારણે મરણ જનારે આત્મહત્યા કરેલ છે, તેવું ઠરાવવા આપોઆપ ધારણા બાંધી શકાય નહીં. વધુમાં ઠરાવવામાં આવેલ કે, દલીલ ખાતર આંક-૯૩ અને S1 ના લખાણમાં સામ્યતા હોવાનું માની લેવામાં આવે તો પણ, સદર બંને લખાણો મરણ જનાર દ્વારા લખવામાં આવેલ, તેવો કોઈ સબળ પુરાવો રજૂ કરવામાં આવેલ નહીં, વધુમાં સદર દસ્તાવેજો કબજે લેવા સંબંધમાં ખામીઓ અને વિસંગતતા જણાઈ આવેલ. સદર ચૂકાદાના અનુસંધાને હાથ પરના કેસની વિગતો ધ્યાને લેવામાં આવે તો, આરોપી દ્વારા મરણ જનારને કરવામાં આવતી હેરાનગતિ સંબંધે શાહેદોનો સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર આવેલ છે. વધુમાં મરણ જનારની સ્યુસાઈડ નોટ અને તેના કુદરતી લખાણ ધરાવતી નોટબુકની એફ.એસ.એલ. ના હસ્તાક્ષર નિષ્ણાંત પાસે ચકાસણી કરાવવામાં આવતા તેમાં કોઈ ખામી કે વિસંગતતા જણાઈ આવેલ નથી. શાહેદ નં.પ અને ૬ દ્વારા આ બંને દસ્તાવેજોમાનું લખાણ તેમના પિતા દ્વારા લખવામાં આવેલ હોવાનું સ્પષ્ટ જણાવવામાં આવેલ છે અને સદર લખાણમાંના હસ્તાક્ષર મરણ જનારના નથી, બલ્કે અન્ય કોઈ વ્યક્તિના છે, તેવું દર્શાવતો કોઈ ખંડનાત્મક પુરાવો પણ રેકર્ડ પર આવેલ નથી. આ સંજોગોમાં સદર ચૂકાદો બચાવ પક્ષને

મદદરૂપ બની શકે તેમ નથી.

**(૪૧.૧૦)** બચાવ પક્ષ દ્ધારા **શરદ બીરીધીચંદ શારદા વિ. મહારાષ્ટ્ર રાજ્ય (સુપ્રા)** નો ચૂકાદો રજૂ કરવામાં આવેલ છે. જેમાં ઠરાવવામાં આવેલ છે કે, રસ ધરાવતા શાહેદોના પુરાવાનું ખૂબ જ કાળજીપૂર્વક મૂલ્યાંકન કરવું જરૂરી છે. આ સિદ્ધાંતના અનુસંધાને હાથ પરના કેસની વિગતો ધ્યાને લેવામાં આવે તો, એ હકીકત છે કે, આ કામના મુખ્ય શાહેદો મરણ જનારના નજીકના સગા અથવા મિત્રો છે. પરંતુ તેઓના મૌખિક પુરાવાનું મૂલ્યાંકન કરતા કોઈ અતિશયોક્તિભરી અથવા ખોટી વિગતો રેકર્ડ પર આવતી ન હોવાનું જણાઈ આવેલ છે. વધુમાં તેઓનો પુરાવો એકસુત્રતાપૂર્ણ જણાઈ આવેલ છે.

**(૪૨)** આરોપી વિરુદ્ધ આંક–૫ થી ફરમાવવામાં આવેલ તહોમતનામું વંચાણે લેવામાં આવે તો, આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૮૩, ૩૮૪ મુજબના ગુનાના આક્ષેપ મૂકવામાં આવેલ છે. આ આક્ષેપ સંબંધે ફરિયાદ પક્ષ દ્ધારા રજૂ કરવામાં આવેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આ કામના આરોપીએ ઈરાદાપૂર્વક મરણ જનાર પાસેથી કોઈ રકમ બળજબરીથી પડાવી લીધેલ હોય, તેવી કોઈ વિગતો રેકર્ડ પર આવતી નથી. ફરિયાદ પક્ષના પુરાવામાંથી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૮૩, ૩૮૪ મુજબના આવશ્યક તત્વો પુરવાર થતા નથી. પરીણામે ફરિયાદ પક્ષ આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૮૩, ૩૮૪ મુજબનો ગુનો નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી.

**(૪૩)** આમ, ફરિયાદ પક્ષ દ્ધારા રજૂ કરવામાં આવેલા મૌખિક અને

દસ્તાવેજી પુરાવાઓનું સમગ્રપણે મૂલ્યાંકન કરતાં ઉપરોક્ત ચર્ચા કર્યા અનુસાર, મરણ જનારે આરોપીને આર્થિક સહાય કરવાનું બંધ કરી દેતાં, સમાજમાં બેઆબરૂ કરવાની સતત ધમકી આપેલ અને આરોપી દ્વારા કરવામાં આવેલ મદદગારી (ચઢવણી – instigation) ના કારણે જ મરણ જનાર મુકેશભાઈએ આત્મહત્યા કરેલ હોવાનું પુરવાર થાય છે. જેથી આંક–૫ થી ફરમાવવામાં આવેલ તહોમતનામા મુજબ, ફરિયાદ પક્ષે આરોપી વિરુદ્ધ **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬** મુજબનો ગુનો સબળ, વિશ્વસનીય, આધારભુત અને સાતત્યસભર પુરાવાથી નિઃશંકપણે પુરવાર કરેલ છે, જ્યારે ફરિયાદ પક્ષના પુરાવા આધારે આરોપી વિરુદ્ધ **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૮૩, ૩૮૪** મુજબનો ગુનો નિઃશંકપણે પુરવાર થતો નથી; જેથી ઉપરોક્ત ઉપસ્થિત **મુદ્દા નં.૧** નો નિર્ણય '**અંશતઃ હકાર**' માં આપવામાં આવે છે.

**મુદ્દા નં.૨** :–

**(૪૪)** ઉપરોક્ત મુદ્દા નં.૧ ના નિર્ણય આધારે **મુદ્દા નં.૨** લગત નીચે મુજબનો હુકમ કરવામાં આવે છેઃ–

## હુ ક મ

**૧.** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૫૮(૧) અન્વયે **આરોપી પારૂલબેન તે અનુભાઈ રાણીંગાની દીકરી,** ઉં.૩૨ વર્ષ, રહેવાસીઃ સ્વર્ગ રેસીડેન્સી, પુણાગામ, સુરત, મૂળ રહે. ઘેંટી, તા.પાલીતાણા, જિ.ભાવનગર નાને **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૮૩, ૩૮૪** મુજબના ગુનામાંથી પૂરતા અને સંતોષકારક પુરાવાના અભાવે **શંકાનો લાભ** આપી છોડી મૂકવામાં આવે છે.

૨. **આરોપી પારૂલબેન તે અનુભાઈ રાણીંગાની દીકરી**ને **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬** મુજબના ગુના સબબ **તકસીરવાર ઠરાવવામાં આવે છે.**

સજાના મુદ્દા પરત્વે પક્ષકારોને સાંભળવા મુલતવી રાખવામાં આવે છે.

સહી/–

સ્થળઃ સુરત

તારીખઃ ૧૩.૦૩.૨૦૨૫

**(રામચંદ્ર ઠાકુરદાસ વચ્છાણી)**
સત્ર ન્યાયાધીશ, સુરત
[કોડ નં.જીજે૦૦૯૧૦]

**<u>સજા અંગે સાંભળ્યા</u>.**

(૪૫) આ કામમાં સજા અંગે આરોપીને રૂબરૂ સાંભળ્યા, જ્યારે **આરોપી તરફે વિ.વકીલશ્રી એન.એમ.વઘાસીયા વતી વિ.વકીલશ્રી એમ.ડી.વોરા**ને રૂબરૂ સાંભળ્યા. તેઓની રજૂઆત એવી છે કે, આરોપી સ્ત્રી ઈસમ છે, તેમના ૭૦ વર્ષના વૃદ્ધ માતા છે, નાનો ભાઈ છે; તેઓ તમામની જવાબદારી આરોપી ઉપર છે. જેથી આરોપીની વય અને તેમના શીરે રહેલ કુટુંબની જવાબદારી ધ્યાને લઈ, આરોપીને ગુના સબબ ઓછામાં ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૪૬) જ્યારે સરકારશ્રી તરફે **વિ.એ.પી.પી. સુ.શ્રી પંચાલે** એવી રજૂઆત કરેલ છે કે, આરોપીના સતત ત્રાસ અને હેરાનગતિના કારણે મરણ જનારે આત્મહત્યા કરેલ છે. ફરિયાદ પક્ષે આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ મુજબનો ગુનો નિઃશંકપણે પુરવાર કરેલ છે. જેથી ગુનાની ગંભીરતા ધ્યાને લઈ, સમાજમાં દાખલો બેસે તે પ્રકારે આરોપીને કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા કરવા રજૂઆત કરેલ છે.

(૪૭) સજાના મુદ્દા પરત્વે બંને પક્ષના વિ.વકીલશ્રીઓને સાંભળ્યા. આ કામના આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ મુજબનો ગુનો સાબિત થયેલ છે, ત્યારે આરોપી ની વય, તેઓના શીરે રહેલ તેના કુટુંબની જવાબદારી, તેમના વિરુદ્ધના ગુનાની ગંભીરતા, સમાજ વિરોધી ગુનાનો પ્રકાર તેમજ સમાજ પર પડનારી અસર વગેરે તમામ પાસાઓ ધ્યાને લઈને સજા અંગે હુકમ કરવો ન્યાયોચિત જણાય છે.

(૪૮) ઉપરોક્ત તમામ વિગતો ધ્યાને લઈ, આ પ્રકરણના ન્યાયી નિર્ણય માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છેઃ–

## આખરી હુકમ

૧. **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૫૮(૨)** અન્વયે અન્વયે **આરોપી પારૂલબેન તે અનુભાઈ રાણીંગાની દીકરી, ઉ.૩૨ વર્ષ, રહેવાસીઃ સ્વર્ગ રેસીડેન્સી, પુણાગામ, સુરત, મૂળ રહે. ઘેંટી, તા.પાલીતાણા,** જિ.ભાવનગર નાને **ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૬** મુજબના ગુના સબબ **૭ (સાત) વર્ષની સખ્ત કેદની સજા** અને **₹૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પૂરા) નો દંડ** ફરમાવું છું. જો આરોપી દંડની રકમ ભરવામાં નિષ્ફળ જાય તો **ભારતીય ન્યાય સંહિતાની કલમ-૮(૩)** અન્વયે વધુ **૧ (એક) માસ** ની **સાદી કેદની સજા** કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૪૬૮** ની જોગવાઈ મુજબ, આરોપી જેટલો સમય કાચા કામના કેદી તરીકે જેલમાં રહ્યા હોય, તેટલો સમય તેમને સજામાં મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામના આરોપી હાલના ગુનાના કામે જામીન ઉપર મુક્ત થયેલા હોઈ, તેમના જામીનખત રદ કરી તેમને તાત્કાલિક કસ્ટડીમાં લેવા હુકમ કરવામાં આવે છે.

૪. સદર ગુનાના કામે કબજે લેવામાં આવેલ તમામ મુદ્દામાલ બિનકિંમતી હોઈ, **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૪૯૮** અનુસાર અપીલ સમય પૂરો થયા બાદ તેનો નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૫. **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૦૪(૧)** ની જોગવાઈ મુજબ, આ ચૂકાદાની એક નકલ આરોપીને વિના મૂલ્યે સત્વરે પૂરી પાડવી.

૬. **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૦૬** અન્વયે આ હુકમની **સોફ્ટ કોપી ઈમેઈલના માધ્યમથી** જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરત શહેરને મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

આ ચૂકાદો આજરોજ તારીખઃ **૧૩મી** માહે **માર્ચ**, સને **૨૦૨૫** ના રોજ સુરત મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સહી/–

સ્થળઃ સુરત
તારીખઃ ૧૩.૦૩.૨૦૨૫

**(રામચંદ્ર ઠાકુરદાસ વચ્છાણી)**
સત્ર ન્યાયાધીશ, સુરત
[કોડ નં.જીજે૦૦૯૧૦]

DPP